



પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૪-૪-૨૦૨૪, બુધવાર
વર્ષઃ ૧૩, અંકઃ ૩૯

94266 72303
@abtakmedia

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

www.abtakmedia.com
@abtak.media

Price Rs. : 4 Address : RASHTRIYA SHALA RD, RAJKOT 0281- 246 1234, 2460 999 abataknews@gmail.com








## સમતા-સહનશીલતા-સહૃદયતાના ત્રિવેણી સંગમના તીર્થ સ્વરૂપા સ્વ.શ્રી જશવંતીબાને પાંચમી પૂણ્યતિથિએ આદરભીની અંજલી!

"મોંઢે બોલુ માં ત્યાં સાચે જ બાળપણ સાંભરે પછી મોટપની મજા મને કડવી લાગે કાગડા"



"માં" શબ્દનો ઉદગાર થતાની સાથે જ સાતેય કોઠે આહલાદક ટાઢકનો અનુભવ થાય છે. "માં" એક શબ્દ નથી પરંતુ સંપૂર્ણ સંસાર છે. માતાની હયાતી ગમે તે સ્થાન પર પહોચી ચૂકેલી વ્યકિત માટે હુંફ આપનારી રહે છે. જયારે માતાની સદેહ હયાતી નથી હોતી ત્યારે જીવનમાં કયારેય ન પુરી શકાય તેવો ખાલીપો સર્જાય જાય છે.

મહેતા પરિવાર પ્રેમનું શિતળ ઝરણુ સદાકાળ વરસાવનાર શ્રી જશવંતી બાની આજે પાંચમી પૂણ્યતિથી છે. પાંચ-પાંચ વર્ષના વહાણા વિતી ગયા હોવા છતા આજે પણ પૂ. જશવંતી બા પરિવારના તમામ સભ્યો પર પ્રેમ અને અવિરત કૃપા વરસાવી રહ્યા હોય તેઓ અહોભાવ થઈ રહ્યો છે.

ખરેખર-દુષ્પ્રતિકારૌ માતા-પિતરૌ અર્થાત માતાપિતાનાં ઉપકારનો બદલો વાળવો દુષ્કર જ નહિ પણ અશકય છે. માતા એ જન્મ આપી આ દુનિયા બતાવી, પિતાએ લાડકોડથી ઉછેર કર્યો, સંસ્કારનું સિંચન કર્યું ને પા.પા. પગલી ભરતા અહીં સુધી પહોંચાડયા.

દેહમાંથી દેહ, જીવમાંથી જીવ અને અપેક્ષા વિના પારાવાર સ્નેહ આપ્યો. માત્ર જન્મદાત્રી જ નહિ, પણ જીવનદાત્રી ને સંસ્કારદાત્રી હતા (૧) કરૂણામૂતિ (૨) સમતા મૂર્તિ (૩) સહન શીલતાની મૂર્તિ હતા શ્રી જશવંતી બા !

માદરેવતન ખોરાણા પૂણ્યશાળી પિતાશ્રી દૂર્લભજીભાઈ તથા મમતાળુ માતુશ્રી દેવકુંવરબેન-વખારીયા પરિવારમાં આ પૂણ્યશાળી આત્માએ જન્મ ધારણ કર્યો. હસતુ ખીલતું પ્રભાવશાળી મુખડું જોઈ બાલિકાનું નામ રાખ્યું જશવંતી ! યથા નામ તથા ગુણા... જાણે જશવંતી નામ પ્રમાણે જશે....જશ....ને જશ જ... યશનામ કર્મનો ઉદય... પનોતી પુત્રીના પગલે લક્ષ્મીનું પણ આગમન થયું. પાંચ ભાઈઓ અને પાંચ બહેનોમાં સૌથી મોટા માતા પિતાનું પ્રથમ સંતાન હતું તેથી ખૂબ જ લાડ કોડથી ઉછેર થયો. એ સમયે પણ માતા જયારે સ્નાન કરાવે ત્યારે પાણીમાં અતર નાંખતા... નિત નવા દાગીના પહેરાવે, વાંકાનેર મોસાળમાં છ ધોરણનો અભ્યાસ કર્યો. યુવાનીના ઉંબરે પહોંચતા પડધરી શ્રી શાંતિભાઈ ઓધવજી મહેતાની સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સાસરે પણ બહોળો પરિવાર પણ પાણીમાં સાકરની જેમ સહુ સાથે મીઠાશપૂર્વક ભળી ગયા.

સમજણ-સહનશીલતાને જતું કરવું તેમનો જન્મસિધ્ધ મંત્ર હતો અને ગમે તેવા કપરા સંયોગોમાં પણ હસતુ રહેવું, ખમી ખાવું તેમના જીવનનો ટ્રેડમાર્ક હતો.

જાણે સમત્વયોગના ધારક. નાના મોટા દરેકનું જતું કરવું ને સમજણનો દીપક જીવનઘરમાં અખંડ જલતો હતો, તે દીપકનો પ્રકાશ માત્ર મહેતા કે વખારીયા જ પરિવારમાં નહિ પરંતુ જે તેના સહવાસમાં આવતા તે દરેકના જીવનમાં ઉજાસ ફેલાવતો હતો.

*દિવ્યાત્મા-દિવ્ય પ્રેમલતાનો મૂર્તિ જશવંતી બા ને મહેતા પરિવારની દિવ્યાંજલી... ભાવાંજલી... સ્મરણાંજલી... આપશ્રી દિવ્યલોકથી અમારા ઉપર સદા આશિષવૃષ્ટિ વરસાવતા રહેશોજી એજ પુણ્યતિથિએ મંગલભાવના !*

### લદાખની કુદરતી આફતો ભારત માટે 'સોનેરી' સવાર સર્જશે!

# લદાખના પેટાળમાં ધરબાયેલ ભુ-ઉષ્મીય ઉર્જા ભારત માટે એનર્જીનો જબરદસ્ત સ્ત્રોત બની જશે



## ઠંડા અને વેરાન પ્રદેશની નીચે છુપાયેલા છે ગરમ પાણીના ઝરણા, સરકાર પુગા વિસ્તારમાં ઉનાળામાં ડ્રિલીંગ કરી પહેલો જિયોથર્મલ પાવર પ્રોજેક્ટ બનાવવા સજ્જ

અબતક, નવી દિલ્હી

ઠંડી અને વેરાન હોવાના કારણે લદાખ જે કુદરતી આફતનો પ્રદેશ કહેવાય છે તે હવે સોનેરી સવાર સર્જશે. કારણકે અહી પેટાળમાં ગરમ પાણીના ઝરણા આવેલા છે. અહીં સરકાર ઉનાળામાં જિયોથર્મલ પાવર પ્રોજેકટ સ્થાપીને વીજળી ઉત્પન્ન કરવા સજ્જ બની છે.

જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાએ દેશમાં લગભગ ૩૪૦ જીઓથર્મલ ગરમ પાણીના ઝરણાંની ઓળખ કરી છે. કેટલાક મોટા જિયોથર્મલ હોટસ્પોટ્સમાં લદ્દાખમાં પુગા વેલી અને ચુમાથાંગ, મહારાષ્ટ્રમાં જલગાંવ, ઉત્તરાખંડમાં તપોવન, હિમાચલ પ્રદેશમાં મણિકરણ અને છત્તીસગઢમાં તત્તાપાનીનો સમાવેશ થાય છે. લદ્દાખમાં પુગા ખાતે ભારતનો પ્રથમ ભૂઉષ્મીય પ્રોજેક્ટ રાજ્યની માલિકીની ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન દ્વારા સંચાલિત છે. અનિયંત્રિત પાણીના જથ્થાનો સામનો કર્યા પછી કંપનીને ૨૦૨૨ સુધીમાં મધ્યમાં ડ્રિલિંગ છોડી દેવાની ફરજ પડી હતી. હવે તેઓ આ ઉનાળામાં એક નવું ડ્રિલિંગ અભિયાન શરૂ કરવાની યોજના ધરાવે છે. પુગામાં ઓછામાં ઓછા ૧ મેગાવોટની ક્ષમતા સાથે પાવર

(અનુ. આઠમા પાને)

### ભૂ-ઉષ્મીય ઊર્જા શું છે?

જિયોથર્મલ ઊર્જા એ પૃથ્વીની સપાટીની નીચે સંગ્રહિત ગરમીમાંથી મેળવવામાં આવતી નવીનીકરણીય ઊર્જાનો એક પ્રકાર છે. આ ગરમી પૃથ્વીની રચના અને ખનિજોના કિરણોત્સર્ગી સડો દ્વારા ઉત્પન્ન થાય છે. "સક્રિય" જીઓથર્મલ વિસ્તારોમાં, આ ગરમી ગરમ પાણી અથવા વરાળ ઉત્પન્ન કરે છે જેનો ઉપયોગ વીજળી ઉત્પન્ન કરવા માટે ટર્બાઈન ચલાવવા માટે થઈ શકે છે. આ જ વરાળનો ઉપયોગ ઈમારતો, ખેતરો અથવા ગરમ પૂલ ભરવા માટે થઈ શકે છે, જે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બની શકે છે.

### જિયોથર્મલ ઊર્જાના ફાયદા શું છે?

**૧. સ્વચ્છ અને નવીનીકરણીય ઉર્જાઃ** જીયોથર્મલ ઊર્જા અશ્મિભૂત ઇંધણની તુલનામાં ન્યૂનતમ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જન ઉત્પન્ન કરે છે. તે એક નવીનીકરણીય સંસાધન છે, કારણ કે પૃથ્વીની અંદરની ગરમી કુદરતી પ્રક્રિયાઓ દ્વારા સતત ભરાય છે. પૃથ્વીમાંથી કાઢવામાં આવેલ ગરમ પાણી તેની ગરમીનો ઉપયોગ કર્યા પછી તેને ફરીથી જળાશયમાં પમ્પ કરવામાં આવે છે.

**૨. બેઝલોડ વીજળીઃ** પવન અને સૌર જેવા અન્ય નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતોથી વિપરીત, જીઓથર્મલ પાવર પ્લાન્ટ ૨૪/૭ કામ કરી શકે છે, ગ્રીડને ટેકો આપવા માટે બેઝલોડ વીજળી પ્રદાન કરે છે.

**૩. લાંબા ગાળાની ખર્ચ બચતઃ** જયારે ભૂ-ઉષ્મીય સંસાધનો વિકસાવવા માટેનું પ્રારંભિક રોકાણ નોંધપાત્ર હોઈ શકે છે, અશ્મિભૂત ઇંધણ-આધારિત ઉર્જા સ્ત્રોતોની સરખામણીમાં સંચાલન ખર્ચ પ્રમાણમાં ઓછો છે.

### જિયોથર્મલ ઊર્જાના ગેરફાયદા શું છે?

**૧. મોટો ખર્ચઃ** ડ્રિલિંગ અને જીઓથર્મલ સંસાધનોના વિકાસના પ્રારંભિક ખર્ચ નોંધપાત્ર હોઈ શકે છે.

**૨. ભૂસ્તરશાસ્ત્રીય જોખમોઃ** ભૂ-ઉષ્મીય ઊર્જા કાઢવામાં પૃથ્વીના પોપડામાં ડ્રિલિંગનો સમાવેશ થાય છે, જે ભૂકંપ સંબંધી પ્રવૃત્તિ અથવા હાઈડ્રોજન સલ્ફાઇડ જેવા હાનિકારક વાયુઓના પ્રકાશન જેવા ભૂસ્તરશાસ્ત્રીય જોખમો પેદા કરી શકે છે. જો કે, આ જોખમો ઓછા છે.

**૩. કુવાઓની મર્યાદિત આયુષ્યઃ** સમય જતાં, જળાશયમાંથી ગરમી નષ્ટ થવાને કારણે ભૂઉષ્મીય કુવાઓની ઉત્પાદકતા ઘટી શકે છે. આને વધારાના કુવાઓ ડ્રિલિંગની જરૂર પડી શકે છે.

**૪. પાણીનો ઉપયોગ અને દૂષિતતાઃ** જીઓથર્મલ પાવર પ્લાન્ટને ઠંડકના હેતુ માટે મોટાભાગે (અનુ. આઠમા પાને)

### વિશ્વ આખામાં એશિયા ખંડને ગ્લોબલ વોર્મિંગે સૌથી વધુ પ્રભાવિત કર્યું

# ૨૦૨૩માં કુદરતી આફતોને લઈને ૯૦ લાખ લોકો પ્રભાવિત થયા

## ભારતમાં ૨૦૨૩માં હવામાનને લગતી દુર્ઘટનાઓમાં ૨૩૭૬ લોકોના મોત નિપજ્યા, જેમાં સૌથી વધુ ૧૨૭૬ લોકોના વીજળી પડવાથી મોત થયા

અબતક, નવી દિલ્હી

સમગ્ર વિશ્વમાં ક્લાઈમેટ ચેન્જની અસર થઈ રહી છે, પરંતુ વર્લ્ડ મેટોલોજીકલ ઓર્ગેનાઈઝેશનનું કહેવું છે કે એશિયાઈ દેશો ક્લાઈમેટ ચેન્જથી સૌથી વધુ પ્રભાવિત થઈ રહ્યા છે. આ કારણોસર, એશિયા વર્ષ ૨૦૨૩ માં વિશ્વમાં આફતોથી સૌથી વધુ પ્રભાવિત ક્ષેત્ર રહ્યું. ગયા વર્ષે એશિયામાં પૂર અને ચક્રવાતને કારણે મોટી સંખ્યામાં લોકોએ જીવ ગુમાવ્યા હતા અને આર્થિક નુકસાન સહન કરવું પડયું હતું. વર્લ્ડ મીટીરોલોજીકલ ઓર્ગેનાઈઝેશને એશિયાઝ ક્લાઈમેટ-૨૦૨૩ નામનો રિપોર્ટ જાહેર કર્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે ઉત્તર-પશ્ચિમ પ્રશાંત મહાસાગરમાં પાણીનું તાપમાન રેકોર્ડ સ્તરે વધી રહ્યું છે, આર્કટિક ક્ષેત્રમાં પણ દરિયાઈ ગરમીના મોજાઓ ફંકાઈ રહ્યા છે. વિશ્વ હવામાન સંસ્થાના મહાસચિવ સેલેસ્ટે સાઉલોએ કહ્યું કે વર્ષ ૨૦૨૩ એશિયાના ઘણા દેશોમાં રેકોર્ડ ગરમ હતું. આ સાથે પૂર, દુષ્કાળ, તોફાન અને ગરમ પવનની અસર જોવા મળી હતી. ક્લાઈમેટ ચેન્જના કારણે એશિયામાં આફતોની ઝડપ અનેકગણી વધી ગઈ છે. જે આપણા સમાજને આર્થિક નુકશાન,

(અનુ. આઠમા પાને)

### એક ચૂંટકી સિંદૂર કી કિંમત તુમ ક્યાં જાનો મોદી સાહેબ!!!

# દેશ માટે મારા મમ્મીએ મંગળસૂત્રની શહાદત વ્હોરી છેઃ પ્રિયંકા

## કોંગ્રેસ સત્તામાં આવશે તો મહિલાઓના મંગળસૂત્ર પણ છીનવી લેશે તેવા વડાપ્રધાનના નિવેદન સામે પ્રિયંકા ગાંધી વ્રાડાનો વળતો પ્રહાર



અબતક, નવી દિલ્હી

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ મંગળવારે વડાપ્રધાન પર વળતો પ્રહાર કર્યો હતો. બેંગલુરુ રેલીમાં પ્રિયંકાએ કહ્યું કે બે દિવસથી એવું કહેવામાં આવી રહ્યું છે કે કોંગ્રેસ તમારી પાસેથી તમારું મંગળસૂત્ર અને તમારું સોનું છીનવી લેવા માંગે છે. દેશની આઝાદી બાદ ૫૫ વર્ષ સુધી કોંગ્રેસની સરકાર હતી, પરંતુ તે પછી કોઈએ કોઈનું સોનું કે મંગળસૂત્ર છીનવ્યું ન હતું.મારી માતાનું મંગળસૂત્ર આ

(અનુ. આઠમા પાને)

### 'મોંઘીદાટ' દવાઓની ભલામણ કરતા ડોક્ટરો ઉપર લગામ ક્યારે?

# બાળકો અને વૃધ્ધોને ગેરમાર્ગે દોરતી જાહેરાતો ઉપર રોક ક્યારે?: સુપ્રીમ

## રાજ્ય સરકારો પાસેથી કંપનીઓએ કરેલી ભ્રામક જાહેરાતો સામે લીધેલા પગલાંની માહિતી માંગતી સુપ્રીમ, ૭મેએ આગામી સુનાવણી



અબતક, નવી દિલ્હી

પતંજલિની ભ્રામક જાહેરાતનો કેસ હવે સુપ્રીમે જાહેર હિતનો ગણીને ઐતિહાસિક વળાક આપ્યો છે. વધુમાં ભ્રામક જાહેરાત મુદ્દે સુપ્રીમે ભારે નારાજગી દર્શાવી બાળકો અને વૃદ્ધોને ગેરમાર્ગે દોરતી જાહેરાતો ઉપર રોક ક્યારે લાગશે તેવો સરકારને સવાલ પૂછ્યો છે. આ સાથે રાજય સરકારો પાસેથી કંપનીઓએ કરેલી ભ્રામક જાહેરાતો સામે લીધેલા પગલાંની માહિતી માંગી છે અને હવે ૭મેએ આગામી સુનાવણી હાથ ધરવામાં આવશે.

બાબા રામદેવની પતંજલિ આયુર્વેદ કંપની દ્વારા ખોટા દાવાના પ્રચારના કેસની સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન પર પણ ટિપ્પણી કરી હતી. એલોપેથી ડોક્ટરોનો ઉલ્લેખ કરતા કોર્ટે કહ્યું કે તમારા ડોક્ટરો પણ મોંઘી અને બિનજરૂરી દવાઓને પ્રોત્સાહન આપે છે. બેન્ચે તીક્ષ્ણ શબ્દોમાં કહ્યું કે, 'જ્યારે તમે કોઈની તરફ આંગળી ચીંધો છો, ત્યારે ચાર આંગળીઓ પણ તમારી તરફ જ કરવામાં આવે છે.' વધુમાં બેન્ચે કહ્યું, 'તમારા ડોક્ટરો પણ એલોપેથિક ક્ષેત્રમાં મોંઘી દવાઓને પ્રોત્સાહન આપે છે. જો આવું થઈ રહ્યું છે તો તમને પ્રશ્ન કેમ નથી કરતા.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો તમે નૈતિકતાની વાત કરો છો તો તમારે તમારી જાતને પણ જોવાની જરૂર છે, એલોપેથી ડોક્ટરો પણ દર્દીઓને મોંઘી અને બિનજરૂરી દવાઓ લખી આપે છે. કોર્ટે કહ્યું, 'આઈએમએ પણ અનૈતિક પ્રથાઓ અપનાવતી હોવાની ફરિયાદો મળી છે.' એટલું જ નહીં, આ દરમિયાન સુપ્રીમ કોર્ટે પતંજલિ આયુર્વેદ સિવાય અન્ય એફએમસીજી કંપનીઓનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે તેઓ પણ તેમના ઉત્પાદનો વિશે ખોટા દાવા કરે છે. કોર્ટે કહ્યું કે આવા ઉત્પાદનોની જાહેરાતો છે, જેનો ઉપયોગ નાના બાળકો, શાળાએ જતા બાળકો અને વરિષ્ઠ નાગરિકો પર નકારાત્મક અસર કરે છે.

કોર્ટે કહ્યું કે આ મામલામાં તમામ રાજયોના લાયસન્સ ઓથોરિટીને પણ પક્ષકાર બનાવવામાં આવે. આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પણ સમન્સ પાઠવ્યું હતું અને ભ્રામક જાહેરાતોના મામલામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી કાર્યવાહી કરી તેનો અહેવાલ રજૂ કરવા જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું, 'હવે અમે બધું જોઈ રહ્યા છીએ. નવજાત શિશુઓ, બાળકો અને મહિલાઓને લગતા ઉત્પાદનોને લઈને ગેરમાર્ગે દોરવામાં આવે છે. કોર્ટે કહ્યું કે કેન્દ્ર સરકારે આ મામલે જાગવું જોઈએ.

વાસ્તવમાં, ઈન્ડિયન મેડિકલ એસોસિએશને બાબા રામદેવ અને પતંજલિ વતી એલોપેથિક મેડિકલ સિસ્ટમને નિશાન બનાવવા અને તેમની કોરોનિલ દવા વિશે ભ્રામક દાવા કરવા વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. એસોસિએશને કહ્યું કે બાબા રામદેવની કંપનીની દવાઓને લઈને ભ્રામક દાવા કરવામાં આવી રહ્યા છે. આ સિવાય એલોપેથી વિરુદ્ધ પ્રચાર ચાલી રહ્યો છે અને બાબા રામદેવ પોતે પણ તેમાં સામેલ છે. ગયા વર્ષે પતંજલિએ કહ્યું હતું કે અમે ખોટા દાવાઓને પ્રોત્સાહન આપીશું નહીં. પરંતુ આ વર્ષે કોર્ટને જાણવા મળ્યું કે પતંજલિએ કોર્ટમાં નિવેદન


## એક મચ્છર આદમીકો 'હીજડા' બના દેતા હૈ


# નાનુ એવું 'મચ્છર' વર્ષે સાત લાખ લોકોને ભરખી જાય છે


**પૃથ્વી પર માનવસૃષ્ટિ કરતા જીવસૃષ્ટિ વધુ : આજે પણ દર વર્ષે ઘણા જીવો એવા જોવા મળે છે કે, જે અગાઉ ક્યારેય જોયા ન હોય : ગોબ્લિન શાર્ક વિશ્વની સૌથી પ્રાચીન જીવો માની એક ગણાય**

### પૃથ્વી પર ચિત્ર-વિચિત્ર જીવજંતુઓ જોઇને તમો અચરજ પામી જશો : મકોડા અને કરચલાનાં મિક્સ બ્રીડ જંતુને જાપાની સ્પાઈડર કરચલો કહે છે : દુનિયામાં સૌથી ખરાબ દેખાવ વાળુ જીવ 'ધબ્બા માછલી' ઓસ્ટ્રેલિયાના દરિયામાં જોવા મળે છે

### અમુક જીવો આપણા નખ જેવડા તો અમુક માઈક્રોસ્કોપની મદદથી જોવા પડે તેટલા સૂક્ષ્મ હોય છે : વિશ્વમાં દર વર્ષે વીછીના કરડવાથી ૪૦૦૦, કિસિંગ બગ્સ ના ડંખથી ૧૦૦૦૦, કુતરાનાં કરડવાથી હડકવાને કારણે ૬૦૦૦૦, અને કોબ્રા સાપના કરડવાથી દોઢ લાખ લોકોના મૃત્યુ થાય છે







મચ્છરએ વિશ્વનો સૌથી ખતરનાક જીવ છે. વીંછી, કિસિંગ બગ્સ, શ્વાન, સાપ જેવા ઘણા નાનકડા જીવથી દર વર્ષે વિશ્વમાં લાખો લોકો મૃત્યું પામે છે. પૃથ્વી પર સાવ નાનકડા ઘણા ઝેરી જીવનું અસ્તિત્વ છે. પાક પર લાગતી જીવાતના નિયંત્રણ માટે કેટલાક જંતુ ખૂબ જ ફાયદાકારક સાબિત થયા છે.એશિયામાં ૨૦૦૮ માં કસાવામાં મિલિબગ નામનો રોગ આવ્યો ત્યારે, આ નાના જીવે દેશનાં અર્થતંત્રને બચાવ્યું હતું.

આ પૃથ્વી ઉપર માનવ વસ્તીની સાથે નાના-મોટા જીવજંતુની પ્રજાતિ સાથે આંગણાના પશુ, પંખીને જંગલોમાં જંગલી પ્રાણીઓ પણ વસવાટ કરે છે. આ જીવસૃષ્ટિ આદીકાળથી મનુષ્યની સાથે જ રહે છે. સૃષ્ટિમાં ઘણા નાનકડા જીવો ખૂબ જ ખતરનાક ઝેરી હોય છે. સિંહ કે વાઘ નહી પણ આ નાનકડા જીવ માનવીના મોતનું કારણ બને છે , જેનું સૌથી સરળ ઉદાહરણ મચ્છર છે, જેના કારણે વિશ્વમાં લાખો લોકોના મૃત્યું છે. માનવ વસ્તી કરતાં આ જીવસૃષ્ટિની વસ્તી વધુ છે, પણ તેઓ જમીનની પોલાણમાં કે અવાવરૂ જગ્યા, તળાવો, નદી, નાળા સાથે ગાઢ જંગલોમાં તેમનું જીવન વ્યતીત કરતાં હોવાથી આપણને બહું સંખ્યામાં દેખાતા નથી.



**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦


આજે પણ જીવ વિજ્ઞાનીઓને દર વર્ષે એવા ઘણા જીવો જોવા મળે છે, જે પ્રથમવાર જોવા મળતાં હોય મતલબ કે જીવ સૃષ્ટિ મોટી અને રહસ્યમય છે. ઘણા સાવ નાના જીવના એક માત્ર ઝેરી ડંખથી માનવનું મૃત્યું થાય છે. જેમાં વીંછી, સાપ, કિસિંગ બગ્સ જેવા જીવો મોખરે છે.

મચ્છર વિશ્વનો સૌથી ખતરનાક જીવ છે જેના કરડવાથી વિશ્વમાં દર વર્ષે ૭ લાખથી વધુ લોકો મૃત્યું પામે છે. વીંછીની વિવિધ પ્રજાતિઓ



પૃથ્વી પર જીવે છે. જેમાં અમુક ખૂબ જ ઝેરી હોવાથી તે મોટા જાનવરોને પણ મોતને ઘાટ ઉતારી શકે તેવી તેની ક્ષમતા હોય છે. માનવીને વીંછી કરડવાથી દર વર્ષે એવરેજ ૪ હજાર લોકોના મૃત્યું આજે પણ થાય છે. એક વંદા આકારનું કિસિંગ બગ્સ નામનું નાનકડું જીવ જે પણ ખતરનાકના લીસ્ટમાં આવે છે, તેનાથી ચગાસ નામનો રોગ થાય છે. આ બગ્સ રાત્રે સુતી વખતે વિશેષ કરડતું હોય કે ડંખ મારતું હોય છે, જેને કારણે વિશ્વમાં ૧૦ હજાર લોકો મૃત્યું પામે છે. સામાન્ય રીતે શ્વાન લગભગ બધે જ જોવા મળે છે તેના બાઈટથી હડકવા નામનો રોગ થાય છે, જો કે તેની રસી આવી ગઈ હોવા છતાં દર વર્ષે કૂતરા કરડવાથી ૬૦ હજારથી વધુ લોકો મૃત્યું પામે છે. આપણે બધા જાણીએ છીએ સાપની વિવિધ પ્રજાતિઓમાં ઝેરી અને બીન ઝેરી એમ બે વિભાગ છે. ક્રોબા જેવા ઝેરી સાપો ખૂબ જ જોખમી હોય છે. તમામ જાતી જોખમી નથી પણ, ઝેરી કોબ્રા સાપ કરડવાથી વિશ્વમાં દોઢ લાખ લોકો દર વર્ષે મૃત્યું થાય છે.

વિશ્વ સૃષ્ટિમાં મચ્છર જેટલું જોખમી કોઇ નથી તે માનવીના મોતના કારણમાં ટોચના સ્થાને છે. સિંહ, વાઘ કરતાં પણ તે ખતરનાક જોવા મળે છે. સૌથી ખતરનાક જીવમાં તેની ગણના થાય છે. તેનું આયુષ્ય માત્ર ૨૪ કલાકનું હોવા છતાં તેને કારણે સરેરાશ સાડા સાત લોકો દર વર્ષે મૃત્યું પામે છે. તેના કરડવાથી મેલેરિયા, ડેન્ગ્યૂ અને ચિકન ગુનિયા જેવા રોગો થાય છે. નાના ઉડતા જીવોમાં રોગો ફેલાવવાની પણ ક્ષમતા હોય છે.

આપણાં પૃથ્વી ગ્રહ ઉપર ઘણા નાના નવિનત્તમ કીટાણું, જીવજંતુઓ રહે છે જેને, ઘણીવાર આપણે પણ પ્રથમવાર જોતા હોય છીએ. ૦.૧૨ થી ૦.૧૪ મી.મી. ઘણાં નાનકડા જીવજંતુ, ચિત્ર-વિચિત્ર જીવો વિશે આપણે ઘણું જાણતા પણ નથી હોતા. પરોપજીવી ભમરી, સાવ નાના દેડકા સાથે કીડી, મકોડો કે માંકડ કરતાં પણ નાના જીવો આ સૃષ્ટિ પર અસ્તિત્વ ધરાવે છે. ઘણા જીવો પર્યાવરણના રક્ષણ માટે ઉપયોગી પણ છે.

આપણને ઘણીવાર પ્રશ્ન થાય કે આવડા નાનકડા જીવ કેટલું જીવતાં હશે ? જવાબમાં આપણે થોડી રસપ્રદ માહિતી જાણીએ. વિશ્વમાં સાઉથ આફ્રિકામાં સૌથી વધુ જોવા મળતા ગિનીપીગનું વજન માત્ર ૭૦૦ થી ૧૨૦૦ ગ્રામ હોય છે, અને તે માત્ર ૪ થી ૮ વર્ષ જીવે છે. ઊંદર પ્રજાતિના આ જીવ ઘણાં રોગોનો કારક પણ બને છે. શોધ-સંશોધનમાં ઊંદરનો પ્રયોગશાળામાં વધુ ઉપયોગ થાય છે. ભોળું સસલું વિશ્વમાં બધે જ વિવિધ પ્રજાતિમાં જોવા મળે છે. જે ૮ થી ૧૨ વર્ષનું આયુષ્ય ભોગવે છે. તેના મૃત્યુંનું સામાન્ય કારણમાં માદા સસલામાં આંતરિક કેન્સર વધુ જોવા મળે છે. મચ્છર માત્ર ૨૪ કલાક જીવતું એક ઉડતું નાનકડું જીવજંતુ છે તેથી તેને એક દિવસનો કિડો પણ કહેવાય છે.

આપણી રહેણીકરણી બદલાતા, મકાનોની રચના બદલતાં હવે ઘરોમાં ઊંદર પહેલા કરતા ઓછા જોવા મળે છે. તેને ભોણ કરવા જમીન પણ ઓછી થતાં તે દૂર ચાલ્યા ગયાનું જાણવા મળે છે. તેનું આયુષ્ય માત્ર એક વર્ષ હોય છે. ચાર પાંખવાળા ડ્રેગન ફ્લાઈને ઉડતા બધાએ જોયા હશે, પણ બહુ ઓછાને ખબર હશે કે તે માત્ર ૪ મહિના જ જીવે છે. આપણાં ઘરોમાં મીઠી વસ્તુંઓ માખીનો હુમલો હોય છે. ગંદકી પર માખી બેસીને ઘણા જીવાણું અને જીવજંતુ એક જગ્યાએથી બીજી જગ્યાએ વહન કરીને ઘણા રોગો ફેલાવે છે. ગ્રામ્ય વિસ્તારોમાં જોવા મળતા કાચિંડાની પણ ઘણી પ્રજાતિઓ સાથે નાના કે મોટા કદના જોવા મળે છે, પહાડી વિસ્તારો વધુ જોવા મળતા કાચિંડાનો ખોરાક જ નાના જીવજંતુઓ હોય છે.

વિશ્વમાં કે આ પૃથ્વી પર ઘણા નાના જીવજંતુને પ્રાણીઓ પણ જોવા મળે છે જેમાં અમુક તો આપણા નખ જેવડાં હોય છે, જેને જોઇને આપણે દંગ રહી જાય છીએ. માત્ર ૦.૪ નો નાનકડો દેડકો સાઈબેરીયામાં જોવા મળે છે, ઉત્તરી ગોળાર્ધમાં તે વધુ જોવા મળે છે. કાચિંડાને આપણે તેના રંગ પરિવર્તનને કારણે ઓળખીએ છીએ, તે એક પ્રજાતિમાં માત્ર એક ઇંચનો જોવા મળે છે. ૨૦૧૨ માં માડાગાસ્કરમાં આ જોવા મળેલો હતો. આફ્રિકામાં આની થોડી મોટી પ્રજાતિની સાઈઝ ૨.૪ થી ૩.૧ ઈંચ સુધી જોવા મળે છે. પક્ષી પ્રજાતિમાં વિશ્વમાં સૌથી નાનું હમિંગબર્ડ કે મેલી સુગાહેસે જે સામાન્ય રીતે ૨ ઈંચનું જોવા મળે છે. દેખાવમાં સુંદર લાગતા આ બર્ડ ક્યુબામાં વિશેષ જોવા મળે છે. નાના જીવજંતુની વાતમાં ગરોળી પણ આવે છે જેની અમુક પ્રજાતિ તો ફક્ત ૩ ઈંચની જોવા મળે છે, જો કે આ પ્રજાતિ માત્ર ટાન્ઝાન્યિામાં જ જોવા મળે છે. માડાગાસ્કર ટાપુ ઉપર ઘણા નાના જીવો જોવા મળે છે, જેમાં ઊંદરની એક નાનકડી પ્રજાતિ છે જે ફક્ત ૩.૬ ઈંચની હોય છે. રાત્રિના જ ખોરાક માટે બહાર નીકળતી પ્રજાતિ એકલે હાથે શિકાર કરવાની ક્ષમતા ધરાવે છે. નિશાચર માઉસલેમરની એક પ્રજાતિની ૩ થી ૬ ઈંચ જોવા મળે છે. સાપનું નામ સાંભળતા જ ડર લાગે છે પણ, વિશ્વનો સૌથી નાનો સાપ જે વેસ્ટ ઈન્ડિઝના બાર્બાડોઝ ટાપુ પર જોવા મળે છે તે સાપની એવરેજ લંબાઈ ૪.૧ ઈંચ જેટલી જ હોય છે. વિશ્વનું સૌથી નાનકડું વાંદરૂ સેબુયેલા પિગમેઆ છે, તે વાનર જેવું દેખાય છે. અમેરિકાના વરસાદી વાતાવરણમાં વિશેષ જોવા મળે છે, જેની લંબાઈ ફક્ત ૮.૩ ઈંચ જોવા મળે છે. જેને વામન ફાનસ પણ કહેવાય છે. આ ખૂબ જ ઊંડા પાણીમાં રહે છે. પિગ્મી સસલા પણ ૯ થી ૧૧ ઈંચના અમેરિકામાં જોવા મળે છે.

### અજબ ગજબ માઈક્રોસ્કોપી ઝોમ્બી-૨૦ ડીગ્રી તાપમાનમાં પણ જીવિત રહે છે !!

૫૦ મિલિયન વર્ષોથી પૃથ્વીના જળચર વિસ્તારોમાં ઝોમ્બીઓ રહે છે. આ જંતુ એટલા નાના છે કે તેને માઈક્રોસ્કોપથી જ જોઇ શકાય છે. તેના જેવા જીવ પેદા કરવા તેને કોઇ સાથીની જરૂર પડતી નથી અને તે ૨૦ ડીગ્રી તાપમાનમાં જીવિત રહી શકે છે. આર્કટિકના વિશ્વના સૌથી ઠંડી જગ્યામાં એક નાનકડા જીવ શોધ્યા, જે ખાધા પીધા વગર ૨૪ હજાર વર્ષોથી ઠંડી કબરમાં દફનેલો જોવા મળેલ હતા, આગળના ભાગમાં વાળનો ગુચ્છો જોવા મળે છે.

### પૃથ્વી પરનાં આ આઠ વિચિત્ર જીવ જોઇને તમે ચોંકી ઉઠશો !

આ પૃથ્વી ચિત્ર-વિચિત્ર જીવજંતુઓ અને પ્રાણીઓથી ભરેલી છે, ઘણીવાર આપણે તેને જોઇ જાય તો આપણે ચોંકી ઉઠીએ છીએ. ઘણા જીવજંતુઓ આપણે ક્યારેય જોયા હોતા નથી. ઓસ્ટ્રેલિયાના રણમાં જોવા મળતું થોર્ની ડેવિલ જંતુના દર પાસે બેસીને તેની લાંબી જીભથી પોતાનું પેટ ભરે છે. દરિયામાં ચાલવાવાળી માછલી જે મેક્સિકોમાં જોવા મળે છે, તે તરવાની જગ્યાએ ચાલીને જાય છે. વિજ્ઞાનીકોના મત મુજબ તે માછલી નથી પણ, દેડકાની પ્રજાતિ છે. જાપાનમાં મળતો મકોડા જેવો કરચલો બંનેનું મીક્સબ્રિડ છે. જાપાની તેને સ્પાઈડર કરચલો કહે છે જે ૧૬ ઈંચનો હોય છે અને ૧૫૦ ફૂટ ઊંડા પાણીમાં રહે છે. ઓસ્ટ્રેલિયાના દરિયામાં જોવા મળતી ગોબ્લિન શાર્કને વિશ્વની સૌથી પ્રાચિન જીવોમાંની એક માનવામાં આવે છે, જે ફક્ત માછલી જ ખાય છે. ગેકો નામની ગરોળી તેની લાંબી પૂંછડી માટે જાણીતી છે. દરિયામાં એક ફૂટ લાંબો જાયન્ટ આઈસોપોડ રહે છે, જે માત્ર માંસ જ ખાય છે. બિલાડી જેવી આંખો ધરાવતું રાત્રે પણ સ્પષ્ટ જોય શકે છે. ઓસ્ટ્રેલીયાના દરિયામાં જોવા મળતી અને દુનિયામાં સૌથી ખરાબ દેખાવવાળું જીવ ધબ્બા માછલી છે, જેનો દેખાવ ભલે વિચિત્ર હોય પણ કોઇને નુકશાન નથી કરતી. આયે-આયે નામના ટચુકડા વાંદરાની પ્રજાતિની આંગળીઓ ખૂબ જ લાંબી હોવાથી , તે હમેંશા ઝાડ પર જ નિવાસ કરે છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૪-૦૪-૨૦૨૪ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (બસ એક ચાન્સ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (સ્મોક્ડ પનીર લબાબદાર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.સંજય દેસાઈ)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (બાયોમડીકલ વેસ્ટ કેટલો જોખમી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (કાન નાક સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ અંક વિજ્ઞાન પ્રગતિનું સરનામું
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૦૯:૩૦ સમાચાર
૦૯:૩૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**તારીખ ૨૫-૦૪-૨૦૨૪ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પ્ર. મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજવાળી

## રાજકોટ માર્કેટ યાર્ડ

### શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૧૬૦ | ૩૫૦ | ૬૫૦ |
| લીંબુ | ૨૭૦ | ૨૦૦૦ | ૨૯૦૦ |
| સાકરટેટી | ૮૫ | ૩૦૦ | ૫૦૦ |
| તરબુચ | ૪૩૪ | ૧૮૦ | ૩૩૦ |
| બટેટા | ૨૧૦૦ | ૩૫૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૩૫૦૦ | ૮૦ | ૨૯૦ |
| ટમેટા | ૪૧૯ | ૧૧૦ | ૩૨૦ |
| સુરણ | ૧૧૩ | ૧૦૦૦ | ૧૩૫૦ |
| કોથમરી | ૩૧૯ | ૨૨૦ | ૩૫૦ |
| સકરીયા | ૯૨ | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૬૦ | ૧૬૦ | ૩૦૦ |
| કોબીજ | ૪૭૦ | ૧૨૦ | ૨૨૦ |
| ફલાવર | ૩૬૦ | ૨૫૦ | ૪૮૦ |
| ભીંડો | ૩૩૦ | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૩૫૪ | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૮૨ | ૭૦૦ | ૧૨૦૦ |
| ટીંડોળા | ૭૦ | ૬૦૦ | ૯૫૦ |
| દુધી | ૪૩૦ | ૧૪૦ | ૩૦૦ |
| કારેલા | ૧૬૦ | ૩૦૦ | ૫૫૦ |
| સરગવો | ૨૫૦ | ૩૪૦ | ૫૨૦ |
| તુરીયા | ૨૪૬ | ૪૦૦ | ૭૦૦ |
| પરવર | ૮૯ | ૭૫૦ | ૯૫૦ |
| કાકડી | ૨૧૫ | ૨૦૦ | ૪૫૦ |
| ગાજર | ૨૪૦ | ૧૪૦ | ૨૬૦ |
| વટાણા | ૮૪ | ૧૦૫૦ | ૧૫૦૦ |
| ગલકા | ૭૮ | ૨૦૦ | ૪૫૦ |
| બીટ | ૭૪ | ૧૫૦ | ૨૮૦ |
| મેથી | ૧૦૫ | ૨૫૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૩૧૦ | ૧૫૦ | ૩૦૦ |
| આદુ | ૨૨૯ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મરચા લીલા | ૨૪૦ | ૩૦૦ | ૬૦૦ |
| લસણ લીલું | ૯૦ | ૩૬૦૦ | ૪૨૦૦ |
| મકાઈ લીલી | ૧૯૦ | ૨૦૦ | ૩૦૦ |
| ગુંદા | ૭૯ | ૩૦૦ | ૬૫૦ |

### અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૨૬૦૦ | ૧૩૦૦ | ૧૫૬૧ |
| ઘઉં લોકવન | ૧૨૦૦ | ૪૮૦ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૫૮૦૦ | ૪૯૬ | ૫૫૯ |
| જુવાર સફેદ | ૮૦ | ૬૫૦ | ૭૯૦ |
| જુવાર લાલ | ૪ | ૭૫૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૮૦ | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૭૦ | ૩૯૦ | ૪૫૬ |
| તુવેર | ૮૦૦ | ૧૫૦૦ | ૨૩૮૬ |
| ચણા પીળા | ૦ | ૧૦૯૦ | ૧૨૧૦ |
| ચણા સફેદ | ૦ | ૧૬૫૦ | ૨૨૮૦ |
| અડદ | ૧૫ | ૧૫૦૦ | ૨૦૦૯ |
| મગ | ૨૫૦ | ૧૪૫૨ | ૨૦૫૪ |
| વાલ દેશી | ૧૦૦ | ૧૧૦૦ | ૨૦૫૦ |
| વાલ પાપડી | ૫૦ | ૧૬૦૦ | ૨૧૫૧ |
| ચોળી | ૨ | ૨૭૦૦ | ૨૯૦૧ |
| મઠ | ૧૦૦ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| વટાણા | ૭૦ | ૧૧૧૦ | ૧૬૭૫ |
| સીંગદાણા | ૨૦ | ૧૫૭૫ | ૧૬૫૦ |
| મગફળી જાડી | ૧૮૦૦ | ૧૧૨૦ | ૧૨૯૩ |
| મગફળી જીણી | ૧૮૦૦ | ૧૧૧૦ | ૧૨૪૫ |
| અળશી | ૨ | ૭૦૦ | ૭૦૦ |
| તલી | ૫૦૦ | ૨૦૦૦ | ૨૭૦૭ |
| સુરજમુખી | ૫ | ૬૫૧ | ૬૫૧ |
| એરંડા | ૮૨૫ | ૧૦૧૦ | ૧૧૧૦ |
| અજમો | ૧૮ | ૯૦૦ | ૨૨૦૦ |
| સુવા | ૪૮ | ૯૯૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૨૨૦ | ૮૭૬ | ૮૯૦ |
| સીંગફાડા | ૪૨૫ | ૧૧૫૦ | ૧૫૨૫ |
| કાળા તલ | ૨૫ | ૨૯૫૦ | ૩૧૭૫ |
| લસણ | ૬૫૦ | ૧૨૮૦ | ૩૦૫૦ |
| ધાણા | ૭૦૦ | ૧૨૫૦ | ૧૭૫૧ |
| મરચા સુકા | ૨૦૦ | ૮૦૦ | ૨૫૦૦ |
| ધાણી | ૫૦૦ | ૧૩૫૦ | ૨૦૨૧ |
| વરીયાળી | ૧૮૦૦ | ૧૧૦૦ | ૧૪૪૦ |
| જીરૂ | ૪૫૦ | ૩૬૨૫ | ૪૩૫૦ |
| રાય | ૧૮૦ | ૧૧૪૦ | ૧૩૬૦ |
| મેથી | ૧૦૦૦ | ૯૫૦ | ૧૩૦૦ |
| ઈસબગુલ | ૨૮ | ૧૩૦૦ | ૨૧૦૦ |
| અશેરીયો | ૨ | ૧૧૦૦ | ૧૩૫૦ |
| કલોંજી | ૧૦૦ | ૩૩૦૦ | ૩૭૨૧ |
| રાયડો | ૪૫૦ | ૮૭૦ | ૯૮૪ |
| રજકાનું બી | ૧ | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ગુવારનું બી | ૨૦ | ૧૦૧૧ | ૧૦૧૧ |

## અબતક પંચાગ

### તા.૨૫-૪-૨૦૨૪ ગુરૂવાર

**વિક્રમ સંવત** ૨૦૮૦ **શાલીવાહન શકિ**: ૧૯૪૫
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૪
**તિથી** ચૈત્ર વદ એકમ વિછુડો રાત્રે ૮થી
**નશ્રત્ર** વિશાખા
**યોગ** વ્યતિપાત **કરણઃ** તૈમિલ
**સુર્યોદય** ૬.૨૧ **સુર્યાસ્તઃ** ૭.૧૦
**ચંદ્ર રાશી** તુલા રાત્રે ૮ કલાકેથી વૃશ્ચિક
**રાશિ અક્ષર** ૨.ત/ન.ય
**દિશાશૂળ** દક્ષિણ દિશાતરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૯ થી ૧.૧૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૯ | ૫ | | | | |
| | | ૪ | ૭ | | | | ૫ | ૩ |
| ૬ | ૮ | | | ૩ | ૨ | | | |
| ૩ | | ૨ | | ૪ | | ૯ | | |
| | ૧ | | | ૯ | | | | |
| ૭ | ૫ | | ૨ | | ૮ | | | |
| | | ૩ | ૧ | | | ૮ | ૯ | ૭ |
| | ૪ | | | ૭ | | | | ૨ |
| | ૭ | ૬ | | ૨ | | ૧ | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૧૩૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૩ | ૬ | ૭ | ૫ | ૨ | ૧ | ૪ |
| ૬ | ૪ | ૧ | ૯ | ૨ | ૩ | ૭ | ૮ | ૫ |
| ૫ | ૭ | ૨ | ૧ | ૮ | ૪ | ૯ | ૬ | ૩ |
| ૩ | ૮ | ૯ | ૨ | ૪ | ૧ | ૫ | ૭ | ૬ |
| ૪ | ૨ | ૭ | ૫ | ૬ | ૮ | ૩ | ૯ | ૧ |
| ૧ | ૬ | ૫ | ૩ | ૯ | ૭ | ૮ | ૪ | ૨ |
| ૭ | ૩ | ૮ | ૪ | ૫ | ૬ | ૧ | ૨ | ૯ |
| ૯ | ૧ | ૪ | ૭ | ૩ | ૨ | ૬ | ૫ | ૮ |
| ૨ | ૫ | ૬ | ૮ | ૧ | ૯ | ૪ | ૩ | ૭ |

## આજનું રાશિફળ

**તા. ૨૪.૪.૨૦૨૪ બુધવાર, સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ એકમ, સ્વાતિ નક્ષત્ર, સિદ્ધિ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ તુલા (ર,ત) રહેશે.**

**મેષ (અ,લ,ઈ)** : જાહેરજીવનમાં સારું રહે,યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય,શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ)** : સવાર બાજુ નો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓ થી સાવધ રહેવું,વધુ વિશ્વાસે ના ચાલવું.

**મિથુન (ક,છ,ઘ)** : સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.

**કર્ક (ડ,હ)** : જમીન-મકાન-વાહન સુખ સારું રહે,આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.

**સિંહ (મ,ટ)** : સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક મળે,મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ )** : બેન્ક બેલેન્સ વધારી શકો,નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબત માં સારું રહે.

**તુલા (ર,ત)** : તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય, સિફત થી કામ લેવું ગુસ્સા માં આવી નિર્ણયો ના કરવા સલાહ છે .

**ધન (ધ,ભ,ફ,ઢ)**: સગા સ્નેહી મિત્રો થી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.

**મકર (ખ,જ)** : વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**કુંભ (ગ,સ,શ )** : ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારો થી સારું રહે, લાભદાયક દિવસ.

**મીન (દ,ચ,ઝ,થ)**: અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય,ધાર્યા કામ પાર પાડી શકો.

## મીનમાં મંગળ રાહુ યુતિ સમુદ્રમાં મોટી દુર્ઘટનાનું સૂચન કરે છે

મંગળ મહારાજ મીન રાશિમાં પહોંચી ચુક્યા છે જ્યાં રાહુ સાથે અંગારક યોગની શરૂઆત થઇ ચુકી છે. મંગળ રાહુ અંગારક યોગ વૈશ્વિક રીતે અનેક વિધ્વંસક પરિણામ આપવામાં સક્ષમ છે! હાલની યુદ્ધની સ્થિતિમાં આ યોગ બળતામાં ઘી હોમવાનું કામ કરશે વળી વધુને વધુ હથિયારોનો પ્રયોગ થતો જોવા મળે તો ભૂકંપ, સુનામી અને જવાળામુખી સક્રિય થવાની ઘટનાઓ ચાલુ રહે જે વિષે હું અત્રે લખી ચુક્યો છું તો મીન રાશિ સમુદ્ર ની રાશિ હોય મોટી ઘટનાઓ સમુદ્રમાં બનતી જોવા મળે સબમરીન તૂટવાની કે બગડવાની ઘટના આવે વળી સમુદ્રી જહાજોને અંતરવાની ઘટના અને તેના માટે ઓપરેશન થતા સામે આવે તો કોઈ ને કોઈ રીતે સમુદ્રી જીવને હાનિ પહોંચતી જોવા મળે યુદ્ધની બાબતો અને ડ્રગ્સની હેરફેર સમુદ્ર રસ્તે વધુ થાય આ સમયમાં સેનાએ સામેના કાવતરા સામે આવે અને આતંકી સંગઠનો વધુ સક્રિય થતા જોવા મળે મંગળ રાહુ છળ કપટ અને કાવતરા દર્શાવે છે તો બે દેશ વચ્ચેનો સંઘર્ષ ચરમસીમા એ જોવા મળે વળી પાડોશી દેશોમાં પણ આ પ્રકારની સ્થિતિ જોવા મળે. મારા વર્ષોના અનુભવમાં મેં જોયું છે કે આ પ્રકારના ગ્રહમાન હોય ત્યારે કેન્સરના વધુ કેઈસ સામે આવતા જોવા મળે છે વળી કોઈ કોઈ જગ્યા એ સપ્લાય ચેન ડિસ્ટર્બ થતી જોવા મળે અને આયાત નિકાસ પર અને શેરબજાર પર પણ અસર પડતી જોવા મળે વળી મુદ્રા સ્થિતિમાં પણ મોટા ફેરફાર જોવા મળે!ખાસ કરી ને મત્સ્ય ઉદ્યોગ,ફિશરીઝને લગતી બાબતો, મત્સ્ય વિભાગ તેને લગતા શેરમાં ફેરફાર જોવા મળે!




જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

## તંત્રી લેખ

# ભ્રામક જાહેરાતો અત્યારે મોટો શીરદર્દ

હાલમાં જાહેરાત માર્કેટિંગ વિશ્વનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગઈ છે. એક રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૨માં વૈશ્વિક જાહેરાત બજારનું કદ ૬૧૫.૨ બિલિયન ડોલર હતું, જે આવનારા કેટલાક વર્ષોમાં ૮૦૦ બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે. આંકડા મુજબ, સરેરાશ વ્યક્તિ દરરોજ ૨૦૦ થી ૩૦૦ જાહેરાતો જુએ છે. જાહેરાત એ લોકોને માહિતી આપવાનું અને તેમને ઉત્પાદનો વગેરે વિશે જાગૃત કરવાનું એક અસરકારક માધ્યમ છે. પરંતુ વર્તમાન સમયમાં ભ્રામક જાહેરાતોના પૂરથી આ સમાજ માટે ઉકેલને બદલે સમસ્યારૂપ બની રહી છે.

જાહેરાતકર્તાનો ઉદ્દેશ તમને મનોવૈજ્ઞાનિક રીતે પ્રભાવિત કરીને તમારા વિચારો અને નિર્ણયોને પ્રભાવિત કરવાનો છે. તમે એવી ઘણી જાહેરાતો જોઈ હશે કે જેમાં માત્ર પાંચ દિવસમાં કાળાથી ગોરામાં પરિવર્તન લાવવાનો દાવો કરવામાં આવ્યો હોય અથવા તો માત્ર એક જ સુગંધ સાથે ડિઓડરન્ટના સ્પ્રેથી મહિલાઓને તમારી તરફ આકર્ષિત કરવામાં આવે. થોડા દિવસો પહેલા, સાયન્સ જર્નલ 'મેડિસિન' એ ભારતમાં વેચાતા અને ઉપયોગમાં લેવાતા સૌથી લોકપ્રિય પ્રોટીન પાઉડરના ૩૬ વિવિધ બ્રાન્ડ્સ પર હાથ ધરાયેલા વિશ્લેષણના તારણો પ્રકાશિત કર્યા હતા. વિશ્લેષણમાં બહાર આવ્યું છે કે ૩૬ સપ્લીમેન્ટ્સમાં લગભગ ૭૦ ટકા અચોક્કસ પ્રોટીન માહિતી ધરાવે છે, કેટલીક બ્રાન્ડ્સે તેમના દાવાઓમાંથી માત્ર અડધાની જાણ કરી છે. વધુમાં, લગભગ ૧૪ ટકા નમૂનાઓમાં હાનિકારક ફૂગ હતી, જ્યારે ૮ ટકામાં જંતુનાશક અવશેષો જોવા મળ્યા હતા. આ તારણો ખોટી માહિતી, પારદર્શિતાનો અભાવ અને આવા ઉત્પાદનો દ્વારા ઉદ્ભવતા સંભવિત સ્વાસ્થ્ય જોખમો વિશે વધતી જતી ચિંતાને પ્રતિબિંબિત કરે છે.

પર્યાવરણીય ટકાઉપણું અને સભાન વપરાશ વિશે ચિંતિત વિશ્વમાં ગ્રીનવોશિંગ એ વધતી જતી ચિંતા બની ગઈ છે. ગ્રીનવોશિંગ, ઉત્પાદનો અથવા સેવાઓ વિશે ગેરમાર્ગે દોરનારા પર્યાવરણીય દાવાઓ તરીકે વ્યાખ્યાયિત, નિયમનકારો, ગ્રાહકો અને હિમાયત જૂથોનું ધ્યાન આકર્ષિત કરે છે. તાજેતરમાં, યુરોપિયન સંસદ અને ભારતીય ન્યાયતંત્ર બંનેએ આ મુદ્દાને ઉકેલવા માટે નિર્ણાયક પગલાં લીધાં છે, જે કડક નિયમો અને માર્કેટિંગ પ્રથાઓમાં વધુ જવાબદારી તરફ વૈશ્વિક પરિવર્તનનો સંકેત આપે છે. તેવી જ રીતે, ઉત્પાદનોની અસરકારકતા વિશે ભ્રામક અને પાયાવિહોણા દાવા કરવા બદલ ભારતીય ન્યાયતંત્રની પતંજલિ જૂથની નિંદા કંપનીઓને તેમના માર્કેટિંગ માટે જવાબદાર રાખવાના મહત્વને રેખાંકિત કરે છે. ન્યાયતંત્રનો નિર્ણય ગ્રાહકોને ખોટી માહિતીના આધારે પસંદગી કરવાથી રક્ષણ આપે છે અને ખાતરી કરે છે કે કંપનીઓ તેમના માર્કેટિંગ સંચારમાં નૈતિક ધોરણોનું પાલન કરે છે.

ગ્રીનવોશિંગ અથવા ગેરમાર્ગે દોરતી જાહેરાતો માત્ર ગ્રાહકોને ગેરમાર્ગે દોરતી નથી, પરંતુ ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવા અને પર્યાવરણીય અસરને ઘટાડવાના પ્રયત્નોને પણ નબળી પાડે છે. ભ્રામક જાહેરાતો પર કડક કાર્યવાહી કરીને, નિયમનકારો કંપનીઓને વધુ જવાબદાર અને પારદર્શક માર્કેટિંગ વ્યૂહરચના અપનાવવા પ્રોત્સાહિત કરી શકે છે.

ગેરમાર્ગે દોરતી જાહેરાતોને સંબોધવા માટે બહુપક્ષીય અભિગમની જરૂર છે જેમાં નિયમનકારો, ઉદ્યોગના હિતધારકો, ઉપભોક્તા હિમાયત જૂથો અને જનતા વચ્ચે સહયોગનો સમાવેશ થાય છે. કંપનીઓ જાહેરાતમાં સત્યનું પાલન કરે તે સુનિશ્ચિત કરીને પર્યાવરણીય દાવાઓ માટે સ્પષ્ટ માર્ગદર્શિકા અને ધોરણો નક્કી કરવામાં નિયમનકારો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વ્યવસાયો અને વેપાર સંગઠનો સહિત ઉદ્યોગના હિસ્સેદારોની, નૈતિક માર્કેટિંગ પ્રથાઓ જાળવવાની અને ગ્રાહકોને સચોટ માહિતી પૂરી પાડવાની જવાબદારી છે. ઉપભોક્તા હિમાયત જૂથો ગેરમાર્ગે દોરનારા પ્રચારો પ્રત્યે જાગૃતિ વધારવામાં અને કંપનીઓને ભ્રામક માર્કેટિંગ યુક્તિઓ માટે જવાબદાર ઠેરવવામાં ભૂમિકા ભજવી શકે છે. વધુમાં, ગ્રાહકો પોતાની જાતને ટકાઉ વપરાશ પ્રથાઓ વિશે શિક્ષિત કરીને અને પર્યાવરણીય કારભારી પ્રત્યે સાચી પ્રતિબદ્ધતા દર્શાવતી બ્રાન્ડ્સને સમર્થન આપીને ગ્રીન વોશિંગ સામેની લડાઈમાં યોગદાન આપી શકે છે. નિયમોને મજબૂત કરવા, જાગરૂકતા વધારવા અને જવાબદારીને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નો જરૂરી છે, તો જ અમે ખાતરી કરી શકીએ છીએ કે ગ્રાહકોને સચોટ માહિતીની ઍક્સેસ છે, જેથી તેઓ તેમની પસંદગીઓ અને મૂલ્યોને અનુરૂપ પસંદગી કરી શકે.

# ભુજમાં ચુંટણી સબબ પોલીસનું સઘન ચેકીંગ

**અબતક, નવિનગીરી ગોસ્વામી, ભુજ**

આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે કચ્છમાં ૬ વિધાનસભા ક્ષેત્ર વાઈઝ ૧૮ એસએસટી ટીમની નિમણૂંક કરવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયાને અવરોધરૂપ કે અસરકર્તા પરીબળોને ઓળખવા તથા ગેરકાયદે નાણાની હેરફેર સહિતની ગતિવિધીને ડામવા સ્ટેટીક સર્વેલન્સ ટીમ દ્વારા સક્રિય રીતે વાહનોનું ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. આવું




જ દશ્ય સુખપર ચોકડી પાસે જોઈ શકાય છે જ્યાં નિમણૂક થયેલી ટીમ વાહનોનું સઘન ચેકીંગ કરવામાં આવી રહ્યું છે.

# સુરેન્દ્રનગરઃ મતદારોને મતાધિકારનો ઉપયોગ કરવા એસ.પી. ડો.ગિરીશ પંડ્યાની અપીલ

**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ મુક્ત, ન્યાયી અને નિર્ભય વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર એક્શન મોડમાં કામગીરી કરી રહ્યું છે. ૯-સુરેન્દ્રનગર સંસદીય મતવિસ્તારના લોકો કોઈપણ પ્રકારના ભય કે લાલચ વગર નિર્ભય બની પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી



છે. જિલ્લા પોલીસ અધિક્ષક ડો.ગિરીશ પંડ્યાએ તમામ મતદારોને અપીલ કરતા જણાવ્યું હતું કે, ૦૯-સુરેન્દ્રનગર સંસદીય મતવિસ્તારમાં આગામી તા.૭ મેના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ચૂંટણી પંચના આદેશ મુજબ દરેક બુથ પર તમામ મતદારો માટે સુરક્ષાની પુરતી તૈયારીઓ કરવામાં આવી છે. લોકોની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને તમામ બુથો પર પુરતા પ્રમાણમાં પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે. આથી તમામ મતદારોને તા.૭ મેના રોજ મોટી સંખ્યામાં મતદાન મથક પર જઈ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

# ૩૫ પરગણા ભાંભી સમાજના પ્રથમ સમૂહ લગ્નોત્સવમા ૨૪ નવદંપતીએ પ્રભુતામા પગલાં પાડ્યા

**અબતક, સંજય દિક્ષીત, ઈડર**

૩૫ પરગણા ઈડર ભાંભી સમાજ (ઈડર-વડાલી તાલુકો) દ્વારા ૨૧.૪.૨૦૨૪ નારોજ સમાજનો પ્રથમ સમૂહ લગ્નોત્સવ ઈડર તાલુકાના ઉમેદપુરા ત્રણ રસ્તા ખાતે યોજાયો જેમા ભાંભી સમાજ ૩૫ પરગણા સહિત આજુબાજુના પરગણાના વરઘોડીયા સહિત ૨૪ નવ દંપતી પ્રભુતામા પગલાં પાડ્યા હતા

આ પ્રસંગે નવ દંપતીને દાતાઓ દ્વારા ૪૪ જેટલી ઘર વપરાશની વસ્તુ સહિતની ભેટ સોગાદો આપવામા આવી હતી સાથે લગ્ન રજીસ્ટ્રેશન કરી લગ્ન નોંધણી સર્ટિફિકેટ એનાયત કરી સરકારની કુંવર બાઈની મામેરા સહિતની યોજનાનો લાભ મળે એવુ આયોજન કરાયુ હતુ દરેક નવદંપતીને પલંગ અને તિજોરીની ભેટ આપવામા



આવી હતી સમૂહ લગ્નોત્સવના ભગીરથ કાર્યમા માતબર દાન આપનાર દાતા નટુભાઈ પરમાર (ભાણપુર) નરેન્દ્ર દર્શક (ઉમેદપુરા) હાલ અમદાવાદ, જેઠાભાઈ પરમાર (ઈડર) અમદાવાદ તથા દાતાઓનુ સન્માન પણ કરવામા આવ્યુ હતુ આ સમારંભના અધ્યક્ષ નટુભાઈ પરમાર, ગાંધીનગર વિભાગ સર સંચાલક પ્રકાશભાઈ પરમાર, સાબરકાંઠા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ ભાજપ વિજયભાઈ પંડ્યા, એપીએમસી વડાલી ચેરમેન વિજયભાઈ પટેલ, ઉદ્યોગપતિ નરેન્દ્રભાઈ દર્શક, કોંગ્રેસ પ્રદેશના આગેવાન રામભાઈ સોલંકી, રાજેન્દ્રસિંહ કુંપાવત, પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ એકતાબેન પટેલ, જીતુભાઈ પંચાલ વિશેષ ઉપસ્થિતિ રહ્યા હતા.

# બગસરા એસ.ટી. ડેપોની બેદરકારીઃ લાંબા રૂટની બસો મોડી ઉપડતા મુસાફરો પરેશાન

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા એસ ટી ડેપો માં અવાર નવાર બસો મોડી ઉપડવાં ની ફરિયાદો આવી રહેલ છે ત્યારે ગઈકાલે એક સાથે ત્રણ બસો મોડી ઉપાડતા પેસેન્જરો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા જેમાં લાંબા રૂટ ની બસ જેવી કે બગસરા અંબાજી બગસરા રાજકોટ અને બગસરા કૃષ્ણનગર જેવી બસો એક કલાક મોડી ઉપાડતા કોય ના દવાખાના ના કમો તો કોય ના નિયત સ્થળે થી અન્ય બસો પકડવાનો સમય બગડતા લોકો દ્વારા કહેવામાં આવેલ છે કે આવા બનાવો છાશવારે બનતા જોવા મળે છે તો આ નીરભર તંત્ર શું પોતાના કર્મચારી ઓ ઉપર કોય કાર્યવાહિ કેમ નથી કરતું કે પછી એસ ટી નિગમ પાસે સ્ટાફ ની કમી



છે આવા અનેક પ્રકારના સવાલો ઉઠી રહ્યાં છે જ્યારે એસ ટી નિગમ તરફ થી સ્લોગન બહાર પાડેલ છે સલામત સવારી એસ ટી અમારી પણ હવે નિગમ ને સલામત સવારી ગમે ત્યારે ઉપાડે એવું સ્લોગન બનાવવા ની જરૂર વર્તાય રહી છે પેસેન્જર એસોસિયેશન ને પણ લોકો દ્વારા અનેક વખત રજુઆતો કરી છે ત્યારે પેસેન્જર એસોસિયેશન દ્વારા એસ ટી નિગમ ને પણ અનેક વખત રજુઆત કરી છે કે લાંબા રૂટ ની બસો નિયત સમયે ઉપાડે જેથી કરીને લોકો સમય સર નિયત સ્થળે પહોંચી સકે પરંતુ આ નિર્ભર તંત્ર ને તો જાણે કાંઈ ફરક જ ના પાડતો હોય તેમ ગમે ત્યારે બસો ઉપાડે છે તો લોકો માં માંગ ઉઠી છે કે સમય સર બસો ઉપાડે જેથી લોકો સમય સર નિયત સ્થળે પહોંચી શકે

# સાબરડેરી ખાતે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણીઃ ઈનામ વિતરણ

**અબતક, સંજય દિક્ષીત, ઈડર**

સાબરડેરી ખાતે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી ૨૨ એપ્રિલ ૨૦૨૪ ના રોજ કરવામાં આવી હતી જેમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા મિશન લાઈફ પ્રોગ્રામ હેઠળ જિલ્લાના તમામ ઉદ્યોગો દ્વારા ઉજવવામાં આવેલ સ્વચ્છતા પખવાડાનો ઈનામ વિતરણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ સાબર ડેરીની



પ્રથમ વિજેતા જાહેર કરી રૂપિયા ૨૫ હજારનું પ્રોત્સાહન ઈનામ નિહલબેન અજમેરા (પ્રાદેશિક અધિકારી જીપીસીબી), ઉપેન્દ્ર ગઢવી (ચીફ ઓફિસર હિંમતનગર નગરપાલિકા) તથા એમ એ.પટેલના હસ્તે સાબરડેરીના મેનેજિંગ ડિરેક્ટર સુભાષ પટેલને આપવામાં આવ્યું હતુ.

# સુરેન્દ્રનગરમાં ક્ષત્રિય સમાજ દ્વારા આંદોલનના પાર્ટ-૨નો પ્રારંભ, કાર્યાલય શરૂ કરાયુ

**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

લોકસભાની ચૂંટણીના પડઘમ વચ્ચે સુરેન્દ્રનગર ખાતે ભાજપ અને કોંગ્રેસે કાર્યાલય ખુલ્લું મૂક્યા બાદ ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપને સામે કાર્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું છે. જેમાં ભાજપના વિરોધમાં પ્રચાર પણ ક્ષત્રિય સમાજના આગેવાનો અને યુવકોએ શરૂ કર્યો છે.

સુરેન્દ્રનગર જિલ્લામા ક્ષત્રિય સમાજના જિલ્લાભરના આગેવાનો સુરેન્દ્રનગર દાળમિલ રોડ પર એકત્રિત થઈ કાર્યાલય મૂક્યું ખુલ્લું



મૂક્યું છે. જેમાં સુરેન્દ્રનગર ક્ષત્રિય સમાજ દ્વારા બુથ લેવલથી ભાજપને હરાવવા માટેની કમિટી પણ નક્કી કરવામાં આવી છે.

જેમાં આજથી ભાજપના વિરોધમાં પ્રચાર પણ ક્ષત્રિય સમાજના આગેવાનો અને યુવકોએ શરૂ કર્યો છે.

# ઉપલેટાના ઉઘલાવદર હનુમાન મંદિરે બજરંગબલી જન્મોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો

## હવન, ધ્વજારોહણ, પ્રસાદ સહિતના કાર્યક્રમ યોજાયા





**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા તાલુકાના ઉઘલાવદર હનુમાન મંદિરે અંજની જાયા બજરંગબલી જન્મોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. તેમાં બહોળી સંખ્યામાં ભકતો હાજર રહ્યા હતા.

ઉઘલાવદર ચૈતન્ય હનુમાનજી મંદિરે પ.પૂ. હરિવલ્લભ સ્વામીના સાનીધ્યમાં અંજની જાયા પવન પુત્ર બજરંગબલીના જન્મોત્સવ નિમિતે સવારે હવન બપોરે ધ્વજા રોહણ બાદ મહાઆરતી યોજાઈ હતી.

ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન કરતા તેમા બહોળી સંખ્યામાં લોકોએ પ્રસાદનો લાભ લીધો હતો. જેમાં મજબુતભાઈ હૂંબલ, જે.એમ.માંગરોલીયા, ભરતભાઈ રાણપરીયા, જયેન્દ્રસિંહ વાળા જયદેવસિંહ વાળા, જયેશભાઈ માકડીયા સહિત હાજર રહ્યા હતા.

# અમરેલીઃ આંતરરાષ્ટ્રીય પરિષદ અને બજરંગદળની રાષ્ટ્રીય છાત્ર બેઠક યોજાય

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી ખાતે આંતરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને બજરંગ દળ ની રાષ્ટ્રીય છાત્ર પરિષદ ની મિટિંગ મળેલ હતી,જેમાં આગામી દિવસો માં હિન્દુ સમાજ સંગઠિત કરી હનુમાન ચાલીસા ના પાઠ



કરવા,આવતા દિવસો મા રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા સૌરાષ્ટ્ર પ્રાંત વીર હિન્દુ વિજયતા હિન્દુ પરીક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવશે,યુવાનોને રાયફલ શૂટિંગ,યોગાસન,પ્રાણાયામ ,ધ્યાન તીરંદાજી,બૌધિક જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે,યુવાનોને આત્મીયતા કેળવી શકાય તેવા હિન્દુ ધર્મ વિશે માર્ગદર્શન આપવામાં આવશે,તેમજ અમરેલી જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ રાષ્ટ્રીય બજરંગદળ નું સંગઠન મજબૂત થાય એવા પ્રયાસો કરવામાં આવશે,આ મિટિંગ માં માર્ગદર્શન માં રણછોડભાઈ ભરવાડ રાષ્ટ્રીય મંત્રી આ.હિન્દુ પરિષદ ગુજરાત રાજ્ય પ્રમુખ દ્વારા આપવામાં આવ્યું હતું, તેમજ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો.જી.જે.ગજેરા, નિર્મળભાઈ ખુમાણ સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી આ.હિન્દુ પરિષદ , પ્રાંત ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી ,રાષ્ટ્રીય છાત્ર પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત મંત્રી મજબુતભાઈ બસિયા,ભાવનગર અધ્યક્ષ ડો કિરીટભાઈ દેશાણી, સૌરાષ્ટ્ર પ્રાંત એડવોકેટ ફોરમ પ્રમુખ દડુભાઈ ખાચર, વિભાગ મહામંત્રી દિલીપભાઈ બામટા તેમજ સૌરાષ્ટ્ર પ્રાંત મીડિયા સેલ કન્વીનર તેમજ અમરેલી જિલ્લા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી જિલ્લા મંત્રી જીલુભાઈ વાળા તેમજ ઈન્ડિયા હેલ્થ લાઈન જિલ્લા અધ્યક્ષ ડોક્ટર ગોંડલીયા સાહેબ તેમજ જિલ્લા માર્ગદર્શક મનુભાઈ તળાવીયા જિલ્લા ઉપાધ્યક્ષ એમ એમ પટેલ સાહેબ રાષ્ટ્રીય બજરંગ દળ જિલ્લા મંત્રી વિપુલભાઈ ગજેરા શહેર અધ્યક્ષ જીગ્નેશ ભાઈ કયાડા શહેર મંત્રી ઉદયભાઈ રાજપુત છાત્ર પરિષદ જિલ્લા અધ્યક્ષ જીતભાઈ કાબરીયા સંજયભાઈ પોપટ મહેશભાઈ ચોટલીયા બાલમુકુંદ વાઢેર ગોપાલભાઈ વાઢેર તેમજ ઘણા બધા કાર્યકરો હા બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા તેમ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ જિલ્લા અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવેલ છે.

# માંગરોળ સલાટ સમાજ નવચેતન નારી ગ્રુપ દ્વારા ચિત્ર સ્પર્ધા



**અબતક, નીતીન પરમાર, માંગરોળ**

માંગરોળ સલાટ સમાજના નવચેતન નારી ગૃપ દ્વારા ચિત્ર સ્પર્ધા નુ આયોજન કરાયુ હતુ. બાળકોમાં ડ્રોઈંગ પ્રત્યે રૂચી વધે તેવા હેતુ થી સલાટ સમાજ નવચેતન નારી ગૃપના બહેનો દ્વારા માંગરોળના પીપળેશ્વર મહાદેવ મંદિર સલાટ વાડી ના કમ્પાઉન્ડ ખાતે યોજાયેલ આ ચિત્ર સ્પર્ધામાં અલગ અલગ એ /બી /સી /ડી એમ કુલ ચાર ગૃપ મા નાના મોટા પચાસ જેટલા બાળકોએ ખુબજ ઉત્સાહ પુર્વક વિવિધ ચિત્ર બનાવવાની સ્પર્ધામાં ભાગ લીધો હતો કાર્યક્રમના અંતે દાતા ઓ ના સહયોગથી વિજેતા થયેલ તમામ સ્પર્ધકો ને શિલ્ડ પ્રમાણપત્ર પેન્સીલ સેટ ડ્રોઈંગ સેટ સહીત વિવિધ પુરસ્કાર આપી ઉત્સાહીત કર્યા હતા આ અવસરે સલાટ સમાજના આગેવાનો સહીતના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દામનગર પંથકમાં માનવ સેવા યજ્ઞ ચલાવનાર યુવાનોનું કરાયું સન્માન

**અબતક, નટવરલાલ ભાટિયા, દામનગર**

દામનગરના સુરત સ્થિત મિત્ર મંડળ દ્વારા ચૈત્રી પૂનમ ના પાવન પર્વ એ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર દર્શને જતા પદયાત્રી ઓ માટે વર્ષો થી સેવા સ્ટોલ નું આયોજન કરે છે સુરત સ્થિત દામનગર મિત્ર મંડળ દ્વારા દામનગર શહેર માં વિવિધ સેવા પ્રદાન કરતા ઓનું ભટવદર ખોડિયાર મંદિર મહંત શ્રી હરજી ભગત ની પાવન નિશ્રા માં ભુરખિયા રોડ અમરશીભાઈ શંભુભાઈ ના ફાર્મ હાઉસ પાસે સ્ટોલ ખાતે ભવ્ય સન્માન સમારોહ યોજાયો હતો જેમાં

શિવભકત અમરશીભાઈ શંભૂભાઈ નારોલા નું શ્રી કુંભનાથ મહાદેવ મંદિર જીર્ણોદ્ધાર બદલ



ભગવાનભાઈ નારોલા જીવદયા નંદીશાળા સેવા વજુભાઈ રૂપાધડા રચનાત્મક સેવા દુષયનભાઈ પારેખ પ્રમુખ ભુરખિયા હનુમાનજી ચેરીટેબલ ટ્રસ્ટ જ્યેન્દ્રભાઈ પારેખ સુધીરભાઈ પારેખ દક્ષેશભાઈ પારેખ હરજીભાઈ નારોલા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ભરતભાઈ ભટ્ટ નિવૃત ઈજનેર મનીષબાપુ નિમાવત ભુરખિયા મંદિર જીતુબાપુ નિમાવત હિંમતભાઈ કટારીયા અમરશીભાઈ પરમાર ઘનશ્યામભાઈ રાઠોડ કોશિકભાઈ પારેખ દિપકભાઈ ગાંગડીયા સહિત અનેક વિધ સેવા પ્રવૃત્તિ કરતા સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણી ઓનું વિશિષ્ટ બહુમાન કરતા દામનગર - સુરત મિત્ર મંડળના કાંતિભાઈ નારોલા ધીરૂભાઈ જાડા ધીરૂભાઈ પુનાભાઈ નારોલા ભરતભાઈ ધોળકિયા રજનીભાઈ બુધેલીયા રમેશભાઈ બાવચંદભાઈ નારોલા અરવિંદભાઈ રિજિયા હરેશભાઈ વાવડીયા વશરામભાઈ બોખા સુરેશભાઈ શેખલીયા અરવિંદભાઈ વાવડીયા ધ્રુવ ધોળકિયા સંજયભાઈ નારોલા પ્રેમ ડાયમંડ નારણભાઈ એ નારોલા શલેશભાઈ બોખા નાગજીભાઈ પાલડીયા હરેશભાઈ જીણાભાઈ નારોલા દ્વારા સામાજિક સ્વૈચ્છિક ધાર્મિક શૈક્ષણિક સહિત વિવિધ ક્ષેત્રે નિસ્વાર્થ ભાવે સેવા પ્રદાન કરતાઓનું ભવ્ય સન્માન કરાયું હતું.

# કચ્છના હાજી પીરના ઉર્ષ મેળામાં ટ્રાફીક નિયમન માટે જાહેરનામું પ્રસિદ્ધ

## સેવાભાવી સંસ્થાઓને વ્યવસ્થા નિયમનમાં તંત્રને સહકારની અપીલ

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભુજ**

કચ્છના સુપ્રસિધ્ધ દરમિયાન હાજીપીર મુકામે તાઙ ૨૭ થી ૨૯ એપ્રિલ દરમિયાન હાજીપીરનો મેળો (ઉર્ષ) તથા તા.૨૯ થી તા.૩૦/૪/૨૦૨૪ સુધી આમારા ગામ પાસે આવેલા કરોળપીર ખાતે ઉર્ષ મેળો યોજવામાં આવનારો છે. આ મેળા દરમિયાન જિલ્લાના તથા જિલ્લા બહારથી શ્રદ્ધાળુઓ પગે ચાલીને હાજીપીર ખાતે દર્શનાર્થે જાય છે. પદયાત્રીઓ માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા જિલ્લામાં સામખીયાળીથી હાજીપીર સુધી સેવા માટેના કેમ્પો રોડની બંને બાજુએ નાખવામાં આવે છે અને હજારોની સંખ્યામાં પદયાત્રીઓ માટે નાની નાની રીક્ષાઓ, ટેક્ષીઓ, મેટાડોર જેવા વાહનો પણ સેવા માટે આ રસ્તા પરથી સતત અવર-જવર કરતાં હોય છે. જેથી પદયાત્રીઓના માર્ગમાં કોઈ અડચણ કે મુશ્કેલીઓ ઉભી ન થાય તે આશયથી અને માર્ગમાં ટ્રાફિક નિયંત્રણ જળવાઈ રહે તે માટે ટ્રાફીક નિયમન કરવું જરૂરી બને છે.

અમિત અરોરા જિલ્લા મેજિસ્ટ્રેટ,કચ્છ ભુજ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી) અન્વયે ફરમાવેલ છે કે, આજે સવારના ૬ કલાકથી તા.૩૦/૪/૨૦૨૪ સુધી પદયાત્રીઓ માટે જિલ્લા બહારની જે સંસ્થાઓ તરફથી રસ્તાની સાઈડે કેમ્પ રાખવામાં આવે છે તેમજ સંબંધિત નજીકના પોલીસ સ્ટેશને તેની જાણ કરવાની રહેશે.

સેવાભાવી સંસ્થાનું નામ, સરનામું, ટેલીફોન નં/મોબાઈલ નં, કેમ્પનું સ્થળ અને કેમ્પનો હેતુ, કેમ્પના મુખ્ય સંચાલકો/આયોજકોના નામ, સરનામા, ટેલીફોન નં/મોબાઈલ નં, કેમ્પના સેવા આપનાર સ્વયં સેવકોના નામ, સરનામા, ટેલિફોન નં/મોબાઈલ નં, કેમ્પમાં કોઈ ચીજ વસ્તુ/ખાદ્ય પદાર્થ વિતરણ કરવાના છે કે કેમ? જો હા તો તેની સંપૂર્ણ વિગત, પ્રતિબંધિત ખાદ્યપદાર્થનું વિતરણ કરી શકશે નહીં, કેમ્પ કેટલા દિવસ માટે લગાડવાનો છે તેની વિગત, જે જગ્યાએ કેમ્પ લગાડવાના હોય તે જગ્યાએ લાઈટ રીફ્લેક્ટર રાખવા.

કેમ્પ આયોજકોએ સફાઈ માટે સ્વીપર વિગેરેની જરૂરી વ્યવસ્થા કરવી,યાત્રાળુઓ માટે શુદ્ધ પાણીનો ઉપયોગ કરવાનો રહેશે, રસ્તા પર વધારાના સ્પીડબ્રેકર કે બમ્પ બનાવવાના રહેશે નહીં, લાઉડ સ્પીકર વગાડવા માટે સક્ષમ અધિકારીની પરવાગી મેળવાની રહેશે, પ્લાસ્ટીકના થેલીનો ઉપયોગ કરવાનો રહેશે નહી, કેમ્પના સંચાલકોએ જમીન માલીકની પરવાનગી મેળવી મંડપ વગેરે બાંધવાના રહેશે,

સેવા કેમ્પ પસાર થતા માર્ગથી અંદરના ભાગે વાહનવ્યવહારને તેમજ સહદારીઓ/પદયાત્રીઓને અડચણ રૂપ ન થાય તે રીતે બાંધવાના રહેશે. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## એસ.ટી.ના ચાલકને ચકકર આવતા

# જામનગર રૂટની બસ ખાડામાં ઉતરી દિવાલ સાથે અથડાઈ: જાનહાની ટળી



**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

વિરમગામ હાઈવે પર જખવાડા ગામ પાસે ઝાલોદ તરફથી આવતી જામનગર તરફ જતી દાહોદ-જામનગર એસટી બસ નંબર GJ-18-Z-8530ના ડ્રાઈવરને અચાનક ચક્કર આવતા એસ ટી બસને સાઈડમાં ઊભી રાખવા જતા એસ ટી બસ રોડ સાઈડમાં ખાડામાં ઉતરી ગઈ હતી અને દીવાલ સાથે અથડાઈ હતી.

આ બસના ડ્રાઈવર અને એક મુસાફરને સામાન્ય ઈજાઓ થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા વિરમગામ ગાંધી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યાં હતા.આ એસટી બસમાં ૪૧ કુલ મુસાફરોમાં સવાર હતા, જેમાંથી ૪૦ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. એસટી બસને ભારે નુકસાન પહોંચ્યું હતું.

# હત્યા અને એટ્રોસિટીના ગુન્હામાં હાજર થયેલા એએસઆઈ કાનગડના બે દિવસના રિમાન્ડ મંજુર

## આંબડેકરનગરના યુવાન હમીર રાઠોડનેને ઢોર માર મારતા સારવાર દરમિયાન નીપજ્યું'તું મોત

**અબતક, રાજકોટ**

ગોંડલ રોડ પર આંબેડકરનગરમાં ગત ૧૪ તારીખે રાત્રે પાડોશીના ઝઘડામાં વચ્ચે પડેલા યુવાન પોલીસ પાસે સમાધાન કરવા જતા પોલીસે ઢોર માર મારતા હત્યાની કોશિષનો ગુનો નોંધાયા બાદ સારવારમાં યુવકનું મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો.આ અંગે માલવિયાનગર પોલીસે એટ્રોસિટી, હત્યાની કલમનો ઉમેરો કરી શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન સોમવારે એએસઆઈ ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થતા અટકાયત કરી માલવિયાનગર પોલીસને કબજો સોપતા પોલીસ ગત સાંજે કોર્ટમાં રજુ કરતા અદાલતે બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.



વધુ વિગતો મુજબ,શહેરના આંબેડકરનગરમાં રહેતા રાજુભાઈ સોલંકી અને તેનો પૂત્ર જયેશ ગત ૧૪ તારીખે રાત્રે ઝઘડો કરતા હોય અને પોલીસ બોલાવવામાં આવતા જયેશ મદદ માંગવા જતા હમીરભાઈ ઉર્ફે ગોપાલ દેવજીભાઈ રાઠોડ (ઉ.વ.૩૪) સમાધાન માટે ત્યાં ગયા હતા. ત્યારે ફરજ પરના પોલીસમેનએ તેની સાથે ત્યાં મારકૂટ કરી પોલીસ વેનમાં બેસાડી પોલીસ સ્ટેશને લઈ જઈ પાઈપથી ઢોર માર માર્યો હતો. મોડી રાત્રે ઘરે લઈ ગયા બાદ બેભાન થઈ જતા સારવાર અર્થે ખાનગી હોસ્પીટલમાં ખસેડતા માલવિયાનગર પોલીસે અજાણ્યા પોલીસકર્મી સામે પત્નીની ફરિયાદ પરથી હત્યાનો ગુનો નોંધ્યો હતો. દરમિયાન ૧૬ તારીખે સારવાર દરમિયાન મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો અને કડક કાર્યવાહીની માંગ સાથે મૃતદેહ સાથે પરિવારે હોસ્પિટલ ચોકમાં વિરોધ નોંધાવ્યો હતો.

પોલીસે હત્યા અને એટ્રોસિટીની કલમનો ઉમેરો કરી માર મારી હત્યા કરનાર એએસઆઈ અશ્વિનભાઈ જેઠાભાઈ કાનગડને પકડવા ત્રણ ટીમો દોડાવી હતી સપ્તાહ પછી ગઈકાલે અશ્વિન કાનગડ ડીસીબી સમક્ષ રજુ થતા પીઆઈ ગોંડલીયા સહિતે અટકાયત કરી માલવિયાનગર પોલીસને કબજો સોપ્યો હતો. વધુ તપાસ અર્થે આરોપીને કોર્ટમાં રજુ કરવામાં આવતા અદાલતે આરોપી એએસઆઈના વે દિવસના રિમાન્ડ રજૂ કર્યા છે.

# દ્વારકા: વસઈ ગામમાં ધમધમતી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

## દેશી દારૂ,આથો,ગોળ અને બાઈક સહિત રૂ.૮૪ હજારનો મુદ્દામાલ કબજે

**અબતક,વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

દ્વારકાના વસઈ ગામે એલસીબી એ દરોડો પાડી દેશી દારૂની ભઠ્ઠી ઝડપી લઈ દેશી દારૂ, આથો,ગોળ અને બાઈક સહિત ૮૪ હજાર મુદ્દામાલ ઝડપી લઈ બે શખસનું નામ ખુલતા તેમને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

દ્વારકા જિલ્લામાં લોકસભા ચૂંટણી દરમિયાન દારૂબંધીનો કડક અમલ કરવાની જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેની સૂચનાના આધારે પીઆઈ કે કે ગોહિલના માર્ગદર્શન હેઠળ એલસીબી સ્ટાફ પેટ્રોલિંગ હાથ ધર્યું છે.ત્યારે દ્વારકાના વસઈ ગામે રહેતા લખમણભા નથુભા માણેક અને કરશનભા દેવુભા માણેક નામના શખસો વાડી વિસ્તારમાં દેશી દારૂની ભઠ્ઠી ચલાવતા હોવાની હેડ કોસ્ટેબલ કુલદીપ સિંહ જાડેજા અને કોન્સ્ટેબલ મસરીભાઈ છૂછરને મળેલી બાતમીના આધારે દરોડો પાડયો હતો જેમાં ૬ હજાર કિંમતનો ૩૦૦ લીટર દેશીદારૂ,૨૦ હજાર કિંમતની બાઈક,૨૨ હજાર કિંમતનો આથો સહિત અન્ય સાધનો મળી રૂ.૮૪ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે જ્યારે દરોડા દરમ્યાન ભાગી છુટેલા લખમણભા માણેક અને કરશનભા માણેકની ધરપકડ કરવા ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સુપેડી: માથાભારે શખ્સ પાસા તળે જેલ હવાલે

**અબતક, રમણીકભાઈ ટોપીયા, ધોરાજી**





સુપેડી ગામના દેસુરભાઈ નથુભાઈ ભીટ નામના રબારી નામના શખ્સની પાસા હેઠળ અટકાયત કરી તેને ભૂજની પાલારા જેલમાં મોકલી દેવામાં આવેલ છે.

આ અંગે મળતી વિગતો એવા પ્રકારની છે કે જેતપુર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક આર.એ.ડોડીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઈન્સ્પેકટર જેઠવાએ આ અંગે દરખાસ્ત કરી મોકલી હતી.

જેને જિલ્લા મેજીસ્ટ્રેટએ મંજૂર કરી સુપેડીના આ રબારી શખ્સને પાસા હેઠળ અટકાયત કરવા હુકમ કરતા આ શખ્સની અટકાયત કરી તેને ભૂજની પાસા જેલમાં મોકલી દેવામાં આવેલ છે.

# લીંબડી: નામચીન શખ્સ પાસા હેઠળ અટકાયત

**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં લોકસભા ચૂંટણીને લઈને કાયદો અને વ્યવસ્થાની સ્થીતી જળવાય તે માટે જિલ્લા પોલીસ દ્વારા કલેકટર સમક્ષ પાસાની દરખાસ્ત કરાઈ રહી છે.જેમાં અગાઉ ૭ રીઢા આરોપીઓને પાસા હેઠળ જેલ હવાલે કરાયા હતા. ત્યારે મારામારી અને ચોરી તથા લૂંટના કેસમાં સંડોવાયેલા વધુ એક આરોપીને પાસા હેઠળ પોરબંદર જેલ હવાલે કરાયો છે.



મારામારી અને ચોરી-લૂંટના એક કરતા વધુ ગુનામાં સંડોવાયેલા મૂળ ધંધુકા તાલુકાના બાજરડા ગામનો અને હાલ લીંબડીના ભોજપરામાં રહેતા હુસેન દોષમહોમદભાઈ મોરી સામે જિલ્લા પોલીસ વડા ડો. ગીરીશ પંડયા દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી કલેકટર સમક્ષ મુકી હતી. જેમાં જિલ્લા કલેકટરે આ શખ્સની પાસાની દરખાસ્ત મંજૂર કરી તેનું પાસાનું વોરંટ ઈસ્યુ કર્યુ હતુ. આથી એલસીબી પીએસઆઈ બી.એલ.રાયઝાદા સહિતની ટીમ દ્વારા હુસેન દોષમહોમદ મોરીને પાસાના વોરંટની બજવણી કરી હતી.

# કૌટુંબિક દિયરે વાડી વિસ્તારમાં લઈ જઈ ઝેરી દવા પીવડાવી દેતા ધારીની પરિણીતાનું સારવારમાં દરમ્યાન મોત

## દિયર સાથેના પ્રેમ સંબંધમાં ઘરેથી ચાલી ગયેલી પરિણીતાને પ્રેમીએ જ ઝેરના પારખા કરાવી દીધાનો પરિવારનો આક્ષેપ

**અબતક, રાજકોટ**

અમરેલી જિલ્લાના ધારી તાલુકાના જીરા ગામે રહેતી સોનલબેન ભીખુભાઈ ચારોલીયા નામની ૪૦ વર્ષીય પરિણીતાને કૌટુંબિક દિયરે ગત તા. ૫ એપ્રિલના રાત્રિના સમયે માધવપુર ગામના વાડી વિસ્તારમાં ઝેરી દવા પીવડાવી દીધાનો આક્ષેપ અગાઉ પરિણીતાએ કર્યો હતો. મહિલાને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. સારવાર દરમિયાન પરિણીતાનું મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો છે.

સારવાર દરમિયાન સોનલબેન ભીખુભાઈ ચારોલીયાએ પોલીસ સમક્ષ જણાવ્યા અનુસાર પરિણીતા કૌટુંબિક દિયર અશ્વિન ભરત ચારોલીયા સાથે એક વર્ષથી અનૈતિકમાં સંબંધમાં રહેતી હતી. પરિણીતાના જણાવ્યા અનુસાર કૌટુંબિક દિયર અશ્વિન તેણીને જોર-જબરજસ્તી કરતો અને સતામણી કરતો હતો. તેણીને ધાક ધમકી આપી તા. ૪ એપ્રિલના રાત્રિના ૧૨:૩૦ વાગ્યે ઘરેથી લઈ ગયો હતો અને એક દિવસનું જુનાગઢમાં રોકાણ કર્યા બાદ માધવપુર ગામે વાડી વિસ્તારમાં લઈ જઈ તેણીને બળજબરીપૂર્વક ઝેર પીવડાવી દીધું હતું અને ત્યાંથી જતો રહ્યો હતો.

જેની જાણ પરિણીતાએ પતિને કરતા પતિ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો ભોગ બનનારને સારવાર માટે હડમતીયા સરકારી હોસ્પિટલમાં લઈ ગયો હતો.ત્યાંથી વધુ સારવાર અર્થે પરિણીતાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ધારી પોલીસને બનાવની જાણ કરી હતી. પરણીતાના લગ્ન ૧૫ વર્ષ પૂર્વે થયા હતા અને તેણીને સંતાનમાં બે પુત્રો છે.


સારવાર દરમિયાન પરિણીતાનું મોત નીપજતા હવે બનાવ હત્યામાં પલટાયો છે ત્યારે પોલીસે હત્યાની કલમનો ઉમેરો કરીને વધુ તજવીજ હાથ ધરી છે.

# ગોંડલ: બસ રિવર્સમાં લેતી વેળાએ અકસ્માતમાં આધેડનું મોત

## એસ.ટીએ હડફેટે લેતા બાઈક ચાલકના મોતથી પરિવારમાં અરેરાટી

**અબતક,રાજકોટ**

ગોંડલ તાલુકાના ખાંડાધાર ગામે રહેતા આધેડનું આશાપુરા ડેમ નજીક એસટી બસની હડફેટે અકસ્માત સર્જાયો હતો,જેનું સિવિલ હોસ્પિટલમાં ચાલુ સારવારમાં મોત નીપજ્યું છે.



પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ તાલુકાના ખાંડાધાર ગામે રહેતા અશોકભાઈ દેવજીભાઈ સામૈયા નામના ૪૮ વર્ષીય આધેડનું ગત તા. ૮ એપ્રિલના રોજ સવારે બાઈક લઈને કામ પર જતી વેળાએ આશાપુરા ડેમ પાસે સરકારી એસ.ટી બસએ રિવર્સ લેતા અકસ્માત સર્જાયો હતો જેમાં આધેડનું આજરોજ સવારના સમયે સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં અશોકભાઈ દેવજીભાઈ સામૈયા વહેલી સવારે કામ પર જતા હતા ત્યારે આશાપુરા ડેમ નજીક એસટી બસના ચાલકે બસને રિવર્સ લેતા બાઈકચાલક આધેડ પર બસનો જોટો ફેરવી દીધો હતો. આધેડને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં આજરોજ સવારના આધેડનું મોત નીપજ્યું છે. મૃતક છૂટક મજૂરી કરતા હતા અને તેમને સંતાનમાં એક પુત્રી છે. મૃતક બે ભાઈ બે બહેનમાં મોટા છે. મૃતકના પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.

# રાજુલા: મારામારીના ગુનામાં આરોપીને બે વર્ષની સજા

## ખેતરમાં પશુ ચરાવવા માલધારીને ટપારતા ખેડુત પર કુહાડીથી હુમલો કર્યો તો

**અબતક,ચેતન વ્યાસ, રાજુલા**

મારામારીના કેસમાં ૨ વર્ષની સજા આપતી રાજુલા કોર્ટે આ અંગે વિગત એવી છે કે, સને- ૨૦૧૩માં ભુપતભાઈ મંગળભાઈ હડીયા રહે. માંડણ તા. રાજુલા

પોતાના ખેતરમાં આટો મારવા ગયેલા ત્યારે આ કામના આરોપી હાથીભાઈ આલાભાઈ અરડું રહે. નાના મછુન્દ્રા તા. રાજુલા તેના ખેતરમાં માલ ઢોર ચરાવતા હોય અને જેનાથી પાકને નુકશાન થતુ હોય જેથી તેમને માલઢોર ચરાવવાની ના પાડતા તેને સારૂ નહી લાગતા ગાળો આપીને કુહાડી વડે ભુપતભાઈ મંગળભાઈ હડીયાને માર મારેલો જે અંગેની ફરીયાદ બાદ પોલીસે કોર્ટમાં ચાર્જશીટ કરેલ અને કેસ ચાલુ ફરીયાદી તેમજ નજરે જોનાર સાહેદો અને પંચોની જુબાની તેમજ ડોક્ટર અને તપાસ કરનાર અધીકારીના જુબાની તથા વિવીધ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરીને આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય રાજુલાના એડી. ચીફ. મેજી. સાહેબે સરકારી



વકીલથી દિવ્યેશ બી. ગાંધીની દલીલો તેમજ પુરાવાઓનું મુલ્યાંકનના આધારે એ તારણ કાઢેલ કે માલહોર ચરાવવા જેવી સામાન્ય બાબતે ગંભીર હુમલો કરેલ હોય અને જો આવા વ્યકિતઓને છોડવામાં આવે તો સમાજમાં ખોટો સંદેશો જાય તેમ હોય જેથી આરોપીએ ફરીયાદી ભુપતભાઈ હડીયાને ગંભીર રીતે માર મારેલ હોય આરોપી હાથીભાઈ આલાભાઈ અરડુને આઈ.પી.સી. કલમ-૩૨૪ માં બે વર્ષની સાદી કેદ તથા રૂા. ૫,૦૦૦/- અંકે રૂપિયા પાંચ હજાર દંડ તથા આઈ.પી.સી. કલમ - ૩૨૩માં એક વર્ષની સાદી કેદ અથવા રૂા. ૧,૦૦૦/- અંકે રૂપિયા એક હજાર પુરા દંડ એમ કુલ ૨ વર્ષની સજા અને રૂા. ૬,૦૦૦/- દંડ કરતા અસામાજીક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે.

ઉપરોકત કામે સરકાર પક્ષે સરકારી વકીલ દિવ્યેશ બી. ગાંધી રોકાયેલ હતા.

# પોરબંદર: વૃધ્ધને માર મારી લૂંટ ચલાવ્યાનો વિડીયો વાયરલ

## પોલીસે એકને ઝડપી લીધો: ચારની શોધખોળ

**અબતક, રાજકોટ**

પોરબંદરના લીમડા ચોક ટોકીઝ નજીક વૃદ્ધને પાંચ બાળકોએ મળી ૧૦૦ રૂપિયાની લુંટી લઈ મારમારતા ગંભીર ઈજાગ્રસ્ત બનેલા વૃદ્ધને પ્રથમ પોરબંદર બાદમાં રાજકોટ સીવીલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

બનાવવી પ્રાપ્ત વિગતો અનુસાર, પોરબંદર રહેતા નાથાભાઈ હાજાભાઈ કેશવાળા નામના ૬૪ વર્ષીય વૃદ્ધ લીમડા ચોક હરીશ ટોકીઝ નજીક હતા ત્યારે પાંચ બાળકોની ટોળકીએ વૃદ્ધ પાસેથી ૧૦૦ રૂપિયાની લૂંટ કરી મારમારતા ગંભીર ઈજાગ્રસ્ત બન્યા હતા.લૂંટ કરી નાશી છુટેલા પાંચ બાળકમાંથી એક ઝડપાઈ ગયો હતો તેનો વીડિયો પણ વાઈરલ થયાનું જાણવા મળ્યું હતું.જ્યારે આ ઘટનામાં વૃદ્ધ ઘાયલ થતાં તેને સારવાર અર્થે રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

બનાવની જાણ સિવિલ ચોકીના સ્ટાફે કીર્તિ મંદિર પોલીસ મથકે જાણ કરતા તપાસ હાથ ધરી છે.

# ગોંડલ: નિવૃત તલાટી મંત્રીનો આપઘાત

## કમરકોટડા ગામે યુવતિએ ઝેર પી જીવન ટુંકાવ્યું

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ પંથક માં ઝેરી દવા પી લઈ આત્મહત્યા કર્યા ની અલગ અલગ બે ઘટનાં માં વૃધ્ધ તથા યુવતીએ જીવ ગુમાવ્યા છે.

ગોંડલ ની નંદનવન સોસાયટીમાં રહેતા અને નિવૃત જીવન વિતાવતા વિનોદરાય ચકુભાઈ પારખીયા ઉ.૬૪ સવારે નવ કલાકે કોઈ અગમ્ય કારણોસર નવા માર્કેટ યાર્ડ પાસે આવેલી રસીકભાઈ માંડણકા ની વાડીમાં ઝેરી દવા પી જતા તેનું મોત નિપજ્યું હતુ.બનાવ અંગે વાડી માલિક ને જાણ થતા તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા.

મૃતક વિનોદભાઈ તલાટી મંત્રી ની ફરજ પુરી કરી નિવૃત જીવન જીવતા હતા.સંતાન માં બે દીકરાઓ હોવાનું જાણવાં મળેલ હતુ.બનાવ અંગે સીટી પોલીસે તપાસ હાથ ધરી છે.

બીજા બનાવ માં તાલુકાનાં કમરકોટડા પ્રકાશભાઈ કાવઠીયા ની વાડીમાં રહી ખેતમજુરી કરતી મુળ દાહોદ ની આદીવાસી ઉર્મીલા ફતેહસિંહ ભુરીયા ઉ.૧૮ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા ગોંડલ સિવિલ હોસ્પિટલ માં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતુ.ઉર્મીલા તેનાં બેન બનેવી સાથે વાડીએ રહી ખેતીકામ કરતી હતી.બનાવ અગે સુલતાનપુર પોલીસ મથક નાં મયુરભાઈ સોલંકીએ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર: ફરિયાદીને ૧૧.૯૨ લાખ ૭ ટકા વ્યાજ સાથે ચુકવવા ગ્રાહક સુરક્ષા કોર્ટનો વિમા કંપનીને હુકમ


**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

આદેશ:ફરિયાદીને ૧૧.૯૨ લાખ ૭ ટકા વ્યાજ સાથે ચૂકવવા ગ્રાહક સુરક્ષા કોર્ટનો વીમા કંપનીને હુકમ

સુરેન્દ્રનગરમાં અંકુર મેડિકલ સ્ટોર નામની ભાગીદારી પેઢી ધરાવતા અનુપમાબેન રસીકલાલ શાહ તથા વિનોદભાઈ બાબુલાલ શાહ દ્વારા પેઢીમાં દવાઓ, એક્સરે ફિલ્મનું વેચાણ કરાય છે. તેઓએ ધી ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની પાસેથી શોપકીપર્સ ઈન્શ્યોરન્સ પોલિસી ૨૨-૪-૨૦૧૯ના રોજ ૫૦,૦૦,૦૦૦ના સમ ઈન્શયોર્ડ લીધી હતી. જેની મર્યાદા ૨૧-૪-૨૦ના રોજ પૂરી થતી હતી. જેનું નિયમિત પ્રિમિયમ ચૂકવતા હતા. તા. ૮-૬-૧૯ના રોજ દુકાનમાં ઈલેક્ટ્રીક શોક શર્કિટના કારણે આગ લાગી હતી.

જેની સીટી બી ડિવિઝન પોલીસ મથકે જાણવાજોગ ફરિયાદ કરાઈ હતી. જેમાં રૂ.૪૫,૧૪,૦૫૯નું નુકસાન થયું હતું. જેનો ક્લેઈમ કરતા વીમા કંપનીએ ૩૦,૦૦,૦૦૦ મંજૂર કર્યા હતા. આથી વકીલ એન.એ.ધ્રુવ માધ્યમથી ગ્રાહક તકરાર નિવારણ આયોગ સુરેન્દ્રનગરમાં કેસ કરાયો હતો. જેમાં બન્ને પક્ષોને સાંભળ્યા બાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ પ્રમુખ અન્નપુર્ણાબેન પી. કંસારા, સભ્ય અર્ચનાબેન પંડ્યા, સભ્ય એસ.જી. વાઘેલાએ વીમા કંપનીએ ફરિયાદી ૧૧,૯૨,૪૨૧ રકમ ૭ ટકા વ્યાજ સહિત ૩૦ દિવસમાં ચૂકવવા હુકમ કરાયો હતો.

# લીંબડી: ત્રણ કરોડની કિંમતના દારૂ-બીયરના જથ્થાનો નાશ કરાયો



**અબતક, સબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાંથી પોલીસ તંત્ર દ્વારા દરોડાઓ સહિતની કામગીરીથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવે છે. ત્યારે આ ઝડપાયેલા દારૂને જે તે પોલીસ સ્ટેશનમાં સંગ્રહ કરવામાં આવે છે. ત્યારે સાયલા, લીંબડી, ચુડા અને ધજાળા પોલીસ સ્ટેશનની કામગીરીમાં ઝડપાયેલો રૂ. ૩ કરોડથી વધુનો દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં દારૂને નાશ કરતા ૭ કલાક જેટલો સમય થયો હતો.સાયલાની મોડેલ સ્કૂલ પાસે આવેલા ખરાબમાં સાયલા, ચુડા, લીંબડી અને ધજાળા પોલીસ સ્ટેશનોની કામગીરી દરમિયાન ઝડપાયેલો વિદેશી દારૂના નાશ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં સાયલાના ૫૫,૮૩૭ વિદેશી દારૂની બોટલ અને બિયર કિંમત રૂ. ૨.૬૫ કરોડ તેમજ ધજાળા પોલીસ સ્ટેશનના ૮ ગુનામાં ઝડપાયેલો ૪૦૮૧૪ વિદેશી દારૂ કિંમત રૂ.૧૪,૬૯,૦૩૫ અંદાજે રૂ. ૩ કરોડથી વધુનો વિદેશી દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. જેમાં પોલીસ અધિકારીઓ, મજૂરો સહિત ૩૨ લોકો આ કાર્યમાં જોડાયા હતા.

નાશ કરવાના સ્થળ ઉપર દારૂ લઈ જવા સહિતની કાર્યવાહી માટે અંદાજે ૭ જેટલા ડમ્પર પણ દોડાવવામાં આવ્યા હતા. દારૂના નાશની કામગીરીમાં ડીવાયએસપી વી.એમ.રબારી, સાયલા પીએસઆઈ એચ. જી. ગોહિલ, ડેપ્યુટી કલેકટર અને નશાબંધી અધિક્ષક હાજર રહ્યા હતા

# વ્યાજનું વિષચક્ર : રૂ. પાંચ લાખની પઠાણી ઉઘરાણીથી કંટાળી યુવકે પોલીસ કમિશ્નર કચેરી ખાતે ફીનાઈલ ગટગટાવ્યું

## વ્યાજના નાણાંની બદલે અલગ અલગ બેંક એકાઉન્ટ ખોલાવી વ્યાજખોરોએ મસમોટા ટ્રાન્જેકશન કરી લીધા

**અબતક, રાજકોટ**

શહેરમાં ફરી એકવાર વ્યાજખોરોનો આતંક સામે આવ્યો છે. ૬૦ હજારની સામે રૂ. ૫ લાખની પઠાણી ઉઘરાણી કરતા બે વ્યાજખોરોના ત્રાસના લીધે એક યુવાને કમિશ્નર કચેરી ખાતે ફિનાઈલ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. બી ડિવિઝન પોલીસે હાલ બે વ્યાજખોરો સામે મની લેન્ડિંગ એક્ટ તેમજ જાનથી મારી નાખવાની ધમકી સહીતની કલમો હેઠળ ફરિયાદ નોંધી તજવીજ હાથ ધરી છે. મોરબી રોડ પર બજરંગ પાર્ક શેરી નંબર ૪માં રહેતા અને એ.કે. સલૂન નામે વાળંદકામ કરતા ૩૬ વર્ષીય યુવાને બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, આશરે દોઢ વર્ષ પૂર્વે ફરિયાદીના માતાનું અવસાન થતા ધાર્મિક વિધિ માટે પાછળની શેરીમાં રહેતા અંકિત મનુભાઈ પટેલ પાસેથી રૂ. ૨૦ હજાર ૧૦% વ્યાજે લીધા હતા. જે રકમ ફરિયાદીએ પોતાના પિતા હસ્તક પરત આપી દીધી હતી. જે બાદ આશરે ૫ મહિના પછી ફરિયાદીના પિતાનું પણ અવસાન થઈ જતાં ફરીવાર અંકિત પટેલ પાસેથી ૧૦% વ્યાજે રૂ. ૪૦ હજાર લીધા હતા.

સાતેક માસ બાદ અમિત હિરાણીએ વ્યાજ સાથેની રકમ પરત આપી દેતા અંકિતે હજુ દોઢ લાખ રૂપિયા ચૂકવવા પડશે તેવું જણાવ્યું હતું. જો રૂપિયા ન ચૂકવવા હોય તો અમારે બેડી યાર્ડમાં ઘઉંનો ટાર્ગેટ પૂરો કરવાનો છે જેથી તારે તારા અને સગા સંબંધીના બેંક એકાઉન્ટ ખોલાવી દેવા પડશે. અંકિતના જણાવ્યા અનુસાર ફરિયાદી તેની પત્ની અને સાસુ-સસરા સાથે બેડી માર્કેટીંગ યાર્ડ ખાતે જઈ ઈન્ડસઈન્ડ બેંકમાં એક-એક લખવાળા બેંક એકાઉન્ટ ખોલાવ્યા હતા. અંકિતે તમામ એકાઉન્ટના પાંચ પાંચ કોરા ચેક પર સહી કરાવી પોતાની પાસે રાખી લીધા હતા અને અમારા અન્ય બેંક એકાઉન્ટના એક એક ચેક માંગી લીધા હતા.

બેંક એકાઉન્ટ ખોલાવ્યા બાદ અંકિતનો ભાઈ રાજન મનુભાઈ પટેલે અંકિતને તમામ બેંક એકાઉન્ટમાં એક-એક લાખ રૂપિયા નાખવા જણાવ્યું હતું. સાથે રહેલા ગૌતમ ડાયાભાઈ કારસીયાએ પણ બેંક એકાઉન્ટના નાણાં નાખવા જણાવ્યું હતું. આ ઘટના બન્યાના દોઢ માસ બાદ ફરીવાર રાજન પટેલ, અંકિત પટેલ અને ગૌતમ કારસીયાએ શેરીના ખૂણે બોલાવી અગાઉ ખોલાવેલા એકાઉન્ટ ચાલ્યા નહિ હોવાથી વધુ એકવાર એકાઉન્ટ ખોલાવવા પડશે તેવું જણાવ્યુ હતું.

જેથી ફરિયાદીએ ફરીવાર દસ-દસ હજારના ચાર સેવિંગ્સ એકાઉન્ટ લીમડા ચોક ખાતે જઈને ખોલાવ્યા હતા. જે પેટે વ્યાજખોરોએ રૂ. ૫ હજાર વાપરવા પેટે પણ ચૂકવેલા હતા. જેના થોડા સમય બાદ ચેક પરત માંગતા તારે વ્યાજ આપવું પડશે નહીંતર અમે ચેક રિટર્ન કરી તારા વિરુદ્ધ ફરિયાદ કરીશું તેવી ધમકી આપી હતી અન્યથા અમને દુબઈથી ટ્રાંઝેક્શન કરવા દે તેવું જણાવ્યું હતું. જેની ના પાડતા વ્યાજખોરો રૂ. ૫ થી ૬ લાખની માંગણી કરી હતી. જે બાદ ફરિયાદીએ તેના મિત્ર ભાનુભાઈ સાથે જઈને બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ કઢાવતા દરેક એકાઉન્ટમાંથી રૂ. ૧૬ થી ૨૦ લાખના ટ્રાન્જેકશન થયાનું સામે આવ્યું હતું.


દરમિયાન વારંવાર વ્યાજખોરો પૈસાની પઠાણી ઉઘરાણી કરતા હોય અને ગત તા. ૨૩ એપ્રિલના સવારે નવેક વાગ્યે સલૂન ખાતે જઈ પૈસા આપી દે નહીંતર જાનથી નારી નાખવાની ધમકી આપતાં યુવકે બપોરે દોઢેક વાગ્યે પોલીસ કમિશ્નર કચેરી ખાતે જઈ ફાઈનલ ગટગટાવી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાલ બી ડિવિઝન પોલીસે રાજન અને અંકિત પટેલ વિરુદ્ધ ગુન્હો નોંધી તજવીજ હાથ ધરી છે.

# મોરબીમાં હત્યા કેસમાં આરોપીને આજીવન કારાવાસ

## બાઈક બંધ પડતા ઉભેલા યુવકને કેમ અહીં ઉભો છો તેમ કહી છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધું'તું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીમાં વર્ષ ૨૦૨૧માં સામાન્ય બાબતે છરીનો એક ઘા ઝીકી દઈ યુવકની હત્યા નિપજાવવાનો કેસ અત્રેની મોરબી બીજા એડિશનલ સેસન્સ જજ સાહેબની કોર્ટમાં ચાલી જતા કોર્ટે પુરાવાઓના આધારે હત્યાના ગુનામાં આરોપીને તકસીરવાન ઠેરવી આજીવન કેદ તથા રૂ.૨ લાખના દંડની સજાનો આદેશ કર્યો હતો.



હત્યા કેસની ટુંકમાં હકીકત એવી હતી કે હત્યા કેસમાં ફરીયાદીના ભત્રીજા નવઘણભાઈ તથા તેનો મિત્ર અમનભાઈ જહાંગીરભાઈ બન્ને યુવક તા. ૨૩ નવેમ્બર ૨૦૨૧ ના રાત્રીના બારેક વાગ્યાના અરસામાં પોતાના પાસે રહેલ મોટર સાયકલ બંધ પડતા ઉભા રહેતા તે સ્થળ ઉપર અન્ય એક યુવક મુસ્તુફા ઉર્ફે મુસ્તાક બેઠો હતો, ત્યારે આરોપી મોહસીન ઉર્ફે ગજની ખોખર તે સ્થળે આવેલ અને નવઘણભાઈને કહેવા લાગેલ કે 'અહી કેમ ઉભો છે'..તેમ કહી આરોપી મોહસીન ઉર્ફે ગજનીએ નવઘણભાઈને ગાળો દેવા લાગ્યો હતો જેથી નવઘણભાઈએ આરોપીને ગાળો બોલાવાની ના પાડતા આરોપી મોહસીન ઉર્ફે ગજની એકદમ ઉશ્કેરાઈ જઈ પોતાની પાસે રહેલ છરી વતી મરણજનાર નવઘણભાઈની છાતીમાં એક જીવલેણ ઘા મારી નવઘણભાઈની હત્યા નિપજાવી હતી. ત્યારે હત્યા નિપજાવી આરોપી મોહસીન ઉર્ફે ગજની ઘટના સ્થળેથી નાસી ગયો હતો. ત્યારે હત્યાના ગુનાની મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની આઈપીસી કલમ ૩૦૨ હેઠળ ગુનો નોંધી તેની અટક કરી જેલ હવાલે કર્યો હતો.

જે ઉપરોક્ત હત્યાના ગુનાનો કેસ મોરબી બીજા એડિશનલ સેસન્સ જજ વિરાટ એ.બુધ્ધ ચાલી જતા મૌખિક ૭ તથા દસ્તાવેજી ૩૬ પુરાવા તેમજ સરકારી વકીલ સંજય સી.દવેની ધારદાર દલીલોને ધ્યાને લઈ આરોપી મોહસીન ઉર્ફે ગજની કરીમભાઈ ખોખર ઉવ.૨૬ રહે. હાલ-લજાઈ રામજી મંદિર સામેની શેરી,તા.ટંકારા, જી. મોરબીવાળાને ભારતીય દંડ સહીતાની કલમ ૩૦૨ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં આજીવન કેદની સખ્ત સજા તથા રૂા. ૨,૦૦,૦૦૦/- દંડની રકમ મરણ જનારના વારસને વળતર પેટે ચુકવી આપવા હુકમ કરવામાં આવ્યો હતો.

# મોરબીઃ મહિલા સહીત ચાર બુટલેગરો પાસાના પિંજરે પુરાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

લોકસભાની ચુંટણી અનુસંધાને પ્રોહીબીશનના ગુનાઓમાં સંડોવાયેલ મહિલા સહિત કુલ-૪ ઈસમોને મોરબી જીલ્લા પોલીસ દ્વારા પાસા હેઠળ ડીટેઈન કરી અલગ-અલગ જીલ્લાની જેલ હવાલે કરવામાં આવ્યા હતા.મળતી માહિતી અનુસાર આગામી સમયમાં લોકસભાની સામાન્ય ચુંટણી યોજાનાર હોય જે ચુંટણી શાંતિપુર્ણ અને ભયમુકત વાતાવરણમાં યોજાય અને આદર્શ આચારસહિતાનો અમલ થાય. તે હેતુથી મોરબી જીલ્લાના તમામ પોલીસ મથકમાં પ્રોહીબીશનના ગુન્હાઓમાં સંડોવાયેલ ઈસમો સામે પાસા દરખાસ્ત તૈયાર કરી મોરબી જીલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલતા જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા એ મહિલા સહીત કુલ ચાર બુટલેગરોના પાસા



વોરંટ ઈશ્યુ કરેલ હતા. ત્યારે પાસા વોરંટની બજવણી માટે મોરબી જીલ્લા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી લાલજીભાઈ ઉર્ફે કૌશીકભાઈ જગદીશભાઈ નિમાવત ઉવ-૩૩ રહે જુના નાગડાવાસ તા.જી.મોરબીને ભાવનગર જેલમાં, અશ્વિનભાઈ રાઘવજીભાઈ રાઠોડ ઉવ-૨૨ રહે.જુના નાગડાવાસ તા.જી.મોરબીને જૂનાગઢ જેલમાં, સાગર ઉર્ફે હઠો રામૈયાભાઈ સવસેટા ઉવ.૨૮ રહે.વવાણીયા તા. માળીયા(મી)ને જામનગર જેલમાં તથા મહિલા બુટલેગર રેખાબેન લલીતભાઈ વધોરા ઉવ.૩૫ રહે. મોરબી વાવડી રોડ, ન્યારા પેટ્રોલપંપ પાછળ સ્વામીનારાયણ પાર્ક તા.જી.મોરબીવાળાને વડોદરા જેલમાં મોકલી આપવામાં આવ્યા હતા.

# ટંકારાઃ સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા કારમાં સવાર બે યુવકના મૃત્યુ, બે ઘાયલ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

ટંકારાના નેકનામ પડધરી રોડ ઉપર પુરપાટ ગતિએ ચલાવી જતા સ્વીફ્ટ કારના ચાલકે રોડ ઉપર આવતી ગોળાઈમાં સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા કાર પલ્ટી મારી ગયી હતી. આ ગોઝારા અકસ્માતના બનાવમાં કાર સવાર ચાર યુવકો પૈકી બે સગાભાઈના ઘટના સ્થળે કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જયારે અન્ય બે યુવકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યારે અકસ્માતના આ બનાવમાં કારમાં પાછળની સીટમાં બેથેલ ઈજાગ્રસ્ત યુવક દ્વારા ટંકારા પોલીસ મથકમાં મૃતક સ્વીફ્ટ કાર ચાલક સામે ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર મોરબીના વીસીપરા દશામા ચોક પાસે રહેતા સંજયભાઈ અવચરભાઈ ઝીંઝુવાડીયા ઉવ.૨૧ એ ટંકારા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે ગત તા.૧૮/૦૪ના રોજ બપોરના સમયે સ્વીફ્ટ કારમાં સવાર ચાર યુવકો ટંકારાના નેકનામ ગામેથી પડધરી તરફ જઈ રહ્યા હતા ત્યારે દહીસરડા ગામ નજીક રોડ ઉપર આવતી ગોળાઈમાં મૂળ ભાવનગરના વતની હાલ મોરબી વિશીપરા દશામાના ચોક પાસે રહેતા મૃતક આરોપી સોહેબભાઈ હૈદરભાઈ મિયાણા ઉવ.૩૪ એ સ્વીફ્ટ ગાડી જેના રજી.નંબર જીજે-૦૩-એનએફ-૬૬૪૨ એ સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવતા કાર પલ્ટી ખાઈ ગયી હતી. જેમા કારમાં સવાર ફરિયાદી સંજયભાઈને ફરીયાદીને પગના ભાગે સામાન્ય ઈજા તથા બીજા મિત્ર સાહીલને થાપા ભાગે અને ખંભાના ભાગે ફ્રેકચર જેવી ઈજાઓ થઈ હતી. જયારે કાર ચાલક સોહેબભાઈ હૈદરભાઈ મિયાણા તથા તેની બાજુની સાતમાં બેસેલ અલ્તાફ હૈદરભાઈ મિયાણાને ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતા બંને સગાભાઈના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. હાલ પોલીસે સંજયભાઈની ફરિયાદના આધારે મૃત આરોપી વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરઃ વઘાસીયા ગામે પ્રેમિકાની હત્યામાં આરોપીને આજીવન કેદ

## પ્રેમ સંબંધથી લગ્ન જીવન તુટવાની દહેશતથી કુહાડીના ઘા ઝીંકી ઢીમઢાળી દીધું તુ

**અબતક,રાજકોટ**

વાંકાનેર-મોરબી હાઈવે પર આવેલી સુર્યા ઓઈલ મીલમાં સાથે કામ કરતા પરિણીત પ્રેમીએ પ્રેમિકાને કુહાડીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધી હતી. જે ચકચારી ખુન કેસમાં કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ મોરબી વાંકાનેર નેશનલ હાઈવે ઉપર વઘાસીયા ગામની સીમમાં સુર્યા ઓઈલ એન્ડ એગ્રો ઈન્ડસ્ટ્રીઝમાં કવિતાબેન કેતનભાઈ ચૌહાણ અને આરોપી ધીરજભાઈ જીવાભાઈ સોલંકી બંને સાથે નોકરી કરતા હતા. તે દરમ્યાન બન્ને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. લગ્નજીવન બગડશે તેમજ સમાજમાં બદનામી થશે તેવું લાગતા આરોપીએ સબંધો ટૂંકાવી લેવાનું કહેતા કવિતાબેન ચૌહાણ સબંધો છોડવા તૈયાર ન હોવાથી આરોપીએ છુટકારો મેળવવા માટે કુહાડીના ઘા ઝીંકી કવિતાબેન ચૌહાણની હત્યા કરી હતી. જે અંગે મૃતકના પિતાએ વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં આરોપી ધીરજ જીવાભાઈ સોલંકી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો.

જે કેસ મોરબી સેશન્સ કોર્ટ સમક્ષ ચાલવા ઉપર આવતા સરકાર પક્ષે કુલ ૧૮ સાહેદોની જુબાની અને ૪૨ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા.

સરકારી વકીલ અને મુળ ફરીયાદી વતી રોકાયેલા વકીલ દ્વારા એવી રજુઆત કરવામાં આવી હતી કે, ફરીયાદ પક્ષ દ્વારા પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં આવ્યો છે.

અને જે ફરીયાદીની હકીકતને અન્ય સાહેદો તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્વારા સમર્થન મળ્યું છે. સાથોસાથ

આરોપી પાસેથી કબ્જે કરેલા મોબાઈલ ફોનમાં મૃતક સ્થળ ઉપરના ફોટોગ્રાફસ મળી આવ્યા છે. જે ફોટોગ્રાફસમા આરોપીના પગ દેખાય આવે છે આરોપી દ્વારા યુવતીને નિદર્ય રીતે મારી નાખી તેના ફોટોગ્રાફસ પોતાના મોબાઈલમા પાડી સેવ કર્યા છે તેના ઉપરથી આરોપીની મનોવૃતીનો ખ્યાલ આવી શકે તેમ છે. આરોપી અને મૃતક વચ્ચેના પ્રેમસબંધને લીધે આરોપીનુ લગ્નજીવન બગડશે અને સમાજમા બદનામી થશે તેવી દહેશતે પ્રેમીકને મોતને ઘાટ ઉતારી હોવાની રજુઆત કરવામાં આવી હતી.

ફરીયાદપક્ષ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સ મુજબ પોતાનો કેસ સાબીત કરી શકેલ નહી હોવાથી આરોપીને છોડી મુકવા માટે રજુઆતો કરી હતી.

બન્ને પક્ષની લેખીત-મૌખીક રજૂઆતો, સાહેદોની જુબાનીઓ, રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ અને ઉચ્ચ અદાલતોના ચુકાદાઓને ધ્યાને લઈ મોરબીના સેશન્સ જજ વી.એ. બુધ્ધે આરોપીને આજીવન કેદની સજા અને રૂપીયા બે લાખના દંડની રકમ મૃતકના વારસદારોને વળતર પેટે આપવા હુકમ ફરમાવ્યો છે.

આ કેસમાં સરકાર પક્ષે એ.પી.પી. સંજયભાઈ સી. દવે અને મુળ ફરીયાદી વતી રાજકોટના એડવોકેટ લલિતસિંહ જે. શાહી, ભુવનેશ એલ. શાહી, કૃણાલ એલ. શાહી, ચંન્દ્રકાંત એમ. દક્ષીણી, યોગેશ બારોટ, સુરેશ આર. ફળદુ, મનીષ આર. ગુરૂંગ, નિશાંત એમ. જોષી, મોરબીના એડવોકેટ જીતેન અગેચાણીયા અને જીતુ સોલંકી રોકાયા હતા.

# લખતરના દરબારગઢમાં ક્ષત્રીય સમાજની બેઠક યોજાઇ

## ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા ચર્ચા કરાઈ



**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**

ક્ષત્રિય સમાજમાં રોષ યથાવતઃલખતરના દરબારગઢમાં સમાજના લોકોની બેઠક યોજાઈ, ભાજપ વિરુદ્ધ મતદાન કરવા અંગે ચર્ચા કરવામાં આવી

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર ખાતે દરબાર ગઢમાં ક્ષત્રિય સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં ક્ષત્રિય સમાજની બેઠકને લઈને રાજકારણ ગરમાયું છે. જેમાં પુરુષોત્તમ રૂપાલાના અપમાનજનક નિવેદનનો વિરોધ કરી ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ક્ષત્રિય સમાજના આગેવાનો, હોદેદારો અને યુવાનો મોટી સંખ્યામાં બેઠકમાં જોડાયા હતા.

રાજકોટ ભાજપ લોકસભાના ઉમેદવાર પરષોતમ રૂપલા દ્વારા જે ક્ષત્રિય સમાજ વિશે અભદ્ર ટિપ્પણી કરવામાં આવી હતી. ત્યાર બાદ ક્ષત્રિય સમાજ દ્વારા એની ટિકિટ રદ કરવા રજૂઆત કરવામાં આવી હતી. અને દરેક તાલુકા અને જિલ્લામા ક્ષત્રિય સમાજ દ્વારા આવેદનપત્રો પણ આપવામાં આવ્યા હતા. અને કેસો પણ કરવામા આવ્યા હતા. અને ઘણા ક્ષત્રિય સંમલેન કરવામા આવ્યા છતાં પણ ક્ષત્રિય સમાજની ક્યાંય રજૂઆત ધ્યાનમા ના લેવામા આવી અને ક્ષત્રિય સમાજની અવગણના કરી નાખી હતી.

એ બાબતે હવે ગુજરાતના દરેક તાલુકા અને જિલ્લાના ગામડાઓમા ક્ષત્રિય સમાજનો ભાજપ તરફી વિરોધ થઈ રહ્યો છે. ત્યારે લખતર ખાતે દરબાર ગઢમાં ક્ષત્રિય સમાજની બેઠક યોજાઈ હતી. જેમાં ક્ષત્રિય સમાજની બેઠકને લઈને રાજકારણ ગરમાયુ છે.જેમાં પુરુષોત્તમ રૂપાલાના અપમાનજનક નિવેદનનો વિરોધ કરી ભાજપ વિરૂદ્ધ મતદાન કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ક્ષત્રિય સમાજના આગેવાનો, હોદેદારો અને યુવાનો મોટી સંખ્યામાં બેઠકમાં જોડાયા હતા.

## છતે પાણીએ, પાણીના સાસા જેવો ઘાટ

# સુરેન્દ્રનગર-વઢવાણની જીવાદોરી ધોળીધજા ડેમમાં પાણી હોવા છતાં અનિયમિત પાણીથી પ્રજાને હાલાકી

## પાલિકાની અણઆવડતથી સર્જાતા ધાંધીયા સામે પ્રજામાં રોષ

**અબતક, શબનમ ચૌહાણ, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર શહેરના અનેક વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસથી પાલિકા દ્વારા અનિયમિત પાણી વિતરણ કરવામાં આવતું હોવાની ફરિયાદો ઉઠી રહી છે. છેવાડાના વિસ્તારમાં પુરતુ પાણી ન મળતા લોકોને ભર ઉનાળે પાણી માટે વલખા મારવાની નોબત આવી છે. જેને લઈને પાલિકા તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે.

સુરેન્દ્રનગર અને વઢવાણને પાણી પુરૂ પાડતો ધોળીધજા ડેમ છલોછલ ભરેલો હોવા છતાં શહેરમાં પાણી વિતરણમાં પાલિકા તંત્ર દ્વારા ધાંધીયા કરવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠી છે. સુરેન્દ્રનગર શહેરના અનેક વિસ્તારમાં છેલ્લા એક અઠવાડિયાથી પાણી નિયમિત વિતરણ ન થતાં લોકોને હાલાકી પડી રહી છે.

હાલ ઉનાળાની કાળઝાળ ગરમીમાં અનિયમિત પાણી વિતરણ થતાં લોકો પાણી વેચાતુ લેવા મજબુર બન્યાં છે. છેવાડાના અનેક વિસ્તારમાં ત્રણ દિવસના બદલે ચાર કે પાંચ દિવસે પાલિકા દ્વારા પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે અને તે પણ પુરતા પ્રમાણમાં ન મળતું હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

ઉલ્લેખનીય છે કે, થોડા દિવસો પહેલા જ ધોળીધજા ડેમ ઓવરફ્લો થતાં, તેમજ બસ સ્ટેશન પાસે પાણીની લાઈનમાં ભંગાણ થતાં હજારો લીટર પાણીનો વેડફાટ થયો હતો. આમ એક તરફ પાણીનો વેડફાટ થઈ રહ્યો છે, જ્યારે બીજી તરફ શહેરીજનોને પુરતા પ્રમાણમાં પાણી નથી મળી રહ્યું, જેને લઈને લોકોમાં પાલિકા તંત્રની કામગીરી સામે રોષ જોવા મળી રહ્યો છે.

પાણી વિતરણ માટેની જે ઈલેક્ટ્રિક મોટર ડેમ પર આવેલી છે તેમાં શોર્ટ સકટના કારણે ખામી સર્જાતા પાણીની વિતરણ વ્યવસ્થા ખોરંભે ચડી હોવાની વિગતો પાલિકાના સુત્રો પાસેથી માહિતી મળી રહી છે. સુરેન્દ્રનગર-વઢવાણની જનતાને પાણી નિયમિત અને પુરતુ આપવા કરોડો રૂપિયાના ખર્ચે નવી પાઈપલાઈન નાંખવામાં આવી હતી. તેમ છતાં આકરા ઉનાળામાં પણ શહેરીજનોને નિયમિત અને પુરતુ પાણી ન મળતા પાલિકાના સત્તાધીશો અને ચૂંટાયેલા નેતાઓની કામગીરી સામે સવાલો ઉભા થયાં છે.

# મોરબીઃ ભાઈ સાથે મોબાઈલમાં માથાકુટ થતા યુવકનો આપઘાત

## ટંકારાઃ પારિવારીક ચિંતામાં શ્રમિકે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**અબતક, ઋષી મહેતા, મોરબી**

ટંકારાના લખધીરગઢ રોડ ઉપર રાધા-લક્ષ્મી સ્પીન ટેક્ષ પ્રા.લીમીટેડમાં મજૂરી કામ કરતા મૂળ ઝારખંડના સોનારાથડી ગામનો રહેવાસી હાલ સ્પીન મીલની લેબર કોલોનીની ઓરડીમાં રહેતા સંતાષ સિતારામ ગોસ્વામિ ઉવ.૩૦ એ ગઈકાલ તા.૨૩/૦૪ના રોજ સવારના સમયે પોતાની ઓરડીએ એકલા હતા ટેન્સના કારણે આવેશમાં આવી જઈ પોતાની જાતે છતમાં લાગેલ પંખામાં માથે બાધવાના ગમછો બાંધી ગળેફાંસો ખાઈ લેતા પ્રથમ ૧૦૮ એમ્બ્યુલન્સને ટેલિફોનિક જાણ કરી હતી ત્યારે એમ્બ્યુલન્સના ઈ.એમ.ટી રૂબિનાબેન કુરેશીએ સંતોષ ગોસ્વામિને જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કરતા ટંકારા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# માંગરોળ : માનસિક બિમારીથી કંટાળીને વૃદ્ધાનો આપઘાત

**અબતક,રાજકોટ**

માંગરોળ તાલુકાના ગોડાદરા ગામે રહેતા વૃદ્ધાએ માનસિક બીમારીના કારણે એસિડ પી લેતા સિવિલ હોસ્પિટલમાં સારવારમાં તેનું મોત નિપજ્યું છે. પરિવારમાં કલ્પાંત છવાઈ જવા પામ્યો છે.

જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના ઘોડાદરા ગામે રહેતા લીલીબેન મોહનભાઈ આડેદરા નામના ૬૦ વર્ષીય વૃદ્ધાએ એસિડ પી લેતા તેનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં વિલીબેન આડેદરાએ માનસિક બીમારીના કારણે આ પગલું ભર્યું હતું.

વૃદ્ધાને સારવાર માટે પોરબંદર સરકારી હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ચાલુ સારવારમાં વૃદ્ધાનું મોત નિપજ્યું છે. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પોલીસની જાણ કરી.ઘરમાં વૃધ્ધ દંપતી એકલા જીવન વ્યતિત કરતા હતા અને બંને નિવૃત્ત હતા. પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

# મોરબીઃ વ્યાજખોરના ત્રાસથી લાપતા થયેલ યુવક હેમખેમ ઘરે પરત

## પઠાણી ઉઘરાણીથી કંટાળી યુવકે ઘર છોડ્યું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના રવાપર રોડ વિદ્યુતનગરમાં આવેલ મીલેનીયમ હાઈટ્સમાં રહેતા યુવકે વ્યાજે રૂપિયા લીધેલ હોય, ત્યારે લીધેલ રૂપિયા પરત આપી દીધા હોવા છતાં વધુ રૂપિયાની લાલચે વ્યાજખોરો આપેલ રૂપિયાની ઉઘરાણી કરી અવાર નવાર ધમકી આપતા યુવક પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યો જતા યુવકના પિતા દ્વારા પુત્ર લાપતા થયાની સીટી એ ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી હતી. જે યુવકને ગત તા.૨૨/૦૪ના રોજ તેમના પિતા ગોવાથી હેમખેમ ઘરે પરત લાવતા એ ડિવિઝન પોલીસ મથકમાં પુત્ર મળી આવેલની જાણ કરેલ હતી.

મળતી માહિતી અનુસાર મોરબીના રવાપર રોડ સ્થિત વિદ્યુતનગરમાં આવેલ મિલેનિયમ હાઈટ્સ બ્લોક નં ૩૦૧માં રહેતા શૈલેષભાઈ ડાયાભાઈ દેથરીયા ઉવ.૫૦ એ ગત.૧૭/૦૪ના રોજ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પોતાનો પુત્ર ઉત્તમભાઈ શૈલેષભાઈ દેથરીયા ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યો ગયો હોવાની ફરિયાદ નોંધાવી હતી. જેને પગલે પોલીસે ગુમસુધા નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે બીજીબાજુ શૈલેષભાઈએ લાપતા બનેલ પુત્રની ઘરમેળે તપાસ કરતા હોય તે દરમિયાન પોતાનો પુત્ર ઉત્તમભાઈ ગોવા હોવાની ભાળ મળતા શૈલેષભાઈ તેમના પુત્રને ગોવાથી હેમખેમ મોરબી પરત લાવ્યા હતા. અને સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં પુત્ર ઘરે પરત આવી ગયેલાની જાણ કરતા પોલીસે લાપતા વ્યકિત મળી આવ્યાની નોંધ કરી જાહેર કર્યું હતું.

ત્યારે ઉત્તમભાઈએ વ્યાજે લીધેલ રૂપિયા ચૂકવી આપ્યા હોવા છતાં વ્યાજખોરો દ્વારા માનસિક ત્રાસ આપી અવાર નવાર વધુ રૂપિયાની માંગણી કરી ધમકીઓ આપતા જેથી વ્યાજખોરના ત્રાસથી કંટાળી ઘર છોડ્યું હોવાની વિગત આપી ચામડાતોડ વ્યાજ વસુલ કરતા અને વધુ રૂપિયાની માંગણી કરી ધમકીઓ આપતા વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરી છે.

# મોરબીઃ અપમૃત્યુના બનાવમાં આધેડ સહીત બે વ્યક્તિના મોત

**અબતક,ઋષી મહેતા, મોરબી**

મોરબી તાલુકાના નીચી માંડલ નજીક સીરામીક ફેક્ટરીના ક્વાર્ટરમાં તેમજ ટંકારા નજીક આવેલ સ્પિન મીલના લેબર ક્વાર્ટરમાં એક આધેડ સહીત બે લોકોએ ગળેફાંસો ખાઈ પોતાના જીવનનો અંત આણ્યો હતો.

જેમાં પ્રથમ અપમૃત્યુના બનાવની મળતી વિગતો મુજબ મોરબી તાલુકાના નીચી માંડલ ગામ નજીક સીમપેરા સીરામીકમાં કામ કરતા અને સિરામિકની લેબર કોલોનીના ક્વાર્ટરમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના સાહપુર ગામના વતની ઉમેશ રામપાલસિહ ઉર્ફે આપજી યાદવ ઉવ.૪૨ વાળાના ભાઈ વતનમા હોય જેની સાથે ગઈ તા-૨૨/૦૪ના રોજ ફોન કરીને વાતચીત કરતા હતા ત્યારે સામાન્ય બોલાચાલી થયેલ હોય જે બાબતે મનમા લાગી આવતા તા-૨૩/૦૪ના બપોરના સુમારે ઉમેશભાઈએ પોતાની જાતે ગળેફાસો ખાઈ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું.

# વાંકાનેરઃ કે.કે. શાહ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા ચૂંટણી પ્રક્રિયાનું પ્રત્યક્ષ નિદર્શન કરાયું

## મામલતદાર કચેરી દ્વારા મતદાન જાગૃત્તિ ૧૧૨ વિદ્યાર્થીઓએ લીધો ભાગ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

લોકસભાની ચૂંટણી - ૨૦૨૪ અંતર્ગત મોરબી જિલ્લામાં લોકોને મતદાન માટે જાગૃત કરવા તેમજ ચૂંટણી પ્રક્રિયા અંગે વાકેફ કરવા માટે વિવિધ આયોજન કરવામાં આવી રહ્યા છે. ત્યારે મોરબી જિલ્લા ચૂંટણી તંત્રના માર્ગદર્શન હેઠળ ૬૭-વાંકાનેર વિધાનસભા મતવિસ્તારમાં વાંકાનેર મામલતદાર યુ. વી. કાનાણીના નેતૃત્વમાં વાંકાનેર ખાતે આવેલ કે. કે. શાહ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયમાં ધોરણ-૯ અને ૧૧ ના ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત ચૂંટણી પ્રક્રિયાનું નિદર્શન યોજવામાં આવ્યું હતું.



આ નિદર્શન કાર્યક્રમ અંતર્ગત મોક ચૂંટણી પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા મતદાર યાદી તૈયાર કરવી, મતદાન મથક તૈયાર કરવું, મતદાન અધિકારીઓને તાલીમ આપવી તેમજ મતદાનની સમગ્ર પ્રક્રિયા સહિતની કામગીરી કરવામાં આવી હતી. બાળકોમાં વિદ્યાર્થી જીવન દરમિયાન જ ચૂંટણી પ્રક્રિયા અંગે જાગૃતતા આવે અને આ બાળકો સહિત તેમના પરિવારજનો પણ મતદાન અને ચૂંટણી પ્રક્રિયા અંગે જાગૃત બને તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શાળાના ૧૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મતદાન જાગૃતિ અંતર્ગતના આ કાર્યક્રમમાં વાંકાનેર મામલતદાર વી. કાનાણી, નાયબ મામલતદાર મન્સુરી, શાળાના પ્રમુખ વિનુભાઈ રૂપારેલીયા, શાળાના આચાર્ય નિલેશભાઈ ધોકિયા, ભુપતભાઈ છૈયા સહિત સમગ્ર સ્ટાફે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

મતદાન જાગૃતિ અને ચૂંટણી પ્રક્રિયા અંગે લોકોને જાગૃત કરવાના ભાગરૂપે ૬૭-વાંકાનેર વિધાનસભા મતવિસ્તારમાં મામલતદાર કચેરી દ્વારા વાંકાનેરની કે. કે. શાહ વિદ્યાલયમાં મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું પ્રત્યક્ષ નિદર્શન કરવામાં આવ્યું હતું.

# જામનગર ક્રાઈમ

## શંકર ટેકરીમાં યુવાને ધમકીઃ પત્ની સહિત ત્રણ મહિલા સામે ધમકી રાવ

**અબતક, જામનગર**

જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં રહેતા એક યુવાને પોતાના ઘરમાં આવી ધાકધમકી આપવા અંગે પોતાની પત્ની સહિત ત્રણ મહિલાઓ સામે ફરિયાદ નોંધાવતાં ભારે ચકચાર જાગી છે.

જામનગરમાં શંકર ટેકરી નવી નિશાળ પાસે રહેતા વસીમભાઈ હાજીભાઈ ખફી નામના યુવાને પોતાના ઘરમાં આવી અપશબ્દો બોલી ધમકી ઉચાર્યાની અને અન્નાભાઈ હસ્તે પતાવી નાખવા ની ધમકી આપવા અંગે પોતાની પત્ની શહેનાઝ વસીમભાઈ ખફી, ઉપરાંત અંજુમબેન અનવરભાઈ ઉર્ફે અન્નાભાઈ ખફી અને રસીદાબેન ગુલઝાર ખફી સામે ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને સીટી સી. ડિવિઝનના મહિલા એ.એસ.આઈ. ડી.જે. જોષીએ તપાસ શરૂ કરી છે.

## પંચવટીમાં બહુચર્ચિત શિક્ષિકા આપઘાત કેસના નાસતો ફરતો શખ્સ પકડાયો

**અબતક, જામનગર**

જામનગરના પંચવટી વિસ્તારમાં એક શિક્ષિકા ના આપઘાતના બહુ ચર્ચિત કેસમાં છેલ્લા ૧૧ માસથી નાસતા ફરતા આરોપીને એલ.સી.બી. ની ટીમે શોધી કાઢ્યો છે, અને સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે.

જામનગરના પંચવટી વિસ્તારમાં રહેતી એક શિક્ષિકાએ ૧૧ માસ પહેલાં આત્મહત્યા કરી લીધી હતી. જે બનાવ અંગે મૃતક ના ભાઈ ઈશાકભાઈ ઈબ્રાહમભાઈ હુંદડા એ જામનગરના ત્રણ આરોપીઓ અફરોઝ ચમડિયા, રજાક સાઈચા અને અખ્તર ચમડીયા સામે ફરિયાદ નોંધાવી હતી, જેઓના ત્રાસ ના કારણે તેણીની બહેને આત્મહત્યા કરી લીધી હોવાની સુસાઈડ નોટ પણ પોલીસ સમક્ષ રજૂ કરી હતી.

જે ગુનામાં આરોપી અફરોઝ તૈયબભાઈ ચમડીયા નાસતો ફરતો રહ્યો હતો, જે આરોપી ધ્રોળ તાલુકાના લૈયારા નજીક એક દરગાહ પાસે ઉભેલો છે, તેવી બાતમીના આધારે એલસીબી ની ટુકડીએ ઝડપી લીધો છે, અને જામનગર લઈ આવ્યા પછી સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દીધો છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ ચકચારી કેશ લડનારા એડવોકેટ કે જેની તાજેતરમાં હત્યા નીપજાવાઈ હતી, તે શિક્ષિકા આપઘાત પ્રકરણના ફરારી આરોપીની એલસીબી ની ટીમ દ્વારા અટકાયત કરાઈ છે.

## દુષ્કર્મ અને સૃષ્ટિ વિરૂધ્ધના કૃત્યમાં આરોપીને ૨૦ વર્ષની સજા

### ૧૩ વર્ષની સગીરા સાથે હવસખોરોએ આચર્યુ કૃત્ય પિડીતાને નવ લાખનું વળતર ચુકવવા હુકમ

**અબતક,જામનગર**

જામનગરમાં એક સગીરા સાથે પોતાના ઘરમાં એક થી વધુ વખત સૃષ્ટિ વિરુદ્ધ નું કૃત્ય અને દુષ્કર્મ આચારવા તથા તળાવ ની પાળ જેવા જાહેર સ્થળે શારીરિક અડપલા કરનાર આરોપી સામે પોક્સ સહિત ની કલમ મુજબ ગુનો નોંધાયો હતો.જે ગુના માં આરોપી ને ૨૦ વર્ષ ની સખત કેદ ની સજા નો અદાલતે આદેશ કર્યો છે.

જામનગર ના ગોકુલ નગર વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષની એક સગીરા ગત તાં.૧૧ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ પોતાની સ્કૂલે જતી હતી ત્યારે તેની પડોશમાં માં જ રહેતો ભાયાભાઈ જગાભાઈ આંબલીયા નામનો આધેડ તેણીને પોતા ની બાઈક માં બેસાડી ને તળાવ ની પાળે લઈ ગયો હતો.જયા તેણે સગીરા સાથે બીભત્સ સારીરિક છેડછાડ અને અડપલા કર્યા હતા.

આખરે તેની ગભરાઈ જતા ત્યાં થી નાંશી ગઈ હતી.અને પોતાના પરિવાર ને વાત કર્યા પછી પોલીસ મા ફરિયાદ નોંધાવાઈ હતી.જેમ એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે ભોગબનનાર સગીરા આરોપી ની દીકરી પાસે તેના ઘરે અભ્યાસ માટે જતી હતી ત્યારે પણ એકલતા નો લાભ લઈને આરોપી ભયાભાઈ એ સગીરા સાથે એક થી વધુ વખત સૃષ્ટિ વિરૂદ્ધ નું કૃત્ય અને દુષ્કર્મ આચર્યું હતું .

પરંતુ ડર નાં કારણે આ બનાવો ની કોઈને જાણ કરી ન.હતી.

આખરે તમામ બનાવ અંગે પોલીસ મા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ભાયા આંબલીયા ની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. આ અંગે નો કેસ ચલી જતા સરકારી વકિલ ની દલીલો અને તમામ પુરાવાઓ , સા નાં નિવેદન ,તબીબી અભિપ્રાય વગેરે ને ધ્યાને લઈ ને સ્પે.કોર્ટ નાં ન્યાયધીશ આરતીબેન વ્યાસે પોતા નાં ચુકાદા મા આરોપી ભાયા જગાભાઈ આંબલીયા ને ૨૦ વર્ષ ની સખત કેદ અને રૂ.૧૫૦૦૦ નો દંડ અને દંડ ની રકમ ભરપાઈ ન કરે તો વધુ છ માસ ની સજા તેમજ ભોગ બનનાર ને રૂ.૯ લાખ નું વળતર ચૂકવવા નો આદેશ કર્યો હતો. આ કેસ મા સરકાર વકીલ તરીકે ભારતીબેન વાદી રોકાયા હતા.

## દરેડ જી.આઈ.ડી.સી.માં બ્રાસની ભઠ્ઠીથી બે બાળમજૂરોને મુક્ત કરાવાયા

### બાળકો પાસે કામ કરાવનાર બ્રાસની ભઠ્ઠીના સંચાલક સામે ગુનો નોંધી અટકાયત કરાઈ

**અબતક, જામનગર**

જામનગરના દરેડ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલી મહાકાળી ફોર્જિંગ નામની બ્રાસ ની ભઠ્ઠીમાં સગીરવયના બાળકો કામ કરતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો, અને બાળમજૂરી કરી રહેલા બે બાળકોને મુક્ત કરાવ્યા છે, અને બાળ સંરક્ષણ ગ્રહમાં મોકલી આપ્યા છે. જ્યારે બ્રાસ ની ભઠ્ઠી ના સંચાલકની સામે ગુનો નોંધી તેની અટકાયત કરી લેવામાં આવી છે.

જામનગરના પોલીસ ના એ.એચ.ટી.યુ. વિભાગના પોલીસ ઈન્સ્પેકટર એન.ડી. સોલંકી અને તેમના સ્ટાફને ચોક્કસ માહિતી મળી હતી, કે જામનગર નજીક દરેડ વિસ્તારમાં આવેલી મહાકાળી ફોર્જિંગ નામની બ્રાસ ની ભઠ્ઠી માં નાના બાળકોને કામે રાખીને બાળમજૂરી કરાવી બાળકોનું શારીરિક તેમજ આર્થિક શોષણ કરવામાં આવે છે.

જે માહિતીના આધારે એ. એચ. ટી.યુ. ની પોલીસ ટીમે દરોડો પાડ્યો હતો.

જે દરોડા દરમિયાન ૧૩વર્ષ તેમજ ૧૭ વર્ષથી નાની વયના બે સગીર બાળકો કામ કરી રહેલા મળી આવ્યા હતા. જેથી શ્રમ યુક્ત અધિકારી ડી.ડી. રામીએ બંને બાળકોનો કબ્જો સંભાળી લઈ બાળ સંરક્ષણ ગૃહમાં મોકલી આપ્યા છે.

ઉપરાંત બ્રાસ ની ભઠ્ઠી ના સંચાલક મિલન મનસુ:ખભાઈ અમરોલીયા સામે કાર્યવાહી કરી તેની અટકાયત કરી લેવામાં આવી છે.

## વાલસુરાના નેવલ ભરતી ફ્રોડના કેસમાં ત્રણ વર્ષથી વોન્ટેડ શખ્સ ઝડપાયો

**અબતક, જામનગર**


જામનગર ભરતી ના ફ્રોડ અંગેનો એક ગુનો આજથી ત્રણ વર્ષ પહેલાં બેડી મરીન પોલીસ મથકમાં નોંધાવાયો હતો, તે પ્રકરણના નાસતા ફરતા આરોપીને રાજસ્થાનના સીકર જિલ્લામાંથી જામનગર પોલીસે ઝડપી લીધો છે. જેને જામનગર લઈ આવ્યા પછી વધુ પૂછપરછ શરૂ કરાઈ છે.

જામનગરના બેડી મરીન પોલીસ મથકમાં આજથી ત્રણ વર્ષ પહેલાં આઈએનએસ વાલસુરામાં નેવલ ભરતીના ફ્રોડ અંગે નો એક ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જે ગુનામાં રાજસ્થાનના સિકર જિલ્લાના ભોજાશરડે ગામના આરોપી ઓમપ્રકાશ ઢાકા સામે ગુન્હો નોંધી ફરારી જાહેર કરવામાં આવ્યો હતો.

જે ગુનામાં પોતે છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો રહ્યો હતો. અને ઉપરોક્ત આરોપી હાલ પોતાના વતનમાં પહોંચ્યો હોવાની બાતમીના આધારે જામનગરના સીટી બી.ડિવિઝનના પોલીસ સ્ટાફે તપાસનો દોર રાજસ્થાનના શિકર જીલ્લા સુધી લંબાવ્યા પછી ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસ ની મદદથી આરોપી ઓમપ્રકાશ ઢાકા સુખદેવસિંહ ઢાકાને શિકર જિલ્લામાંથી ઝડપી લેવા આવ્યો છે. જેને જામનગર લઈ આવ્યા પછી વધુ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

# સુરેન્દ્રનગરઃ ગરમીમાં પાકને વારંવાર હળવું પિયત આપવું જોઈએ

**અબતક-શબનમ ચૌહાણ- સુરેન્દ્રનગર**



ગુજરાતમાં ઉનાળો મધ્યાહ્ને તપી રહ્યો છે. માનવ અને પશુ પર આગ ઓકતી ગરમીની અસર થવાની સાથે મહામૂલા પાકને પણ તેની અસર થાય છે ત્યારે ગરમીથી તેનું રક્ષણ કેવી રીતે કરવું તે બાબતે કૃષિ નિષ્ણાતો વિશેષ જાણકારી આપી રહ્યા છે. તેમના મતે હાલની સ્થિતિમાં પાકને વારંવાર હળવું પિયત આપવું જોઈએ અને તે પણ ખાસ કરીને સવાર અને સાંજના સમયે જ. પ્રાપ્ત વિગતો મુજબ હીટવેવ દરમિયાન ખેતરમાં ઉભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. મગફળી, મગ, અડદ, બાજરી, જુવાર, તલ વગેરે પાકમા વહેલી સવારે અને સાંજના સમયે પિયત આપવું જોઈએ. પિયત માટે શક્ય હોય તો ફૂવારા પદ્ધતિનો ઉપયોગ કરવો.વધુમાં જણાવાયું છે કે, વાવણી કરેલ પાકોમાં આંતરખેડ તથા નિંદામણ કરવું, આગામી દિવસોમાં દિવસના તાપમાનમાં સામાન્ય વધારો થવાની સંભાવના હોઈ તથા જમીનના પ્રત ધ્યાનમાં લઈ જરૂરિયાત મુજબ પિયત આપવું. તાપમાનમાં વધારો થવાથી ભીંડામાં પાન કથિરીના નિયંત્રણ માટે ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ.સી. ૮ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવીને પાક પર હવામાન ચોખ્ખુ હોય ત્યારે છંટકાવ કરવો.આ ઉપરાંત તાપમાનમાં વધારો થવાથી રીંગણમાં પાન કથિરીના નિયંત્રણ માટે પ્રોપાર્ગાઈટ ૫૭ ઈસી ૨૦ મિલી અથવા ફેનાઝાક્વીન ૧૦ ઈસી ૧૦ મિલી અથવા ઈટોક્ષા સોઝેલ ૧૦ એસ સી ૮ મિલી અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસ.સી. ૮ મિલી પ્રતિ ૧૦ લીટર પાણીમાં ભેળવીને પાક પર હવામાન ચોખ્ખું હોય ત્યારે છંટકાવ કરવો. કેળા, દાડમ, લીંબુ, આંબાના બગીચામા યોગ્ય ભેજ જાળવવા તથા તાપની અસર ના થાય તે માટે સાંજ અથવા સવારના સમયે ટૂંકા અંતરે હળવું પિયત આપવું તથા પાક અવશેષોનું આવરણ કરવુ, તેમ વધુમાં જણાવાયું છે.

## લોધીકાઃ ખાંભા ગામે યુવકની હત્યામાં શકદારની પુછપરછ

### મૃતકની ઓળખ મેળવવા અને ભેદ ઉકેલવાની શક્યતા

**અબતક, રાજકોટ**

લોધીકા તાલુકાના ખાંભા ગામેની સીમમાં અજાણ્યા યુવકની તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી કરાયેલી કરપીણ હત્યાના ગુનામાં પોલીસે શકદારને ઉઠાવી મૃતકની ઓળખ મેળવવા અને કારણ જાણવા તપાશનો ધમધમાટ આદર્યો છે. પોલીસ હત્યાનો ભેદ ઉકેલવાની આરે હોવાની શક્યતા દર્શાવી રહી છે. પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ લોધીકા તાલુકાના ખાંભા ગામની સીમમાં લોહી લુહાણ હાલતમાં અજાણ્યા યુવકની લાશ પડી હોવાની રાહદારીએ લોધીકા પોલીસ મથકના સ્ટાફને થતા ફાકલો દોડી ગયો હતો. પોલીસ સ્ટાફે મૃતદેહને કબ્જો સંભાળી મોતનું કારણ જાણવા રાજકોટ સિવિલ હોસ્પિટલે ફોરેન્સીક પી.એમ. અર્થે ખસેડ્યો હતો. જેમાં ગળા, કપાળ, પેટના ભાગે તિક્ષ્ણ હથિયારથી ઈજા પહોંચાડી મોત નિપજાવ્યાનું ખુલ્યું હતું. પોલીસે જગદીશભાઈ લવાભાઈ સખીયાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી મૃતકની ઓળખ મેળવવા આઈપીએસ આયુષ જૈન દ્વારા તપાશ હાથ ધરી છે.

પોલીસ વિવિધ દિશામાં તપાશ હાથ ધરવામાં આવતા જેમાં શકદાર તરીકે એક શ્રમિકને ઉઠાવી પ્રાથમિક તપાશ હાથધરી છે. જેમાં દારૂની પાર્ટીમાં માથાકૂટ થઈ હોવાથી ઢીમ ઢાળી દીધાની આશંકાએ તરફ તપાશનો દૌર ચાલી રહ્યો છે અને ભેદ ઉકેલવાને આરે હોવાની શક્યતા સેવાઈ રહી છે.

(પહેલા પાનાનું ચાલું)

**લદાખ...**

જનરેટર સ્થાપિત કરવાનો ઉદ્દેશ્ય છે.

વધુમાં પેટાળના ઝરણાનું આ ગરમ પાણી આખા વર્ષ દરમિયાન અયોગ્ય વાતાવરણમાં વિવિધ પાકની ખેતી કરવામાં મદદ મળે છે. ભૌગોલિક રીતે ગરમ ગ્રીનહાઉસ ફળો, શાકભાજી અને ફૂલો ઉગાડવા માટે નિયંત્રિત વાતાવરણ પૂરું પાડે છે. તે માછલીની ખેતી, માછલીના ઉત્પાદનોને સૂકવવા અને ખનિજ નિષ્કર્ષણમાં પણ ઉપયોગી છે.

ઈન્ટરનેશનલ રિન્યુએબલ એનર્જી એજન્સી અનુસાર, ૨૦૨૨ના અંતે, જીઓથર્મલ પાવર જનરેટર વિશ્વમાં સ્થાપિત રિન્યુએબલ એનર્જી ઉત્પાદન ક્ષમતાના ૦.૪% જેટલો હિસ્સો ધરાવે છે, જેની કુલ સ્થાપિત ક્ષમતા લગભગ ૧૪.૯ ગીગાવોટ છે.

સૌથી વધુ સ્થાપિત ક્ષમતા ધરાવતા દેશોમાં ઈન્ડોનેશિયા, ઈટાલી, કેન્યા, મેક્સિકો, ન્યુઝીલેન્ડ, ફિલિપાઈન્સ, તુર્કી, આઈસલેન્ડ અને યુએસનો સમાવેશ થાય છે. ૨૦૨૨ માં વિશ્વભરમાં માત્ર ૧૮૧ મેગાવોટ નવી જિયોથર્મલ પાવર ઉત્પાદન ક્ષમતા કાર્યરત કરવામાં આવી હતી. તુલનાત્મક રીતે, તે જ વર્ષમાં ૧૯૧ ગીગા વોટ સોલર ક્ષમતા ઉમેરવામાં આવી હતી.

**જિયોથર્મલ...**

મોટા પ્રમાણમાં પાણીની જરૂર પડે છે. જ્યારે કેટલાક છોડ પાણીનો વપરાશ ઘટાડવા માટે બંધ-લૂપ સિસ્ટમ્સનો ઉપયોગ કરે છે, જ્યારે અન્ય ઓપન-લૂપ સિસ્ટમ્સ પર આધાર રાખે છે જે વપરાશ અથવા દૂષણ દ્વારા સ્થાનિક જળ સંસાધનોને અસર કરી શકે છે.

**કુદરતી આફતો...**

માનવ જીવન અને પર્યાવરણને નુકશાનમાં અસર કરી રહ્યું છે.

રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ગયા વર્ષે એશિયામાં ૭૯ હાઈડ્રો-મીટિઅરોલોજીકલ આફતો આવી હતી. આમાંથી ૮૦ ટકા આફતો પૂર અને તોફાન સાથે સંબંધિત હતી. આના કારણે ગયા વર્ષે એશિયામાં બે હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૯૦ લાખ લોકોને અસર થઈ હતી. રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૩ ૧૯૯૧-૨૦૨૦ના સરેરાશ તાપમાન કરતાં ૦.૯૧ ડિગ્રી વધુ ગરમ હતું. તે જ સમયે, તે ૧૯૬૧-૧૯૯૦ ના સરેરાશ તાપમાન કરતાં ૧.૮૭ ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ હતું. જાપાન અને કઝાકિસ્તાનમાં રેકોર્ડ ગરમી

ભારતમાં એપ્રિલથી જૂન વચ્ચે તીવ્ર ગરમીનું મોજું હતું, જેના કારણે ૧૧૦ લોકોના મોત થયા હતા. દક્ષિણપૂર્વ એશિયા એપ્રિલ અને મે વચ્ચે ગરમીના મોજાથી પ્રભાવિત થયું હતું, જેણે બાંગ્લાદેશ, પૂર્વ ભારત અને ચીનના ઉત્તર અને દક્ષિણ વિસ્તારોને અસર કરી હતી. આબોહવા પરિવર્તનને કારણે, તુરાન નીચાણવાળી જમીન (તુર્કમેનિસ્તાન, ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન), હિંદુકુશ પ્રદેશ (અફઘાનિસ્તાન, પાકિસ્તાન), હિમાલયના પ્રદેશમાં ગંગા અને બ્રહ્મપુત્રાની નીચલી પહોંચ (ભારત, બાંગ્લાદેશ), અરાકાન પર્વતમાળા (મ્યાનમાર) અને મેકોંગ નદીના નીચલા ભાગોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ નોંધાયો હતો.

વધુમાં ભારતમાં ૨૦૨૩માં હવામાનને લગતી દુર્ઘટનાઓમાં ૨૩૭૬ લોકોના મોત નિપજ્યા છે. જેમાં સૌથી વધુ ૧૨૭૬ લોકોના વીજળી પડવાથી મોત નિપજ્યા છે. વાવાઝોડાથી ૮૬૨ લોકોના તથા પુર અને વરસાદથી પણ ૮૬૨ લોકોના અને ગરમીથી ૧૬૬ લોકોના મોત નિપજ્યા છે. જો કે એશિયામાં ૧૯૭૦થી ૨૦૨૧ દરમિયાન ૩૬૨૧ આફતો આવી હતી. જેના કારણે ૯.૮૪ લાખ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે ૧.૪ ટ્રીલિયન ડોલરનું નુકસાન થયુ છે.

ગયા વર્ષે દક્ષિણ પશ્ચિમ ચીનમાં દુષ્કાળ અને ઓછા વરસાદની સમસ્યા જોવા મળી હતી. ભારતમાં પણ ચોમાસાની ઋતુમાં ઓછો વરસાદ પડ્યો હતો. જૂન, જુલાઈ અને ઓગસ્ટમાં ભારત, પાકિસ્તાન અને નેપાળમાં ઘણી જગ્યાએ પૂર અને તોફાનો આવ્યા હતા, જેમાં ૬૦૦ થી વધુ લોકોના મોત નોંધાયા હતા. જ્યારે સાઉદી અરેબિયા, સંયુકત આરબ અમીરાત અને યમન જેવા રણ વિસ્તારોમાં ભારે વરસાદ અને પૂરની ઘટનાઓ બની છે. વિશ્વ હવામાન સંસ્થાએ અહેવાલ આપ્યો છે કે એશિયાના પર્વતીય વિસ્તારોમાં બરફ ઝડપથી પીગળી રહ્યો છે, જેના કારણે હિમાલય અને તિબેટના ઉચ્ચપ્રદેશમાં બરફના ગ્લેશિયર્સ સંકોચાઈ રહ્યા છે. સંગઠને ચેતવણી આપી છે કે ગ્લેશિયર પીગળવાને કારણે સમુદ્રનું સ્તર વધશે. ફિલિપાઈન્સ અને પૂર્વી જાપાનમાં સમુદ્રનું સ્તર સરેરાશ કરતાં ત્રણ ગણું ઝડપથી વધી રહ્યું છે.

**પ્રિયંકા...**

દેશ માટે બલિદાન આપવામાં આવ્યું છે.તેઓ મહિલાઓના સંઘર્ષને સમજી શકતા નથી.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે જો વડાપ્રધાનને મંગલસૂત્રનું મહત્વ સમજાયું હોત તો તેમણે આવી વાતો ન કરી હોત.. શું કોંગ્રેસે ૫૫ વર્ષથી કોઈનું સોનું કે મંગલસૂત્ર છીનવી લીધું છે? જ્યારે દેશ યુદ્ધ લડી રહ્યો હતો ત્યારે ઈન્દિરાજીએ પોતાના ઘરેણાં દેશને આપ્યા હતા. મારી માતાનું મંગળસૂત્ર આ દેશ માટે બલિદાન આપ્યું હતું. તેમણે કહ્યું કે જ્યારે મારી બહેનોને નોટબંધીને કારણે તેમના મંગળસૂત્રો ગીરો રાખવા પડ્યા ત્યારે વડાપ્રધાન ક્યાં હતા. કરજમાં ડૂબી ગયેલા ખેડૂતની પત્નીએ પોતાનું મંગળસૂત્ર વેચવું પડે ત્યારે વડાપ્રધાન ક્યાં હોય છે? નગ્ન પરેડ કરાવનાર મણિપુરની મહિલા વિશે વડાપ્રધાને કેમ કંઈ ન કહ્યું? આજે મોંઘવારીએ કેટલા લોકોના મંગળસૂત્રો ગીરવે મૂક્યા છે?

જાહેર સભાની બાજુમાં એક ખાસ વાતચીતમાં પ્રિયંકાએ કહ્યું કે વડાપ્રધાન ધ્યાન ભટકાવવા માટે આવી વાતો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તેઓ (ભાજપ) દરેક વસ્તુ વિશે વાત કરે છે પરંતુ લોકો જે સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ખેડૂતો હોય, યુવાનો હોય, વિદ્યાર્થીઓ હોય, નોકરી શોધતા હોય તેવા યુવાનો હોય, મદદની શોધમાં રહેતી મહિલાઓ હોય, ઘણી બધી મોટી સમસ્યાઓ છે. આ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. પ્રિયંકાએ કહ્યું કે આવા મુદ્દા હંમેશા ઉઠાવવામાં આવ્યા છે જેથી લોકોનું ધ્યાન બીજે જાય અને તેમની લાગણીઓ ભડકી જાય અને પછી તેઓ સમજદારીથી બદલે ભાવનાત્મક રીતે મતદાન કરે.

કોંગ્રેસના મહાસચિવે દાવો કર્યો હતો કે જ્યારે તેમની પાસે (વડાપ્રધાન) પાસે કોઈ મુદ્દો બચ્યો નથી, ત્યારે તેઓ હવે આ મુદ્દાને વાળવા માટે અહીં અને ત્યાં વાત કરી રહ્યા છે. હાલમાં જ વડાપ્રધાન મોદીએ આરોપ લગાવ્યો હતો કે, 'કોંગ્રેસ અને ભારત ગઠબંધનની નજર હવે તમારી સંપત્તિ પર છે. તે તમારા મંગળસૂત્ર પર છે. ...જો બે ઘર હશે તો અમે એક ઘર છીનવી લઈશું.' કોંગ્રેસે આ અંગે ચૂંટણી પંચને ફરિયાદ કરી છે. કોંગ્રેસ પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે કહ્યું કે ચૂંટણી પંચ અમારી ફરિયાદ પર કાર્યવાહી કરી રહ્યું નથી. આવી સ્થિતિમાં પાર્ટી કાયદાકીય ઉપાયો શોધી રહી છે.

**સુપ્રીમ...**

આપ્યા બાદ પણ ઉલ્લંઘન થઈ રહ્યું છે. હવે આ મામલે પતંજલિએ ૬૦ અખબારોમાં જાહેરાત આપીને માફી માંગી છે.

કોર્ટે કહ્યું કે દવાઓના સંદર્ભમાં ગેરમાર્ગે દોરતી જાહેરાતોને સંચાલિત કરતા કાયદાઓના અમલીકરણની નજીકથી તપાસ કરવાની જરૂર છે, કારણ કે ઉત્પાદનોનો હેતુ શિશુઓ, શાળાએ જતા બાળકો અને વરિષ્ઠ નાગરિકો દ્વારા ઉપયોગ માટે છે.

વધુમાં, ઈલેકટ્રોનિક મીડિયામાં જારી કરાયેલી ભ્રામક જાહેરાતોને ધ્યાનમાં લઈને, કોર્ટે માહિતી અને પ્રસારણ મંત્રાલય, માહિતી પ્રૌદ્યોગિકી મંત્રાલય અને ઉપભોક્તા બાબતોના મંત્રાલયને આડે હાથ લીધા હતા. ડ્રગ્સ એન્ડ મેજિક રેમેડીઝ (વાંધાજનક જાહેરાતો) એક્ટ ૧૯૫૪ (અને નિયમો), ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ ૧૯૪૦ (અને નિયમો) અને કન્ઝ્યુમર પ્રોટેક્શન એકટના દુરુપયોગને રોકવા માટે આ મંત્રાલયો દ્વારા લેવામાં આવેલા પગલાંની તપાસ કરવાના ઉદ્દેશ્ય સાથે આ કરવામાં આવ્યું હતું.

(છેલ્લા પાનાનું ચાલુ)

**ઝંઝાવાતી પ્રચાર...**

લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ સોમવારે બિન હરિફ ચૂંટાયેલા જાહેર થયા છે આને પગલે રાજ્યની હવે ૨૫ બેઠકો પર જ ખરાખરીનો જંગ રહ્યો છે. ભાજપ માટે આણંદ, રાજકોટ, બનાસકાંઠા, વલસાડ, સુરેન્દ્રનગર, જામનગર જેવી બેઠકો પર ક્ષત્રિયોનો પડકાર છે. ક્ષત્રિય સમાજ સાથે હાલ અલગ અલગ જિલ્લાઓમાં જઈ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી બેઠકો યોજી મામલો થાળે પાડવાના પ્રયાસો કરી રહ્યા છે. જોકે, આમાં હજુ સુધી કોઈ ફળદાયી સફળતા મળતી હોવાના કોઈ સંકેત મળ્યા નથી.

**પ્રથમવાર મતદાન.....**

ગણાશે. મતદારોને મતદાર યાદીમાં પોતાનો ક્રમ, મતદાન મથક, મતદાનની તારીખ અને સમય સહિતની વિગતો મળી રહે તે માટે ચૂંટણી પંચના આમંત્રણ સ્વરૂપે બૂથ લેવલ ઑફિસર દ્વારા મતદાર માહિતી કાપલી લોકોના ઘેર પહોંચાડવામાં આવી રહી છે. મતદાર માહિતી કાપલીની સાથે કુટુંબદીઠ એક વોટર ગાઈડનું વિતરણ કરાશે. વધુમાં પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે બ્રેઈલ લિપિમાં મતદાર કાપલી તેમજ વોટર ગાઈડનું પણ વિતરણ કરાશે. આ કામગીરી બીજી મે, ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરી લેવાશે. આ વખતે સુરતની બેઠક બિનહરીફ જાહેર થયા બાદ હવે લોકસભાની ૨૫ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી માટે ૨૪૭ પુરુષ અને ૧૯ મહિલા ઉમેદવારો સહિત કુલ ૨૬૬ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. જ્યારે વિધાનસભા પાંચ બેઠકોની પેટા ચૂંટણી માટે કુલ ૨૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. રાજ્યના તમામ લોકસભા મતવિભાગમાં અને ૫ વિધાનસભા મતવિભાગમાં પેટા ચૂંટણીઓ સંદર્ભે હરીફ ઉમેદવારો-તેઓના પ્રતિનિધિઓ અને ભારતના ચૂંટણી પંચ દ્વારા નીમવામાં આવેલા જનરલ ઓબ્ઝર્વરની હાજરીમાં ૨૭મી એપ્રિલ સુધીમાં ઈવીએમના બીજા રેન્ડમાઈઝેશનની કામગીરી હાથ ધરાશે. ૨૫મી એપ્રિલથી વિધાનસભા પેટા ચૂંટણી માટે અને ૨૭મી એપ્રિલથી લોકસભા સામાન્ય ચૂંટણી માટે ઈવીએમના કમિશનિંગની કામગીરી હરીફ ઉમેદવારો-તેઓના પ્રતિનિધિઓની હાજરીમાં શરૂ કરાશે.

**આરટી...**

ધ્યાનમાં લઈને પ્રથમ રાઉન્ડમાં ૩૯૯૭૯ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો હતો. જ્યારે પ્રથમ રાઉન્ડની ફાળવણીના અંતે ૫૧૯૧ જગ્યાઓ પસંદગીના અભાવે ખાલી રહેવા પામી હતી. જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયા હતા તેમના વાલીઓને ૨૨ એપ્રિલ, સોમવારના રોજ શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લેવા માટે સુચના આપવામાં આવી હતી. આમ, સોમવારના રોજ પ્રવેશ કન્ફર્મ કરાવવાની મુદત પૂર્ણ થઈ છે.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**જૂનાગઢ :** લતાબેન કિરીટભાઈ સાંગાણી (ઉ.વ.૬૯) તે કિરીટભાઈ લક્ષ્મીદાસના પત્ની તથા ખુશ્બુ રસેશ સેજપાલના માતુશ્રીનું તા.૨૩ના રોજ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૨૫ ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ વાગ્યે ભુતનાથ સત્સંગ હોલ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** રાજકોટ નિવાસી લક્ષ્મીદાસ હરખચંદ લાખાણીના પુત્ર ભુપેન્દ્ર લક્ષ્મીદાસ લાખાણી, ઉ.વ. ૭૦ તે કાશ્મીરાબેનના પતિ, નિરાલીના પિતા, મેઘ બીપીનભાઈ પટેલના સસરા અરવિન્દભાઈ-લલીતભાઈ-વિનોદભાઈ-સુમનબેન સાંગાણી, આરતીબેનના દેર તથા નીશાબેનના જેઠ, જ્યોત્સનાબેન-ડોલીબેન શેઠના ભાઈશ્રી તથા આદિત્ય-મીલોની-ચૈતન્ય, મયુરીબેન દોશી તથા હેતલના કાકાનું તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભાઃ તા.૨૫/૦૪/૨૦૨૪ ગુરૂવારના સવારે ૧૦ થી ૧૧, નાગર બોર્ડીંગ, હાડકેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં, વિરાણી હાઈસ્કુલ સામે, ટાગોર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** મુળી હાલ રાજકોટ નિવાસી ચંદ્રસિંહ (દેવેન્દ્રસિંહ) ભોજુભા પરમાર (ઉ.વ.૫૬) તે યશરાજસિંહ તથા વિશ્વરાજસિંહના પિતા તેમજ નરેન્દ્રસિંહ, પ્રવિણસિંહ, હરિચંદ્રસિંહ, સ્વ.ઘનશ્યામસિંહ, ભરતસિંહ, પરાક્રમસિંહ, દશરથસિંહના નાનાભાઈનું તા.૨૩-૦૪-૨૦૨૪ ને મંગળવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૫-૦૪-૨૦૨૪ને ગુરૂવાર સાંજે ૪-૩૦ થી ૬-૩૦, ૨/૧૪, લક્ષ્મીવાડી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** રાજકોટ નિવાસી લવજીભાઈ વશરામભાઈ દુધાત્રા (ઉ.વ.૭૫) તે મહેશભાઈ લવજીભાઈ દુધાત્રાના પિતાનું તા.૨૨-૪-૨૦૨૪ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું : તા.૨૫-૦૪-૨૪ ગુરૂવાર - સવારે ૮-૦૦ થી ૯-૩૦ કલાકે, સત્યજીત સોપાન સોસાયટી હોલ, કસ્તુરી એવયરીની સામે, જીવરાજ પાર્ક, મવડી, અંબિકા ટાઉનશીપ, રાજકોટ ખાતે રાખેલ છે.

**વાંકાનેરઃ** વાંકાનેર નિવાસી સોની સ્વ. જમનાદાસ વીરચંદ પારેખના પુત્ર નરેન્દ્રભાઈ (ઉ.વ.૭૦) તે મીનાબેનના પતિ, રમેશભાઈ, હસમુખભાઈના મોટાભાઈ, અજયભાઈ, અર્ચનાના પિતા, હિનેરનભાઈ, મિતેષભાઈ, શ્યામભાઈના ભાઈજી, વેદાંત, વિહાનના દાદા, અમદાવાદ નિવાસી શામજીભાઈ રાણપરાના જમાઈનું તા. ૨૨ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું (બન્ને પક્ષ)નું તા. ૨૫ ને ગુરુવારના રોજ સવારે ૧૦ થી ૧૨ ઔદિચ્ય બ્રહ્મસમાજની વાડી, રામચોક, વાંકાનેર ખાતે રાખેલ છે. (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે)

**રાજકોટઃ** ગોંડલ નિવાસી હાલમાં રાજકોટ સ્વ. મુગટલાલ ગાંડાલાલ સંઘાણીના પત્ની અનસુયાબેન (ઉ.વ.૯૦) તે નીતીનભાઈ (બેગ્લોર), ચેતનભાઈ નિલેશભાઈ, માલુબેન ભરતભાઈ પારેખ (બેગ્લોર), વંદનાબેન હિતેશભાઈ મહેતા (જામનગર)ના માતા, સ્વ. સધાબેન, સ્વ. કુમુદબેન, પ્રીતીબેનના સાસુ, સિધ્ધાર્થ, ભકિત, પીનાકીન મહેતા, પ્રાંચી, દીપુના દાદીમાનું તા. ૨૩ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૨૫ ને ગુરુવારે સવારે ૧૦ કલાકે તથા પ્રાર્થના સભા સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ સુધી સંઘાણી ઉપાશ્રય ૧૦,દિવાનપરા રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# લક્ષ્ય સિદ્ધ થાય તો જ જીવન 'અર્થપૂર્ણ' બને છે

## જીવન અર્થપૂર્ણ ન બને ત્યાં સુધી આપણે મનમાં ખાલીપાનો અનુભવ કરીએ છીએ

ચિંતનની પાંખે



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

મનુષ્ય ધરતી પર આવે છે તો એક લક્ષ્ય લઈને આવે છે.એક ઉદ્દેશ્ય લઈને આવે છે.પછી તે પૂરો કરે કે ના કરે પણ જન્મ લેતા પહેલા એના જીવનનો એક લક્ષ્ય તથા ઉદ્દેશય તો અગાઉથી નક્કી જ હોય છે.

જો જીવન ઉદ્દેશ્ય વગરનું રહી જાય તો વ્યક્તિત્વની અંદર એક એવો ખાલીપો એક ખોખલાપણું રહી જાય છે,જેને ત્રાસદાયક કહેવામાં આવે છે.ધ્યાનથી જોવામાં આવે અને સહજ રીતે અનુમાન કરવામાં આવે તો બધાનો ઉદ્દેશ્ય જીવનમાં ઉદ્દેશ્યની શોધ જ છે.ભલે ક્ષેત્ર ધર્મનું હોય અથવા વિજ્ઞાનનું હોય,ભલે ક્ષેત્ર દર્શનનું હોય અથવા મનોવિજ્ઞાનનું હોય.આ બધાનું દૂરગામી લક્ષ્ય જીવન કે તેના ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવાનું જ કહી શકાય છે.

અમેરિકાના એક વિશ્વવિદ્યાલયમાં ૬૦ એવા વિદ્યાર્થીઓનું ઈન્ટરવ્યૂ મનોવૈજ્ઞાનિકોએ લીધું, જેમણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.સામાન્ય બાબતથી વિપરીત એમાંના ૯૩ ટકા વિદ્યાર્થીઓ ભણવામાં ખૂબ જ તેજસ્વી હતા,કુશાગ્ર બુદ્ધિના હતા,સામાજિક પ્રવૃત્તિઓમાં પણ આગળ પડતો ભાગ લેતા હતા, મિલનસાર સ્વભાવના હતા અને આત્મહત્યાનો પ્રયાસ કરતા પહેલાં તેમને કોઈ પણ માનસિક રોગ કે મનોવિકાર ન હતો.

તેમને આત્મહત્યાનું કારણ પૂછ્યું ત્યારે તેમાંના ૮૫ ટકા વિદ્યાર્થીઓએ કહ્યું કે મને મારું જીવન અર્થહીન તથા દિશાવિહીન લાગી રહ્યું હતું.આના પરથી સ્પષ્ટ થાય છે કે માણસ સુખસગવડનાં સાધનો મેળવવા કરતાંય જીવનના કોઈ ઉચ્ચ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે વધારે આતુર હોય છે.જો પોતાનું લક્ષ્ય સિદ્ધ થાય તો જ તેમને પોતાનું જીવન અર્થપૂર્ણ લાગે છે.


અમેરિકા જેવા દેશમાં સુખ સગવડનાં અનેક સાધનો છે.ત્યાં જો મોટા પ્રમાણમાં આવી ઘટના બનતી હોય તો તે વિચારણીય બાબત છે.એના પરથી આપણે બોધપાઠ લેવો જોઈએ કે જીવનને સફળ બનાવવા માટે કોઈ એક ઉદ્દેશ્ય નક્કી કરવો જોઈએ અને તે પૂર્ણ કરવા માટે પૂરેપૂરો પ્રયાસ કરવો જોઈએ. આપણે એવું માનીએ છીએ કે જો આપણે બધા લોકોને સુખ સગવડના પૂરતા સાધનો આપીએ અને તેમની પાસે પૈસા હોય,સારું ઘર હોય,ગાડી હોય તો તેમનું જીવન આનંદથી ભરપૂર બની જશે,પરંતુ ખરેખર એવું બનતું નથી.જીવનમાં સુખના બધાં સાધનો મળી ગયા પછી માણસ એવું વિચારવા લાગે છે કે મારા જીવનનો ઉદ્દેશ્ય શો ? માનવ જીવનમાં ઉદ્દેશ્ય વગર બધું નકામું છે.જરા વિચારીએ કે કોઈ સવારે આપણે કોઈપણ જાતના ઉદ્દેશ્ય વગર ઘરમાંથી નીકળી જઈએ,તો દિવસભર આપણી શું હાલત થશે? આપણે અહીં તહીં ભટકીશું અને છેલ્લે જ્યારે આપણે ઘેર પાછા ફરીશું ,તો આપણને આપણી જાત ઉપર ગુસ્સો આવશે કે આજે આપણે આખો દિવસ બરબાદ કરી નાખ્યો.આવી રીતે જો આપણા જીવનમાં કોઈ ઉદ્દેશ્ય ન હોય તો જીવન સંધ્યા વખતે આપણે અનુભવ કરીશું કે આપણે આપણું આખું જીવન આમ ને આમ જ વ્યર્થ કરી નાખ્યું. દરેક દિવસની જેમ આપણાં જીવનનો ઉદ્દેશ્ય પણ ચોક્કસ હોવો જોઈએ.આપણા જીવનનો ઉદ્દેશ્ય જ આપણને બતાવશે કે ક્યું કામ આપણા માટે જરૂરી છે અને કયુ કામ આપણા માટે નકામુ છે.આપણા જીવનનો ઉદ્દેશ્ય સ્પષ્ટ હોવો જોઈએ.ઉદ્દેશ્ય સ્પષ્ટ થઈ જવાથી આપણો સમય બચે છે.એટલું જ નહીં બલકે એ લક્ષ્ય સુધી પહોંચવું આપણા માટે ખૂબ જ સરળ બની જાય છે.

સાધનસામગ્રી વધવાથી જીવનમાં શાંતિ આવી જતી નથી.શાંતિ તો જીવનમાં કોઈ ઉદ્દેશ્યને સિદ્ધ કરવાથી આવે છે. પ્રસિદ્ધ મનોવૈજ્ઞાનિક આલ્બર્ટ કામસે એકવાર કહ્યું હતું કે વાસ્તવમાં માણસ સામે એક જ પડકાર છે કે તે એક બાબતનું સાચું મૂલ્યાંકન કરી શકે કે આ જીવન શા માટે જીવવું જોઈએ ? આપણે પશુઓની જેમ સંવેગોથી પ્રભાવિત થઈને જીવન જીવતા નથી.પશુ પક્ષીઓને જીવન જીવવા માટે ફક્ત સંવેગોની જરૂર હોય છે.ભૂખ લાગી તો ખાઈ લીધું,તરત લાગી તો પાણી પી લીધું અને થાક લાગ્યો તો ઊંઘી ગયા.માણસ આનાથી ઉપરની કક્ષાનો વિચાર કરે છે કે શું ખાવું જોઈએ ? કેમ ખાવું જોઈએ ? અને ક્યારે ખાવું જોઈએ ? એક સામાન્ય જૈવિક ક્રિયા માટે જો માણસ આટલું ચિંતન કરતો હોય તો સ્વભાવિક છે કે બીજાં કાર્યો માટે,જીવનના ઉચ્ચ લક્ષ્ય માટે જ્યારે તેના મનમાં તડપ જાગતી હશે ત્યારે તેની તીવ્રતા કેટલી હશે ? આપણી પરંપરા તથા ધર્મધારણાઓ આપણી ઘણી બધી જિજ્ઞાસાનું સમાધાન કરવામાં મદદ કરતી હતી,પરંતુ જ્યારથી આપણી કુટુંબ પરંપરા અને સામાજિક વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ ત્યારથી આપણી જિજ્ઞાસાનું સમાધાન થવાનું લગભગ અશક્ય થઈ ગયું છે. દરેક વ્યક્તિના જીવનમાં લક્ષ્ય અલગ અલગ હોય છે.કોઈને મોટા માણસ બનવું છે,તો કોઈનું લક્ષ્ય વિદેશ જવાનું છે.કોઈનું લક્ષ્ય ડોક્ટર બનવાનું છે,તો કોઈનું એન્જિનિયર.સૌને પોતપોતાના લક્ષ્ય છે. ખાટલે મોટી ખોડ એ છે કે મર્યા પછી જે ચીજ સાથે આવવાની છે,તેનો સમાવેશ લક્ષ્યમાં કરવામાં જ આવતો નથી.આપણા માંહેના એવા કેટલા લોકો છે કે,જેનું લક્ષ્ય મા-બાપની સેવા કરવાનું હોય.ડોક્ટર બનીને લોકોની પીડા દૂર કરવાનું હોય.વકીલ બનીને ન્યાય અપાવવાનો હોય અથવા તો નેતા બનીને ફક્ત અને ફક્ત જનતાની સેવા કરવાનું હોય ! મનુષ્યના દરેક લક્ષ્યની પાછળનો ઉદ્દેશ્ય હોય છે,માત્ર પૈસા.અને તે પૈસાનો ઉપયોગ પણ માત્ર ને માત્ર પોતાના અંગત ભલા માટે જ કરવાની વૃત્તિ હોય છે. જો લક્ષ્ય સિદ્ધ કર્યા પછી જ્યારે પણ આપણે ઈશ્વર પાસે જવાનું થાય ત્યારે આપણને મુક્તિનો માર્ગ મળે એવું કોઈ આપણું લક્ષ્ય હોતુ નથી.

આજના ભૌતિક યુગમાં મોટાભાગના લોકોનું લક્ષ્ય ભલે પૈસા,ગાડી,બંગલા વગેરે હોય,આ ભૌતિક ચીજોથી આપણું જીવન થોડું સરળ જરૂર બની શકે છે,પરંતુ ફક્ત આ વસ્તુઓ મેળવવાથી જ કોઈ વ્યક્તિના જીવનનો ઉદ્દેશ્ય નથી બની જતો.આ બધી ભૌતિક ચીજવસ્તુઓ આપણને ખુશી જરૂર આપે છે,પરંતુ આ ખુશી વાસ્તવિક નથી હોતી.મતલબ કે પૈસાથી આપણે બંગલા ખરીદી શકીએ છીએ,પરંતુ ઊંઘ નહીં.મનગમતા ભોજન મેળવી શકીએ છીએ પરંતુ ભૂખ નહીં.આવા સુખ આપણને ત્યારે જ મળે જ્યારે સ્વયં કમાઈને બીજાને ખવડાવવામાં જ આપણે રાજી થઈએ.આ આપણી માનવ સંસ્કૃતિ છે.મનુષ્યએ જીવનભર આ સંસ્કૃતિનું પાલન કરવું જોઈએ.અને માનવ જીવનનો ઉદ્દેશ્ય પણ આ જ હોવો જોઈએ.જે ચીજ પોતાની પાસે છે,તે બીજાને પણ આપીને મદદરૂપ થવું જોઈએ.આપણી જરૂરિયાતની વસ્તુથી વધારે વસ્તુનો સંગ્રહ કરવો, એ આપણી સંસ્કૃતિ નથી.પરંતુ વધારાની ચીજ વસ્તુઓ જરૂરિયાતમંદ લોકોને વહેંચવી,એ આપણી સંસ્કૃતિ છે.

### જોખમ ટાળવા એસ.ટી. તંત્ર બન્યું સર્તક

## સુરેન્દ્રનગર: મર્યાદા કરતાં વધારે કી.મી. દોડેલી બસોને સ્ક્રેપમાં મુકવા કવાયત



**અબતક, શબનમ ચૌહાણ**
**સુરેન્દ્રનગર**

રાજયમાં બનતી સલામતી સવારીની ઘટનામાં એસટી તંત્ર સતર્ક બન્યું છે. આથી હવે મર્યાદા કરતા વધુ કિમી દોડતી બસોને સ્ક્રેપમાં મોકલી આપવાનો ધમધમાટ શરૂ થયો છે. પરિણામે સુરેન્દ્રનગર એસટી ડેપોમાં પણ મર્યાદા કરતા વધુ કિમી દોડેલી અને મુસાફરો માટે સારી હાલતમાં ન હોય તેવી કુલ ૪ એસટી બસોને સ્ક્રેપમાં મોકલી આપવાની વિગતો બહાર આવી હતી. આથી જ આ ૪ બસોમાંથી તો ૩ બસો એવી હતી કે ૧૦,૫૦,૦૦૦ કિમી રોડ ઉપર મુસાફરોને લઈને દોડી ચૂકી હતી.

ધોળકા ડિવિઝનની અમદાવાદથી ધોળકા જતી બસમાં ગત માર્ચ માસમાં વીજકરંટથી આગ લાગી હતી. આ ઘટના બાદ ડેપો મેનેજર સહિત એક કર્મીને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ઘટનાની પ્રાથમિક વિગતમાં આ બસ ૯ લાખ કિમી ફરી ચૂકી હોવાનું અને વીજકરંટના કારણે આગ લાગ્યાનું બહાર આવ્યું હતું. આવી ઘટનાઓ વારંવાર બનતા સલામત સવારીની ઘટનામાં એસટી તંત્ર સતર્ક બન્યું છે.

બીજી તરફ રાજકોટ એસટી ડિવિઝન દ્વારા મુસાફરો માટે સુરેન્દ્રનગર એસટી ડેપોમાં અંદાજે ૬૬ બસ દોડાવીને સંચાલન કરવામાં આવી રહ્યું છે. ત્યારે આ ડેપોમાં પણ મર્યાદા કરતા વધુ કિમી દોડેલી બસો ધ્યાને આવી હતી. જેમાં ૨૦૨૪ના ફેબ્રુઆરીમાં ૨ તેમજ માર્ચ માસમાં ૨ એમ કુલ ૪ બસ સ્ક્રેપમાં મોકલી દેવામાં આવી હતી. આ બસો ૭થી ૯ લાખ કિમીની મર્યાદાવાળી બસો રોડ પર અંદાજે ૧૦,૫૦,૦૦૦ કિમી દોડી હતી.

હાલમાં રહેલી એસટી બસોના કારણે એક વર્ષમાં એસટી બસને કોઈ અકસ્માત નડ્યો ન હતો. તેમજ એક માસમાં કોઈ બ્રેકડાઉન થઈ નહીં હોવાની વિગતો બહાર આવી હતી. સુરેન્દ્રનગર એસટી ડેપો મેનેજર વિપુલભાઈ ચૌધરીએ જણાવ્યું કે, આ ૪ બસની સામે ૭ નવી સાથે હાલ કુલ ૨૦ નવી બસની સુવિધા ડેપોમાં છે.

## ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો અપાવવા ખેડુતોની બુલંદ બનતી માંગ



**અબતક, શબનમ ચૌહાણ**
**સુરેન્દ્રનગર**

ગુજરાત ખેડૂત એસોસિયેશન, ક્રાન્તિ સંગઠનના હોદ્દેદારોએ ધરતીપુત્રોની સમસ્યાઓનો ઉકેલ લાવી કૃષિ નીતિ બનાવવાની માગ સાથે દેખાવો કર્યા હતા. ખેડૂતોની વિવિધ માંગો સાથેના બેનરો સાથે ન્યાય મેળવવા રજૂઆત કરી હતી. લીંબડી તાલુકાના ખંભલાવ ગામના ખેડૂત આગેવાન ભરતસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે સરકારની કૃષિ વિરોધી આર્થિક નીતિ, મોંઘા બિયારણ, ખાતર, જંતુનાશક દવા મજૂરી, ડીઝલ ખર્ચની ગણતરી કરતાં હેક્ટર જમીનમાં વાવણીથી કાપણી સુધીમાં ખેડૂતોને લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય છે.પરંતુ કુદરતી આપત્તિમાં યોગ્ય વળતર મળતું નથી. પાક નિષ્ફળ જવા ઉપરાંત બેંકની જમીન નિલામીની નોટિસ મળતાં ખેડૂતો આત્મહત્યા કરે છે. સ્વામીનાથન કમિશનની ભલામણ મુજબ ખેડૂતોને ઉત્પાદનના પૂરા ભાવ મળવા જોઈએ. બજેટના ૫૦ ટકા રકમ ખેડૂતો, ખેતી સાથે સંકળાયેલા મજદુરો, પશુપાલકોને ફાળવવામાં આવે તે જરૂરી છે. પાક વીમો, સરકારી ખર્ચે સિંચાઈ, ૨૫૦૦૦ એકરે ખેતી ખર્ચ, ઉત્પાદનના પુરા ભાવ, ગામે ગામથી પાકની ખરીદી કરવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

## સુરેન્દ્રનગર: સ્મશાન ભઠ્ઠી બંધ, લાખો રૂપીયાના ખર્ચ છતાયે 'અસંતોષ'

**અબતક,સબનમ ચૌહાણ**
**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરના મોક્ષધામમાં આવેલી ઈલેક્ટ્રિક ભઠ્ઠી કોરોના કાળથી બંધ થઈ હતી. જેથી મૃતકની અંતિમવિધિ લાકડાથી કરવી પડતી હતી. આ ફર્નેશને સીએનજીમાં રૂપાંતરિત કરી લોકાર્પિત કરાઈ હતી. સ્વયંસેવી સંસ્થાની લોકભાગીદારીથી નવનિર્માણ કરાયેલી કરાયેલી સીએનજી ભઠ્ઠી શરૂ જ નથી કરાઈ. પાલિકા દ્વારા ગુજરાત ગેસ પાસેથી આ માટે જરૂરી એનઓસી લેવાનું ભૂલાતા નવી ભઠ્ઠીની સગવડ હોવા છતા મૃતકોને લાકડાથી અગ્નિદાહ આપવો પડે છે. શહેરના મધ્યમાં આવેલ મોક્ષધામ જેમાં કોરોના સમયમા ઈલેક્ટ્રિક ભઠ્ઠી ચાલતી હતી. જેમાં ઈલેક્ટ્રીક બિલ પણ ખૂબ આવતું હતું.ત્યારબાદ આ ભઠ્ઠીમાં ક્ષતિ ઊભી થતા બંધ હાલતમાં હતી. જેથી નાછૂટકે લાકડાનો વપરાશ કરવો પડતો હતો. અને ઘણી બધી વાર લાકડાની અછત પણ થતી. આ ઉપરાંત લાકડાના વપરાશથી આસપાસના રહેણાંક વિસ્તારના વાતાવરણમાં ધુમાડાના કણ ફેલાતા હતા. આથી પાલિકા દ્વારા રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના સહયોગથી ગેસથી ચાલતી ફર્નેશનું ઈન્સ્ટોલેશન કરાયું હતું.આ ફર્નેશના રિનોવેશનમાં અંદાજિત ૨૫થી ૩૦ લાખ રૂપિયા જેટલો ખર્ચ કરાયો હતો. આટલો ખર્ચ કરીને લોકાર્પણ કરી દીધા બાદ પણ હજુ સુધી ભઠ્ઠી ચાલુ ન થતા લોકોમાં રોષ સાથે અસંતોષ ફેલાયો છે.આ બાબતે પાલિકાના ચીફ ઓફિસર સાગર રાડીયાએ જણાવ્યું કે ગુજરાત ગેસની એનઓસી લેવાની બાકી હોય ભઠ્ઠી ચાલુ કારાઈ નથી. થોડા જ દિવસોમાં સર્ટિ. આવી ગયા બાદ ભઠ્ઠી ચાલુ કરી દેવામાં આવશે.

ISO 9001:2015 CERTIFIED
Investment Point®
Stock Market Trading Consultancy
Since 2002
www.nikhilbhatt.in
Nikhil Bhatt
Research Analyst
+ 9199793 80808



## નિફ્ટી ફ્યુચર ૨૨૪૦૪ પોઈન્ટ મહત્વની સપાટી...!!!

રોકાણકાર મિત્રો, આનંદ ને...!!

તા.૨૪.૦૪.૨૦૨૪ ના રોજ સવારે ૧૦ કલાકે....

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો....

ભારતીય શેરબજાર આજે સપ્તાહના ત્રીજા દિવસે ઉછાળા સાથે ખુલ્યું હતું. ઈઝરાયેલ-ઈરાન વચ્ચેનો તણાવ ઘટતાં અને વૈશ્વિક શેરબજારમાં એશીયા, યુરોપના દેશોના બજારોમાં તેજી પાછળ સ્થાનિક સ્તરે પણ કોર્પોરેટ પરિણામોની સિઝનમાં મજબૂત પ્રદર્શનોના પગલે ભારતીય શેરબજારોમાં લોકલ ફંડો, મહારથીઓએ શેરોમાં નીચા મથાળે આક્રમક લેવાલીએ બીએસઈ સેન્સેક્સે આજે ઈન્ટ્રા ડે છ ટ્રેડિંગ સેશન બાદ સ્ટોક સ્પેસિફિક તેજીના પગલે ફરી પાછી ૭૪૦૦૦ હજારનું લેવલ ક્રોસ કર્યું હતું. અલબત ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો શેરોમાં સતત વેચવાલ રહ્યા હતા. વૈશ્વિક મોરચે જીઓપોલિટીકલ ટેન્શન હળવું થતાં અને ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવમાં ઘટાડાએ સેન્ટીમેન્ટ તેજીનું બન્યું હતું.

જીઓપોલિટીકલ ટેન્શને કારણે સેન્સેક્સ તેની સર્વોચ્ચ ૭૫૧૨૪ પોઈન્ટની સપાટીથી ગત સપ્તાહમાં સતત કરેકશનમાં ૭૧૮૧૬ પોઈન્ટના નીચા મથાળેથી પાછો ફર્યો છે. એટલે કે ૩૩૦૮ પોઈન્ટનું ૪.૪૧%નું કરેકશન આપી રીકવરી નોંધાવી છે. નિફ્ટી ફ્યુચર પણ વિક્રમી ૨૨૮૪૫ પોઈન્ટની સપાટીથી ગત સપ્તાહમાં ૨૧૮૧૩ પોઈન્ટ સુધીનો ઘટાડો આપી ફરી રિકવર થઈ છે. આમ નિફટી ફ્યુચરમાં પણ અંદાજીત ૧૦૩૨ પોઈન્ટનું ૪.૫૨%નું કરેકશન ઊંચા મથાળેથી જોવા મળ્યું હતું.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૧૨%ના વધારા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસપી ૫૦૦ ૧.૨૦% અને નેસ્ડેક ૧.૫૯% વધીને સેટલ થયા હતા. બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૫૧% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૮૩% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર માત્ર એફએમસીજી અને ટેલેકોમ્યુંનીકેશન શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ વધારા સાથે કારોબાર કરી રહ્યા હતા.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૨૬૫૨ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૪૮૯ અને વધનારની સંખ્યા ૨૦૮૧ રહી હતી, ૮૨ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૨૪ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૧૧૩ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, ઈઝરાયેલ-ઈરાન વચ્ચે મિડલ-ઈસ્ટમાં ટેન્શનને લઈ અત્યારે પરિસ્થિતિ અનિશ્ચિતતાભરી હોઈ વૈશ્વિક જીઓપોલિટીકલ ટેન્શન સાથે સ્થાનિક સ્તરે લોકસભા ચૂંટણીમાં પ્રથમ તબક્કાનું મતદાન શરૂ થઈ જતા વોટિંગ પોલના આધારે અપેક્ષિત સરકાર બનવાની શક્યતાને ધ્યાનમાં રાખતાં ઘટાડે નવી લેવાલી જોવા મળી છે. હજુ ઈરાન-ઈઝરાયેલ વચ્ચે ટેન્શન વધે છે કે મિડલ-ઈસ્ટમાં પરિસ્થિતિ વધુ વણશે છે એના પર વૈશ્વિક બજારો સાથે ભારતીય બજારની નજર રહેશે.

આ સાથે કોર્પોરેટ પરિણામોની સીઝનમાં ટીસીએસ, ઈન્ફોસીસ, વિપ્રોના પરિણામો બાદ એચડીએફસી બેંક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અપેક્ષિત પરિણામ આવ્યા છે. હવે આગામી દિવસોમાં જાહેર ૨૪ એપ્રિલના એક્સિસ બેન્ક, ૨૫ એપ્રિલના એસીસી સિમેન્ટ, બજાજ ફાઈનાન્સ, ઈન્ડસઈન્ડ બેન્ક, ટેક મહિન્દ્ર તેમજ ૨૬ એપ્રિલના મારુતિ સુઝીકી, એચસીએલ ટેકનોલોજી અને એસબીઆઈ લાઈફના જાહેર થનારા મહત્વના પરિણામો પર નજર સાથે જીઓપોલિટીકલ ટેન્શન, મોંઘવારી, અમેરિકી ડોલર - રૂપિયાના મૂલ્યમાં વધઘટ પર ભારતીય શેરબજારની નજર રહેશે.

એમસીએક્સ ગોલ્ડ :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે જુન ગોલ્ડ રૂ.૭૦૯૮૭ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૭૧૦૯૭ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૭૦૯૭૧ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૬૧ પોઈન્ટના ઉછાળા સાથે રૂ.૭૧૦૯૦ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર :- ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે મે સિલ્વર રૂ.૮૦૭૫૩ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૮૧૦૦૭ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૮૦૭૫૩ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૩૪૦ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧૦૧૮ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

ખેર મિત્રો, હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ....

-રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ( ૨૯૧૮ ) :- રિલાયન્સ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૮૮૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૮૭૩ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૯૪૪ થી રૂ.૨૯૭૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૨૯૮૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

-ઈપ્કા લેબોરેટરીઝ ( ૧૩૨૯ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૩૦૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૨૮૮ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૪૭ થી રૂ.૧૩૬૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

-ટાટા કન્ઝ્યુમર ( ૧૧૭૩ ) :- રૂ.૧૧૪૪ નો પ્રથમ તેમજ રૂ.૧૧૩૦ બીજા સપોર્ટથી ટી એન્ડ કોફી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૮૮ થી રૂ.૧૨૦૨ સુધીની તેજી તરફી રુખ નોધાવશે...!!

-જિંદાલ સ્ટીલ ( ૯૦૯ ) :- આયર્ન એન્ડ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૨૨ થી રૂ.૯૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૮૮૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

-ડીએલએફ લિ. ( ૮૮૭ ) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૮૬૦ સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક રેસિડેન્શિયલ, કોમર્શિયલ પ્રોજેક્ટ્સ સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૯૮ થી રૂ.૯૦૯ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો www.nikhilbhatt.in ને આધીન...!!

## સુરેન્દ્રનગર: જોરાવરનગરના કોઝવેના સળીયા બહાર આવ્યા: અકસ્માતનો ભય

### આઠ વર્ષ પહેલા બનેલા કોઝવેનું નબળુ કામ છતુ થયું

**અબતક, સબનમ ચૌહાણ**
**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર અને જોરાવરનગરને જોડતા આર્ટસ કોલેજ કોઝવેમાં ઉપરની તરફથી સળિયા બહાર આવી જતા અકસ્માતનો ભય સર્જાયો છે. માત્ર ૮ વર્ષ પહેલા બનેલો કોઝવે તૂટવા લાગતા રોષ ફેલાયો છે અને કોઈ દુર્ઘટના બને તે પહેલા લોકોએ રિપેરીંગની માંગ કરી હતી. જોરાવરનગરથી સુરેન્દ્રનગર જવા માટે કોઝવે પર સળિયા દેખાવા લાગ્યા છે. આ કોઝવે વર્ષ ૨૦૧૬માં રૂ.૨.૮૮ કરોડના ખર્ચે બનાવાયો હતો. જોરાવરનગરના લોકોને હોસ્પિટલ, કોલેજ, સ્કૂલો, બેંકો, રિવરફ્રન્ટ અને બસ સ્ટેશન જવા માટે આ પુલ અતિમહત્વનો છે.



આ પુલ બનાવ્યા બાદ બંને બાજુ રેલિંગ બનાવવાનું ભૂલાયું હતું. રેલિંગ નહીં હોવાથી અકસ્માતો થતા હોવાની ઘણી વખત રજૂઆતો થયા બાદ ૨૦૨૪માં તંત્રે રૂ. ૯ લાખનો વધારાનો ખર્ચ કરીને રેલિંગ નખાવી હતી. આ પુલ બન્યાને હજુ માત્ર ૮ વર્ષ વર્ષ થયા છે, ત્યાં તેમાં સળિયા દેખાવા લાગ્યા છે. અનેક જગ્યાએથી કપચીઓ ઉખડી ગઈ છે તેમજ લોખંડની પટ્ટીઓ બહાર દેખાવા લાગ્યા છે. આ અંગે પંકજભાઈ, ધર્મેશભાઈ અને આશિષભાઈએ જણાવ્યું કે જો રિપેરીંગ હાથ નહીં ધરવામાં આવે તો કોઝવેને વધુ નુકસાન થશે જેથી કોઈ દુર્ઘટના ઘટી શકે છે. આથી અકસ્માત સર્જાય તે પહેલા પુલનું સમારકામ કરાવવા લોકમાંગ છે.

## દામનગરમાં ચૈત્ર મહિનાની સેવામાં કિડિયારાનો અનોખો સેવાયજ્ઞ



**અબતક,નટવરલાલ ભાતીયા,દામનગર**

દામનગર શહેર માં ચેત્રમાસ માં પરમાર્થ નું સવિશેષ મહત્વ છે તેમાંય ખાસ શુક્ષ્મ જુવો ના કલ્યાણ માટે કીડીયારું પુરવા નું પુણ્ય એટલે ચેત્ર માસ ધોમધખતા તાપ માં પૃથ્વી ના પેટાળ માં રહેતા શુક્ષ્મ જીવો પ્રત્યે અપાર કરુણા વ્યક્ત કરવા શહેર ના વિવિધ વિસ્તારો માં વેસ્ટ માંથી બેસ્ટ નાળિયેર ના ખાલી ત્રોફા માં ઘી ગોળ લોટ ભરી વેરાન વગડા નદી નાળા ઓના પટ વન્ય વિસ્તાર ખુલ્લા મેદાનો ગૌચર પડતર જમીનો માં આ ત્રોફા મૂકી દેવાય છે વરસાદ માં પલળી કે ધૂળ માં ભળી ને ખરાબ ન થાય અને લાંબો સમય ખોરાક સારો રહે તેવી વ્યવસ્થા શુક્ષ્મ જીવો માટે કરતા કિશોરભાઈ વાજા ચિરાગ સોલંકી વિનોદ ગોંડલીયા કોશિકભાઈ બોરીચા અબ્દુલભાઈ દિવાના સહિત ના યુવાનો દ્વારા આ સેવાયજ્ઞ નો પ્રારંભ કરાયો છે


## દામનગરનાં સેવાભાવી વેપારી અગ્રણીની પૂણ્યતિથિ સેવા થકી ઉજવાય



**અબતક, નટવરલાલ ભાતીયા**
**દામનગર**

દામનગર ના વેપારી અગ્રણી વિનંતીભાઈ તન્ના ની તૃતીય વાર્ષિક પુણ્યતિથિ પ્રેરણા દિવસ દિવસ તરીકે ઉજવતા પુત્રરત્નો સ્વર્ગસ્થ વિનંતીભાઈ ગિરધરલાલ તન્ના નું જીવન પથદર્શક,માર્ગદર્શક અને પ્રેરણાદાયી રહ્યું હતું.તેમણે તેમના જીવનકાળમાં નિઃસ્વાર્થ ભાવે અનેક સેવા કાર્યોની સરવાણી વહાવીને પોતાના જીવનને કૃત્ય કરીને સમાજમાં એક વિશિષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેમણે બનાવેલી કેડી ઉપર ચાલીને તેમના પરિવારે તેમની તૃતીય વાર્ષિક પુણ્યતિથિ (પ્રેરણા દિવસ) નિમિત્તે પાણીના મીની અવેડા જરૂરિયાત મંદોને અનાજ, ચપ્પલનું વિતરણ અબોલ પશુઓ માટે વિશિષ્ટ સેવા કાર્યો તેમજ પાલીતાણા આદપર પાસે સ્થિત મંદબુદ્ધિ આશ્રમ ખાતે દિવ્યાંગ લોકોને ભાવથી ભોજન કરાવી દરેક દિવ્યાંગ જનને ચપ્પલ તથા રૂમાલ ભેટમાં આપ્યા હતા.સ્વ.વિનંતીભાઈની પુણ્યતિથિ નિમિત્તે એમના પુત્રરત્ન સંજયભાઈ તન્ના અને તુષારભાઈ તન્ના તેમજ પરિવારે પ્રેરણાત્મક કાર્ય કરી સમાજના લોકોને વિશિષ્ટ રાહ ચીંધ્યો છે.આ આશ્રમ ખાતે ભિખાબાપુની દિવ્યાંગ લોકોની ઉમદા સેવાપ્રેરણાત્મક છે.અને સમાજમાં ઉત્તમ કાર્યનું ઉદાહરણ છે.

## જામકંડોરણા આર્મી ટ્રેનીંગમાં જનાર સહદેવસિંહ ચૌહાણને નગરજનોની શુભેચ્છા



**અબતક, પ્રવિણ દોંગા**
**જામકંડોરણા**

ગુજરાતમાં આર્મીના ખુબજ ઓછા યુવાનો જતા હોય છે. પરંતુ જામકંડોરણા નો એક એવો વિસ્તાર કે જ્યાં ખૂબ જ મિડલ કલાસ પરિવારો રહે છે. આજ પરિવારના યુવાનો પોતે આર્મીમાં જવા માટે સખત મહેનત કરી રહ્યા છે. આવા યુવાનોને સલામ છે કે જેઓ દેશની સેવા અને આતંકવાદને દૂર કરવા માટે પોતાના ગુસ્સાને જુસ્સામાં પરિવર્તિત કરીને ભારતીય સેનામાં જોડાવાના સપનાને વધુ દ્દઢ બનાવી રહ્યા છે.

જામકંડોરણાની ગ્રામપંચાયતમાં નોકરી કરતાં મહેન્દ્રસિંહ ચૌહાણનો પુત્ર સહદેવસિંહ દેશદાઝ સમર્પિત કરવા માટે આર્મીની ટ્રેનીંગ પર જઈ રહ્યો છે. નાનપણથી જ દેશદાઝ સાથે જોડાયેલા સહદેવસિંહ આર્મીમાં જોડાવા માટે પોતાનું સ્વપ્ન સેવતા હતા અને આ સ્વપ્ન સાકાર કરવા માટે તનતોડ સખત પરિશ્રમનું ફળ સ્વરૂપે આજે સહદેવસિંહ ચૌહાણને આર્મીમાં જોડાવા જઈ રહ્યા છે.મહેન્દ્રસિંહ ચૌહાણ અને તેમના પરિવાર તરફથી સહદેવસિંહ ચૌહાણને ઓલ ધ બેસ્ટ હાર્દિક શુભકામના પાઠવી હતી અને ગ્રામજનોએ શુભેચ્છા પાઠવી હતી.

# રિલાયન્સનું વાઈઝર હવે સેમસંગ, પેનાસોનિક, એલ.જી ને હંફાવવા સજ્જ

## રિલાયન્સ ડિજીટલના સ્ટોર, સ્વાયત વિક્રેતાઓ, રિટેલ ચેઈન તથા ઈ-કોમર્સ ખાતે ઈલેક્ટ્રોનિક ઉપકરણોનું વેચાણ કરાશે

**અબતક, નવીદિલ્હી**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ નવી મેડ-ઈન-ઈન્ડિયા બ્રાન્ડ વિઝર સાથે સ્થાનિક કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ અને હોમ એપ્લાયન્સિસ માર્કેટમાં બહુરાષ્ટ્રીય કંપનીઓના વર્ચસ્વને ખલેલ પહોંચાડવા માંગે છે. યોજનાઓથી માહિતગાર બે અધિકારીઓએ જણાવ્યું હતું કે કંપની સ્થાનિક કોન્ટ્રાક્ટ ઉત્પાદકો ડિક્સન ટેક્નોલોજીસ અને ઓનિડાના પેરેન્ટ મિર્ક ઈલેક્ટ્રોનિક્સ સાથે ઉત્પાદન કરારને અંતિમ સ્વરૂપ આપી રહી છે. તેમણે કહ્યું કે એકવાર બ્રાન્ડ માર્કેટ શેર મેળવી લે, પછી કંપની મધ્યમ ગાળામાં તેના પોતાના પ્લાન્ટ સ્થાપવા માંગે છે. રિટેલ યુનિટ રિલાયન્સ રિટેલે તાજેતરમાં વિઝર એર કૂલર લોન્ચ કર્યા છે અને ટેલિવિઝન, વોશિંગ મશીન, રેફ્રિજરેટર્સ, એર કંડિશનર્સ, નાના ઉપકરણો અને એલ. ઈ.ડી બલ્બ જેવી શ્રેણીઓમાં શ્રેણીને વિસ્તારવાની યોજના ધરાવે છે. હાલની જે સ્થિતિ જોવા મળી છે તેમાં રિલાયન્સનું વાઈઝર હવે સેમસંગ, પેનાસોનિક, એલ.જીને હંફાવા સજ્જ બન્યું છે.

કંપની આ ઉત્પાદનોને ઘરની અંદર ડિઝાઈન અને વિકસાવવા માંગે છે કારણ કે તે વિદેશી લેબલ્સ દ્વારા પ્રભુત્વ ધરાવતા બજારમાં સ્વદેશી બ્રાન્ડ સ્થાપિત કરવા માંગે છે. તેણે અગાઉ તૃતીય પક્ષો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનો સાથે ખાનગી લેબલ બ્રાન્ડ રીકનેક્ટ લોન્ચ કર્યું હતું. ઉપર ટાંકવામાં આવેલા લોકોએ જણાવ્યું હતું કે કંપની તેના પોતાના રિલાયન્સ ડિજિટલ સ્ટોર્સ તેમજ સ્વતંત્ર ડીલર્સ, પ્રાદેશિક રિટેલ ચેન અને એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા વિઝર ઉત્પાદનો વેચવા માંગે છે.

જીઓ માટે ડિજિટલ, ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોના બીટુબી વિતરણમાં રોકાયેલ, વાઈઝર ને અન્ય સ્ટોર્સ પર લઈ જશે. નાણાકીય વર્ષ ૨૦૨૪ જીઓ મર્ચન્ટ બેઝ ૨૦% વધ્યો હતો.

વાઈઝર પ્રોડક્ટ્સ એલ.જી, સેમસંગ અને વર્લ્પુલ જેવી બ્રાન્ડ્સ કરતાં સસ્તી હશે, જે ટીવી, રેફ્રિજરેટર્સ અને વોશિંગ મશીન જેવી કેટેગરીમાં પ્રભુત્વ ધરાવે છે. ટાટાની માલિકીની વોલ્ટાસ એસીમાં માર્કેટ લીડર છે, પરંતુ એલજી અને ડાઈકિન જેવી બહુરાષ્ટ્રીય કંપનીઓ તેને અનુસરે છે. રિલાયન્સ રિટેલ હજુ પણ એસેસરીઝ માટે રીકનેક્ટ બ્રાન્ડનો ઉપયોગ કરે છે. તેણે થોડા વર્ષો પહેલા બી.પી.એલ અને કેલ્વિનેટર બ્રાન્ડ્સ માટે લાયસન્સ મેળવ્યું હતું અને કોઈ નોંધપાત્ર બજારહિસ્સો મેળવ્યા વિના કેટલાક ટીવી, રેફ્રિજરેટર અને વોશિંગ મશીન મોડલ લોન્ચ કર્યા હતા. આ ઉત્પાદનો ડિક્સન, મિર્ક અને પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટ જેવી કંપનીઓ દ્વારા સ્થાનિક રીતે ડિઝાઈન અને ઉત્પાદિત કરવામાં આવ્યા હતા, જ્યારે કેટલાક ટીસીએલ દ્વારા ઉત્પાદિત ચીન અને ઈન્ડોનેશિયામાંથી આયાત કરવામાં આવ્યા હતા.

ત્યારે જોવાની વાત એ છે કે રિલાયન્સ દરેક ક્ષેત્રે પોતાનું આધિપત્ય સ્થાપિત કરી રહ્યું છે અને તેની પાછળ સૌથી મોટું કારણ એ જ છે કે રિલાઈન્સ માર્કેટ કેપ્ચર સર્વપ્રથમ કરે છે અને ત્યારબાદ તેમનો વ્યાપારને વૃદ્ધિ અપાવે છે. ઉદાહરણ સ્વરૂપે હાલ ઈન્ડિયન પ્રીમિયર લીગ રિલાયન્સ તેના જીઓ પ્લેટફોર્મ ઉપર નિશુલ્ક લોકોને દેખાડી રહ્યું છે હા એક રીતે જોઈએ તો તે નુકસાની બેઠે છે પરંતુ લાંબા ગાળે તે પોતાનો માર્કેટ શેર વધારી રહ્યું છે અને તેનો સીધો જ ફાયદો અંતે કંપનીને થશે. આ પૂર્વે જીઓ માં પણ અનેકવિધ સ્કીમ ગ્રાહકોને આપવામાં આવી હતી જે અન્ય કંપનીઓ કરતા ખૂબ ઓછો ભાવ હતો ત્યારે લાગતું હતું કે રિલાઈન્સ નુકસાની વેઠી રહી છે પરંતુ સમય જતા જીઓના ગ્રાહકો ખૂબ મોટા પ્રમાણમાં બંધાયા અને તેનો ફાયદો કંપનીને થયો જ્યારે બાકી કંપનીઓના અસ્તિત્વનો પ્રશ્ન પણ ઉભો થયો હતો.

### મલ્ટીનેશનલ કંપનીઓ લોસ મેકિંગ બિઝનેસ કરી માર્કેટ કરી રહી છે કેપચર

વ્યાપારિક રીતે સમગ્ર વિશ્વમાં મલ્ટીનેશનલ કંપનીનો દબદબો એટલે જ રહ્યો છે કે તે માર્કેટ પરિસ્થિતિને બખૂબી રીતે જાણે છે અને સમજે છે. અત્યાર સુધી એ ચલણ જોવા મળતું હતું કે વ્યાપાર નફો હોય તો જ કરાય પરંતુ વિદેશી કંપનીઓ કે જેને ભારતમાં પોતાનું આદિત્ય સ્થાપિત કર્યું તેઓએ નફો નહીં પરંતુ લોસ મેકિંગ બિઝનેસ ની સ્ટ્રેટેજી અપનાવી. કેટલા રૂપિયા મુકવા એ ગણતરી કરી જ વિદેશી કંપનીઓએ ભારતમાં પોતાનો માર્કેટ શેર કબજે કર્યો અને માર્કેટ ઉભી થતા જ તેઓએ તેમનો નફો મેળવવાનું પણ શરૂ કરી દીધું. હવે જે કોઈ ઉદ્યોગો આગળ વધી રહ્યા છે તે સર્વપ્રથમ નફો નહીં પરંતુ માર્કેટ કેપ્ચર કરવાનું કાર્ય કરે છે.

### શું કામ વિડિયોકોન, ઓનીડા અને બીપીએલની સ્થિતિ કફોડી બની?

એક જમાનામાં વિડિયોકોન, ઓનીડા અને બીપીએલ નો દબદબો હતો ટીવી હોય કે પછી કોઈ પણ ઈલેક્ટ્રોનિક ચીજ વસ્તુઓ આ તમામ સ્ટેટમેન્ટમાં આ ત્રણ જૂના જોગીઓ દ્વારા પોતાનું આદિત્ય સ્થાપિત કરવામાં આવ્યું હતું. પરંતુ સમય જતા આ કંપનીઓ ક્યાં ખોવાઈ ગઈ તેનો કોઈ અંદાજો જ ન આવ્યો અને વેચાણમાં ધડાધડ ઘટાડો પણ નોંધાયો. પરંતુ વરવી વાસ્તવિકતા તો એ છે કે આ ત્રણેય કંપની નફો મેળવવા માટે મેદાને હતી અને તેને ભવિષ્યનો કોઈ વિચાર કર્યા વગર પોતાની સ્ટ્રેટેજી યથાવત ચાલુ રાખી. તમે ગાળા દરમિયાન સેમસંગ જેવી વિદેશી બ્રાન્ડની કંપનીઓએ ભારતનું માર્કેટ શેર કેપ્ચર કરવા માટે એક એવી સ્ટ્રેટેજી બનાવી કે જેમાં તેઓએ માત્ર નુકસાની વેઠવાની હતી. લાંબા ગાળે એ આર્થિક નુકસાની કંપનીને ઘણો ફાયદો પહોંચાડ્યો અને પરિણામ સ્વરૂપે આ વિદેશી બ્રાન્ડની ચીજ વસ્તુઓના વેચાણમાં ધરખમ વધારો જોવા મળ્યો. ત્યારે હાલ અત્યારે રિલાઈન્સ પણ એ જ દિશામાં આગળ વધી રહી છે.

# નરણા કોઠે ઘી શરીર માટે "સ્વાસ્થ્ય વર્ધક"

**અબતક, નવીદિલ્હી**

સામાન્ય રીતે વન ઘટાડવા અને પોતાને સ્વસ્થ રાખવા માટે ઓઈલી ખોરાકથી દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે. પરંતુ આ પ્રયત્નોમાં દેશી ઘીના સેવનને બંધ બિલકુલ ન કરતા. કારણ કે તે સ્વાસ્થ્ય માટે સારું માનવામાં આવે છે. બહુ ઓછા લોકો જાણતા હશે કે ઘીનો ઉપયોગ ડાયટિંગ માટે કરી શકાય છે. તબીબોનું માનવું છે કે નરણા કોઠે ઘી શરીર માટે ખૂબ જ સ્વાસ્થ્યવર્ધક છે અને તેના અનેક ગુણધર્મો શરીરને વિવિધ રીતે સ્વસ્થ રાખે છે. ઘી એ સૌથી અન્ડરરેટેડ ખોરાકમાંનું એક છે. ભારતીયો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ચરબીના સૌથી આરોગ્યપ્રદ સ્વરૂપોમાંના એક, ઘીના સ્વાસ્થ્ય લાભો પર્યાપ્ત રીતે નોંધવામાં આવ્યા નથી. અહીં કેટલાક કારણો છે કે તમારે તેને ખાલી પેટ કેમ ખાવું જોઈએ

**પાચનને પ્રોત્સાહન આપે છે**

ખાલી પેટે એક ચમચી ઘી ખાવાથી પાચન ઉત્સેચકોના સ્ત્રાવને ઉત્તેજિત કરીને અને પેટમાં એસિડના ઉત્પાદનને પ્રોત્સાહન આપીને પાચનને ઝડપી બનાવી શકાય છે, જેનાથી ખોરાકના ભંગાણ અને પોષક તત્વોના શોષણમાં મદદ મળે છે.

**ઊર્જા પ્રદાન કરે છે**

ઘી મદયમ-શ્રેણી ફેટી એસિડથી સમૃદ્ધ છે, જે સરળતાથી પચાય છે અને ઊર્જા માટે શરીર દ્વારા ઝડપથી ચયાપચય થાય છે. ઘી સાથે દિવસની શરૂઆત સતત ઊર્જા પ્રદાન કરી શકે છે, જેનાથી તમે સવાર દરમિયાન વધુ સતર્ક અને ધ્યાન કેન્દ્રિત અનુભવો છો.

**વજન વ્યવસ્થાપનમાં સહાય**

લોકપ્રિય માન્યતાથી વિપરીત, ઘી જ્યારે સંયમિત માત્રામાં ખાવામાં આવે છે ત્યારે વજન નિયંત્રણમાં મદદરૂપ થઈ શકે છે. તેમાં સમાવિષ્ટ તંદુરસ્ત ચરબીની



ઉચ્ચ સાંદ્રતા તૃપ્તિને પ્રોત્સાહન આપે છે અને તૃષ્ણાને ઘટાડે છે, જેનાથી તમે દિવસ પછી વધુ પડતું ખાવાની શક્યતા ઓછી કરો છો.

**મગજને પોષણ આપે છે**

ઘીમાં હાજર ચરબી મગજના સ્વાસ્થ્ય માટે મહત્વપૂર્ણ છે, કારણ કે તે મગજના કોષોના વિકાસ અને જાળવણી માટે જરૂરી પોષક તત્વો પ્રદાન કરે છે. દિવસની શરૂઆત ઘી સાથે કરવાથી જ્ઞાનાત્મક કાર્યમાં મદદ મળે છે અને માનસિક સ્પષ્ટતા વધે છે.

**રોગપ્રતિકારક શકિતને મજબૂત બનાવે છે**

ઘીમાં બ્યુટીરિક એસિડ, બળતરા વિરોધી અને રોગપ્રતિકારક શકિત વધારવાના ગુણો સાથે શોર્ટ-ચેન ફેટી એસિડ હોય છે. ખાલી પેટે ઘીનું સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ મળે છે અને ચેપ અને રોગો સામે રક્ષણ મળે છે.

### પાચનશક્તિ, યાદશક્તિ વધારવા માટે દેસી ગાયનું ઘી ખુબજ લાભદાયીઃ ડો. સંજય જીવરાજાની



ડોક્ટર સંજય જીવરાજાનીએ જણાવ્યું હતું કે નાણાંકોઠે દેશી ગાયનું ઘી નું સેવન પાચનશક્તિ, યાદશક્તિ વધારવા માટે ગુણકારી છે. જેમ ગાડીમાં ઓઈલ ની જરૂર દરેક પાર્ટ્સને સ્મૂધ રીતે ચલાવવા માટે જરૂર હોય તેવી રીતે શરીરમાં અંગોને સારી રીતે કાર્યરત રાખવા માટે દેશી ઘી અત્યંત ગુણકારી છે. દેશી ઘી વ્યક્તિના મેટાબોલિઝમને ખૂબ સારી રીતે જાળવે છે જેથી નાનાથી લઈ વયો વૃદ્ધ લોકો પણ દેશી ઘી નું સેવન કરી શકે છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ગાયનું ઘી બીપીના લોકો માટે પણ એટલું જ અકસીર છે. અને તે યાદશક્તિની સાથોસાથ શરીરમાં સતત ઊર્જાનો સંચાર પણ કરે છે.

# યુરોપના દેશોમાં ગેરકાયદે રહેતા લોકોની હકાલપટ્ટી શરૂ!!!

**અબતક, નવીદિલ્હી**

મંગળવારે ફ્રાન્સથી ઈંગ્લિશ ચેનલ પાર કરવાનો પ્રયાસ કરતી વખતે એક બાળક સહિત પાંચ લોકોના મોત થયા હતા. વાત બરાબર એમ છે કે, યુરોપના દેશોમાં ગેરકાયદેસર રીતે રહેતા લોકોની હકાલ પટ્ટી કરવાનું શરૂ કરી દીધું છે જે અંગે યુકે દ્વારા રવાન્ડા બિલને પણ પસાર કરી દેવામાં આવ્યું છે.

બ્રિટનમાં ગેરકાયદેસર એન્ટ્રી રોકવા માટે શરણાર્થીઓને રવાંડા મોકલવા માટેનું બિલ પસાર કર્યાના કલાકો બાદ આ ઘટના બની હતી. ઉત્તરી ફ્રાન્સના પાસ-દ-

## સાત વર્ષની બાળકી સહિત સાત લોકોના નીપજ્યા મોત



કલાઈસના દરિયાકાંઠે રેતીના ઢગલા પર બોટ તણાઈ જતાં ૭ વર્ષની બાળકી સહિત સ્થળાંતર કરનારાઓ મૃત્યુ પામ્યા હતા. ફ્રેન્ચ નૌકાદળે ૪૯ લોકોને બચાવ્યા, પરંતુ ૫૮ અન્ય લોકોએ ઉતરવાનો ઈનકાર કર્યો અને બ્રિટન તરફ આગળ વધ્યા

આ બોટ કેલાઈસથી લગભગ ૩૨ કિમી દક્ષિણ-પશ્ચિમમાં વિમેરેક્સથી રવાના થઈ હતી. ચેનલને પાર કરવાનો પ્રયાસ બ્રિટનની સંસદે કાયદો પસાર કર્યાના કલાકો પછી આવ્યો હતો જે સરકાર શરણાર્થીઓને પ્રક્રિયા માટે બ્રિટનમાં રાખવાને બદલે રવાંડા મોકલવાની મંજૂરી આપશે. સ્થળાંતર કરનારાઓના પ્રવાહને રોકવા એ બ્રિટિશ પીએમ ઋષિ સુનાકની સરકાર માટે પ્રાથમિકતા છે, જે કહે છે કે રવાન્ડા યોજના અવરોધક તરીકે કામ કરશે. માનવ અધિકાર જૂથો અને અન્ય ટીકાકારો કહે છે કે તે અમાનવીય છે. બ્રિટનના ગૃહ સચિવ જેમ્સ ક્લેવરલીએ દરિયામાં સ્થળાંતર કરનારાઓના તાજેતરના મૃત્યુ વિશે જણાવ્યું હતું કે, "આ દુર્ઘટનાઓ બંધ થવી જોઈએ." સંસદમાં બિલ પસાર થયા પછી બોલતા, સુનાકે કહ્યું કે હવે ધ્યાન રવાન્ડાની ફ્લાઈટ્સ ફરી શરૂ કરવા પર છે. આ બિલને આ અઠવાડિયે શાહી સંમતિ મળવાની ધારણા છે, એટલે કે તે કાયદો બની જશે, અને સુનાકે કહ્યું છે કે તે ૧૦ થી ૧૨ અઠવાડિયામાં ફ્લાઈટ્સ ઉપડવાની અપેક્ષા રાખે છે.

આફ્રિકા, મધ્ય પૂર્વ અને એશિયામાં યુદ્ધ અને ગરીબીથી ભાગી રહેલા ઘણા શરણાર્થીઓ ૨૦૧૮ માં નાની હોડીઓમાં અંગ્રેજી કિનારે આવવા લાગ્યા. આ વર્ષે અત્યાર સુધીમાં ૬,૦૦૦ થી વધુ લોકો બ્રિટન પહોંચ્યા છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતા લગભગ એક ચતુર્થાંશ વધુ છે. સૌથી ખરાબ ઘટના નવેમ્બર ૨૦૨૧ માં બની હતી જ્યારે ૨૭ સ્થળાંતરકારોના મૃત્યુ થયા હતા જ્યારે તેમની હોડી કલાઈસ નજીક પલટી ગઈ હતી. ચેનલ વિશ્વની સૌથી વ્યસ્ત શિપિંગ લેન પૈકીની એક છે અને પ્રવાહ મજબૂત છે, જે નાની બોટ પર ક્રોસિંગ જોખમી બનાવે છે.

# સૈયદના મુફદલ સૈફુદિનને દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરૂ તરીકે યથાવત રાખતી બોમ્બે હાઈકોર્ટ

## વર્ષ ૨૦૧૪માં દાઉદી વ્હોરા સમાજ વડાના ઉતરાધિકારી મામલે ઉભો થયો'તો વિવાદ

**અબતક, રાજકોટ**

બોમ્બે હાઈકોર્ટે દાઉદી વ્હોરા સમાજના ધર્મગુરૂ તરીકે સૈયદના મુફદલ સૈફુદ્દીનની નિમણુંકને માન્ય રાખી છે તયારે દાઉદી વ્હોરા સમાજમાં છેલ્લા ૧૦ વર્ષથી ધર્મગુરૂ અંગેનો ચાલી રહેલા વિવાદનો અંત આવ્યો છે.



ગુજરાત સહિત દેશભરમાં વિશાળ સંખ્યા ધરાવતા દાઉદી વ્હોરા સંપ્રદાયના ધાર્મિક વડા તરીકે મુફદ્દલ સૈફુદ્દીનની નિયુકિતને પડકારતી એક રીટ અરજી મુંબઈ હાઈકોર્ટે ફગાવી દીધી છે. ૨૦૧૪માં સંપ્રદાયના ૫૨માં દાઈ-અલ-મુતકલ સૈયદના મહમદ બુરહાનુદ્દીન સાહેબના નિધન બાદ તેમના વારસદાર તરીકે બીજા નંબરના પુત્ર મુફદ્દલ સૈફુદ્દીન સાહેબની નિયુકિત કરવામાં આવી હતી.

જેમાં ચાલી રહેલા અદાલતી વિવાદમાં આજે મુંબઈ હાઈકોર્ટે સૈયદના મુફદ્દલ સૈફુદીનની દાઉદી વ્હોરા સમુદાયના વડા તરીકે નિયુકિતને બહાલી આપી છે. તથા તેમના પિતરાઈ ભાઈ તાહેર ફખરૂદ્દીનના દાવાને ફગાવી દીધો છે. આ સાથે ૨૦૧૪ બાદ જે વિવાદ શરૂ થયો હતો તેનો અંત આવ્યો છે

દાઉદી વ્હોરા સમાજ સીયા મુસ્લિમ સમાજનો એક ધાર્મિક સંપ્રદાય છે અને ભારતમાં તેના પાંચ લાખથી વધુ અનુયાયી છે અને દુનિયાભરમાં ૧૦ લાખથી વધુ સદસ્યો છે. તેના ધાર્મિક વડાને દાઈ-અલ-મુતકલ તરીકે ઓળખવામાં આવે છે જેને સૈયદના સાહેબ પણ કહેવાય છે. જેમાં ૫૨માં સૈયદના સાહેબ મહમદ બુરહાનુદીનનું નિધન થતાં તેમના વારસદાર તરીકે તેમના પુત્ર મુફદ્દલ સૈફુદ્દીનની નિયુકિત કરવામાં આવી હતી જેની સામે પિતરાઈ ભાઈ અને તેમના પુત્રએ અદાલતી જંગ માંડયો હતો. દાઉદી વ્હોરા સિધ્ધાંત મુજબ ઉતરાધિકારીની નિયુકિત એક ઈશ્વરીય પ્રેરણાના માધ્યમથી કરવામાં આવે છે અને તે સમુદાયમાં કોઈપણ યોગ્ય વ્યકિતને ઉતરાધિકારી તરીકે ગણવામાં આવે છે અને તેમાં લગભગ એક દસકાની લાંબી લડાઈ બાદ સૈયદના મુફદલ સૈફુદીનની પંથના વડા તરીકે નિયુકિતને માન્ય રાખવામાં આવી છે.

લગભગ એક દસકાની લડાઈમાં સંપ્રદાયના અનેક સિધ્ધાંતો અને નિર્ણયોને ટાંકવામાં આવ્યા હતા. જેમાં ન્યાયમૂર્તિ ગૌતમ પટેલે તેમના આખરી ચુકાદામાં સૈયદના મુફદલ શૈફુદીનની નિયુકિતને માન્ય રાખી છે અને આ સાથે હાલ વિવાદનો અંત આવ્યો છે. વિશ્વના ૪૦ દેશોમાં પથરાયેલા આ સમુદાયની ગણના સૌથી સરળ વ્યકિતત્વ ધરાવતા સિયા મુસ્લિમ તરીકે થાય છે અને ભારતમાં તે વિકાસના એક ભાગીદાર પણ બન્યા છે.

### ઐતિહાસિક નિર્ણયથી દાઉદી બોહરા સમાજમાં ખુશીની લહેર

દાઉદી વ્હોરા સમુદાય બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ જી.એસ.પટેલ દ્વારા આપવામાં આવેલો સીમાચિહ્નરૂપ ચુકાદાથી ખૂબ જ ખુશ છે, જે સમુદાય માટે એક ઐતિહાસિક અને નિર્ણાયિક ક્ષણ છે. જોહર કાર્ડસના માલિક શેખ યુસુફભાઈ જોહરે જણાવ્યું છે કે, ચુકાદામાં જે પુરાવાઓને ધ્યાનપૂર્વક ધ્યાનમાં લીધા પછી અને બંને પક્ષો દ્વારા આગળ વધેલી વિસ્તૃત દલીલોને ધ્યાનમાં લીધા પછી નિર્ણાયિક રીતે એવું માનવામાં આવ્યું છે કે ૫૨મા અલ-દાઈ અલ-મુતલક પરમ પવિત્ર સૈયદના મોહમ્મદ બુરહાનુદ્દીને તેમના પુત્ર, પવિત્ર સૈયદના મુફદલ સૈફુદ્દીનને તેમના અનુગામી અને દાઉદી વ્હોરા સમુદાયના ૫૩માં અલ-દાઈ અલ-મુતલક તરીકે નિયુક્ત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, અમે આ અવસરે નામદાર બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ ગૌતમ પટેલનો આભાર માનવા માંગીએ છીએ કે, તેમણે આ જટિલ મામલાની ધીરજપૂર્વક સુનાવણી અને નિર્ણય લેવામાં છેલ્લા દસ વર્ષમાં જેટલો સમય ફાળવ્યો. અમે વરિષ્ઠ કાઉન્સેલ ઈકબાલ ચાગલાની આગેવાની હેઠળ વરિષ્ઠ કાઉન્સેલ મિસ્ટર ફ્રેડન ડી વિટ્રે, સિનિયર કાઉન્સેલ જનક દ્વારકાદાસ, સિનિયર કાઉન્સેલ પંકજ સાવંત લોર્ડશિપ જસ્ટિસ ફિરદોશ પૂનીવાલા સહિત તમામ કાઉન્સિલનો અને સલાહકારો આઝમીન ઈરાની, અમ્મર એ ફૈઝુલ્લાભોય, શાહેન પ્રધાન, જેહાન મહેતા અને ચિરાગ કામદારનો પણ આભાર માનીએ છીએ.

# સ્ટોઈનિસની સ્ફોટક બેટિંગે ચેન્નઈના "કિંગો "ને અચંબીત કરી દીધા !!!

## ૧૩ વર્ષ જુનો આઈપીએલનો રેકોર્ડ તુટ્યોઃ સ્ટોઈનિસે ૧૨૪ રન ફટકારી નાબાદ રહ્યો

**અબતક, નવીદિલ્હી**

ઈન્ડિયન પ્રીમિયર લીગ ના અડધો અડધ લીગ મેચો પૂર્ણ થઈ ચૂકયા છે ત્યારે હવે આ ટોરનામેન્ટ પ્લે ઓફ તરફ આગળ વધી છે તેમાં પણ ગઈકાલે ચેન્નઈ સુપર કિંગ્સ અને લખનવ જાયન્સ વચ્ચે અત્યંત હાઈ સ્કોર મેચ રમાયો હતો જેમાં ચેન્નઈ ની ટીમનો છ વિકેટે પરાજય થયો છે. સામે લખનઉ ની ટીમ તરફથી માર્કસ સ્ટોઈનીસ ની ધુઆધાર બેટિંગના પગલે ટીમને વિજય મળ્યો હતો . લખનઉના ઓપનિંગ બેટ્સમેનો ચેન્નઈના બોલરો સામે ટકી શક્યા ન હતા ત્યારે એક સેકન્ડ એવું પણ લાગ્યું હતું કે આ હાઈસ્કોરિંગ મેચ ચેન્નઈ ની ટીમ સરળતાથી જીતી જશે. પરંતુ ચિત્ર ક્યાંક ને ક્યાંક ઊલટું જ જોવા મળ્યું. માર્કસની ધુઆધાર બેટિંગે ચેન્નઈ કિંગ્સને સંપૂર્ણપણે અચંભીત કરી દીધા.

આઈપીએલ ૧૭મી સીઝનનો ૩૯મો મેચમાં અત્યંત રોમાંચક બની ગયો હતો. લખનઉ સુપરજાયંટ્સે રોમાંચક મેચમાં ચેન્નઈ સુપરકિંગ્સને ૬ વિકેટથી હરાવી દીધું છે. ચેન્નઈએ પહેલા બેટીંગ કરતા ૨૧૦ રન બનાવ્યા અને લખનઉની ટીમે આ ટાર્ગેટ ૪ વિકેટ ખોઈને પ્રાપ્ત કરી લીધો હતો. લખનઉની ટીમ ૩ બોલ પહેલા જ મેચ જીતી ગઈ હતી. મોટી વાત એ છે કે, લખનઉની આ મેચ ચેન્નાઈના ઘરમાં જ જીતી છે. એમ ચિદંબરમ સ્ટેડિયમમાં ચેન્નને પુરો સપોર્ટ મળ્યો છે, પણ માર્કસ સ્ટોયનિસે ૬૩ બોલમાં નોટઆઉટ ૧૨૪ રન બનાવ્યા, જેના કારણે લખનઉને રોમાંચક જીત મળી છે.

ચેન્નઈ સુપરકિંગ્સ વિરુદ્ધ લખનઉને છેલ્લી ઓવરમાં ૧૭ રનની જરૂર હતી. છેલ્લી ઓવરમાં મુસ્તિફિઝુર રહમાને ફેંકી અને સ્ટ્રાઈક પર માર્કસ સ્ટોયનિસ હતો. આ ખેલાડીએ ફક્ત ૩ બોલમાં પણ લખનઉને જીત અપાવી દીધી. છેલ્લી ઓવરના પ્રથમ બોલ પર માર્કસ સ્ટોનિસે છગ્ગો લગાવ્યો. બીજા બોલ પર આ ખેલાડીએ જબરદસ્ત ચોગ્ગો લગાવ્યો. ત્યાર બાદ ત્રીજા બોલ પર સ્ટોયનિસે ચોગ્ગો લગાવ્યો અને આ બોલ નો બોલ નીકળ્યો. ત્યાર બાદ ફ્રી હીટ પર પણ સ્ટોયનિસે ચોગ્ગો લગાવીને લખનઉને જીત અપાવી દીધી.

લખનઉની જીત માર્કસ સ્ટોયનિસના કારણે થઈ. સ્ટોયનિસ ક્વિંટન ડિકોકના શૂન્ય પર આઉટ થયા બાદ પહેલી જ ઓવરમાં ક્રીઝ પર આવ્યો હતો અને આ બેટ્સમેને શાનદાર બેટીંગ કરી સૌનું દિલ જીતી લીધું. સ્ટોયનિસે ફક્ત ૨૬ બોલમાં અડધી સદી ફટકારી તેણે પડિક્કલ સાથે ૩૩ બોલમાં અડધી સદીની ભાગીદારી કરી. ત્યાર બાદ આ ખેલાડીએ નિકોલસ પૂરન સાથે ૨૬ બોલમાં અડધી સદીની ભાગીદારી કરી. એટલું જ નહીં માર્કસે ૧૨૪ રનની નોટઆઉટ ઈનિંગ રમતા તેને આઈપીએલ ઈતિહાસનો ૧૩ વર્ષ જૂનો રેકોર્ડ તોડી પાડ્યો છે.


### હાઈ સ્કોરિંગ બનેલા મેચમાં લખનોની ટીમે ચેન્નઈને છ વિકેટે હરાવ્યું

### વર્લ્ડ હેરીટેજ દિવસની ઉજવણી અંતર્ગત

# ૨૧ ચિત્રકારોએ ઐતિહાસીક સ્થળોના ચિત્રો બનાવી દેશના અમૂલ્ય વારસાની જાળવણીનો સંદેશો આપ્યો

## પુરાતત્વીય સંગ્રહાલય ખાતે આર્ટ એક્ઝીબીશનની કલા પ્રેમીજનતાએ લીધી મુલાકાત







**અબતક, જામનગર**

દર વર્ષે ૧૮મી એપ્રિલે સાંસ્કૃતિક વારસાની જાળવણી અને મહત્વ વિશે જાગૃતિ લાવવા અને વિશ્વના વારસાની વિવિધતાની ઉજવણી કરવા માટે વર્લ્ડ હેરીટેજ ડે મનાવવામાં આવે છે.વર્લ્ડ હેરિટેજ દિવસની ઉજવણીનો વિચાર ૧૯૮૨માં ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓન મોન્યુમેન્ટ્સ એન્ડ સાઈટ્સ (ICOMOS) દ્વારા પ્રસ્તાવિત કરવામાં આવ્યો હતો અને બાદમાં ૧૯૮૩માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા તેને મંજૂરી આપવામાં આવી હતી.

વર્લ્ડ હેરીટેજ ડે ઉજવણી અંતર્ગત રાજયના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત પુરાતત્વ અને સંગ્રહાલય ખાતાના પુરાતત્વીય સંગ્રહાલય, જામનગર ખાતે તા.૧૮મી એપ્રિલના રોજ ‘‘વર્લ્ડ હેરીટેજ ડે એક્શિબિશન‘‘નુ આયોજન કરવામા આવ્યુ હતુ. જેનુ ઉદઘાટન નિવૃત ચિત્ર શિક્ષક અને જામનગરના સિનિયર આર્ટીસ્ટ જગદીષભાઈ જોષીના વરદહસ્તે કરવામાં આવ્યુ હતુ.

આ એક્સિબિશનમાં વોટર કલર, એક્રેલિક, પેન્સીલ, કેનવાસ વર્ક સાથે હેરિટેજ થીમ ઉપર જામનગરનાં જાણીતાં અનુભૂતિ ગ્રુપનાં કુલ ૨૧ ચિત્રકારો દ્વારા અંદાજિત ૪૦ જેટલા ચિત્રોનું પ્રદર્શન કરવામાં આવેલ.જેમાં દેશ-વિદેશનાં હેરીટેઝ સ્થળો જેવા કે, ઈજિપ્તનાં પિરામીડ, તાજમહાલ, રાણીની વાવ, નવલખા મંદિર તેમજ જામનગરનાં સ્થાનિક ઐતિહાસિક સ્થળો જેવા કે, ભૂજીયો કોઠો ભીડભંજન મહાદેવ, સુખનાથ મહાદેવ, સૈફી ટાવર, પંચેશ્વર ટાવર, સોલેરીયમ, સજુબા કન્યા શાળા, રણજીતસાગર ડેમ, કાશી વિશ્વનાથ મહાદેવ, ખંભાળીયા ગેટ, ત્રણ દરવાજા, ધન્વંતરિ મંદિર ઉપરાંત જામનગરના અમૂલ્ય ધરોહર સમાન પુરાતત્વ અને સંગ્રહાલય ખાતા હસ્તકનાં રાજ્ય રક્ષિત સ્મારક લાખોટા કોઠાના ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ અંગે પુરાતત્વીય સંગ્રહાલય જામનગરના ક્યુરેટર ક ડો.ધીરજ ચૌધરીએ જણાવેલ વિશ્વ ધરોહર દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ વિશ્વભરની ઐતિહાસિક ઈમારતો, સ્મારકો અને પુરાતત્વીય સ્થળોને બચાવવાનો છે.જેથી કરીને આવનારી પેઢીઓ માટે આ વારસાને સાચવી શકીએ.આ દિવસનો ઉદ્દેશ્ય વિશ્વની વિરાસત અને વિવિધતાને લોકો સુધી પહોંચાડવાનો છે.આ પ્રદર્શનમાં ૧૭ વર્ષ થી ૭૦ વર્ષ સુધીનાં કલાકારોએ ભાગ લીધેલ. તેમજ બહોળી સંખ્યામાં જામનગરની કલારસિક જનતાએ ચિત્ર-પ્રદર્શનીનો લાભ લીધેલ હતો.

### મારો મત મારો અધિકાર

## પ્રથમ વખત મતદાન કરનાર વિદ્યાર્થીનીઓની મતદાન કરવા અપીલ





**અબતક, જામનગર**

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત જામનગર જિલ્લામાં મતદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે અને વધુમાં વધુ લોકો મતદાન કરી ચૂંટણીના મહાપર્વમાં સહભાગી થાય તે પ્રકારે મતદાન જાગૃતિ લાવવા માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટરશ્રી બી. કે. પંડ્યાના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા કામગીરી કરાઈ રહી છે.

ત્યારે જામનગરની ડિ.કે.વી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજની વિદ્યાર્થિની ફિઝા માડકીયાને ૧૮ વર્ષ પૂર્ણ થતાં પ્રથમ વખત મતદાન કરી રહી છે. તેણી જણાવે છે કે હું પ્રથમ વખત મતાધિકારનો ઉપયોગ કરી રહી હોવાથી ઉત્સુક છું. મારા દેશ માટે હું મત આપવા જઈ રહી છું. તેમજ યુવાઓ અને મહિલાઓને પણ પોતાનો મત અવશ્ય આપવા માટે વિનંતી કરું છું. મારો મત મારો અધિકાર.

અન્ય વિદ્યાર્થીની નિરાલી જોશી જણાવે છે કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં હું પ્રથમ વખત મારો મત આપવા જઈ રહી છું. ભારત દુનિયાની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. મારા પરિવાર સાથે હું મત આપીશ અને અન્ય લોકોને પણ અપીલ કરું છું કે તમે પણ તમારા મતનો યોગ્ય રીતે ઉપયોગ કરો.

## એસ.આર.પી. કેમ્પમાં ટીબી, રકતપિત, વાહકજન્ય રોગ વિશે જાગૃતતા કાર્યક્રમ યોજાયો

**અબતક, જામનગર**

જામનગર ના ચેલા પાસે આવેલ એસ.આર.પી. કેમ્પ ૧૭ ખાતે કેમ્પ ના ૨૫૧ અધિકારી અને જવાનો ને ટીબી રોગ , રક્તપિત રોગ , એનિમિયા ( લોહી ની કમી ) તેમજ વાહકજન્ય રોગ જેવાકે મલેરિયા , ડેન્ગ્યું , ચિકનગુનિયા , ફાઈલેરિયા અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.એચ.એચ ભાયા , જીલ્લા ક્ષય અધિકારી ડો.પ્રેમકુમાર કન્નર , આર.સી.એચ.ઓ ડો.નુપુર પ્રસાદ અને તાલુકા હેલ્થ ઓફિસર ડો.જીગ્નેશ પટેલ ના માર્ગદર્શન હેઠળ કામ કરતા ડી.એસ.બી.સી.સી ચિરાગભાઈ પરમાર દ્વારા અધિકારી અને જવાનો ને એમીનીયા મુક્ત ભારત અંતર્ગત કુપોષણ ને કારણે એનીમિયા વધતો જાય છે તેને અટકાવવા પોષાય યુક્ત આહાર અંગે તેમજ ટીબી રોગના લક્ષણો જેવા કે બે અઠવાડિયા થી વધારે ઉધરસ આવવી, ભૂખ ન લાગવી કે વજન ઘટવો , સાંજ ના સમયે જીણો તાવ આવે જેવા ટીબી રોગના લક્ષણો હોય અને દર્દીને શું કાળજી રાખવી જોઈએ તેને અટકાવા માટે શું કરવું જોઈએ ટીબીનું નિદાન , તપાસ અને સારવાર તમામ આરોગ્ય કેન્દ્રમાં વિનામૂલ્યે આપવામાં આવે છે. દર્દીને સરકાર દ્વારા નિ-ક્ષય પોષણ યોજના હેઠળ ટીબીના તમામ દર્દીને રૂપિયા ૫૦૦ ની સહાય આપવામાં આવે છે તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના દરેડ ના આરોગ્ય કર્મચારી એમ.પી.એચ. એસ પંડ્યાભાઈ અને ચેલા ના એમ.પી.એચ.ડબ્લ્યુ વિજયભાઈ સોન્દરવા દ્વારા વાહકજન્ય રોગ મલેરિયા , ડેન્ગ્યું, ચીકનગુનિયા , ફાઈલેરિયા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. મચ્છર ની ઉત્પતિ અટકાવવા માટે પાણીના ભરેલા બિન જરૂરી પાત્રો ખાલી કરવા અથવા કપડા થી હવા ચુસ્ત રીતે ઢાકી રાખવા અંગે માહિતી આપી અને પત્રિકા વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ એસ.આર.પી. કેમ્પ ૧૭ ના ઈન્ચાર્જ કમાન્ડન્ટ એન.એમ. પટેલ ના અધ્યક્ષ સ્થાને યોજાયો તેમજ પ્રતિભાવ આપવામાં આવ્યો અને આવા આરોગ્ય જાગૃતતાના કાર્યક્રમ અવારનવાર થાય તે અંગે આવકાર આપ્યો હતો.

## ફરાર આરોપીને કોર્ટમાં હાજર થવા જાહેરનામું

**અબતક, જામનગર**

જામનગરની મેન્ટલ હોસ્પિટલના આરોપી ડો.હેમંત કુમાર સુરેન્દ્રરાય બૂચ, ઉ.વ.૭૧ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૬૧ તથા ધી પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટની કલમ ૫(૨) હેઠળ શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે અથવા ગુન્હો કર્યો હોવાનો શક છે તે ઉપરથી કાઢવામાં આવેલાં ધરપકડ વોરંટ પર એવા શેરો થઈ આવેલ છે કે સદરહુ આરોપી મળી આવતા નથી તે સદરહુ ફરાર થઈ ગયા છે અથવા વોરંટની બજવણી ન થાય તે માટે સંતાતા કરે છે. આથી આરોપીએ તે ફરિયાદનો જવાબ આપવા સ્પેશિયલ જજ તથા એડિશનલ સેસન્સ જજ જામનગર સમક્ષ હાજર થવા જહેરનામામાં જણાવવામાં આવ્યું છે.

## જામ જોધપુર જલારામ મંદિરે યોજાયો નેત્ર નિદાન કેમ્પ

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામ જોધપુર જલારામ મંદિરે વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં સ્વ.મુળજીભાઈ પોપટભાઈ હસ્તે જીતેન્દ્રભાઈ જાવિયાના સહયોગથી યોજાયો હતો. કેમ્પમાં એકસો સાઈઠ ઓ.પી.ડી. તેમજ એકતાલીસ ઓપરેશનના દર્દીઓએ લાભ લીધો હતો.

### વર્લ્ડ અર્થ ડે નિમિતે

## ખંભાળીયાની અદાલત પરિસરમાં વકીલ મંડળના હોદ્દેદારોએ કર્યું વૃક્ષારોપણ



**અબતક, વિનાયક ભટ્ટ, જામખંભાળીયા**

સમગ્ર વિશ્વમાં ૨૨ એપ્રિલના રોજ પૃથ્વીને ગ્લોબલ વોર્મિંગના પ્રભાવથી બચાવવા, સસ્ટેનેબલ જીવનશૈલી અપનાવવા ના હેતુસર ‘‘વર્લ્ડ અર્થ ડે’’ ની ઉજવણી કરવામાં આવે છે. વર્ષ -૨૦૨૪ ના ‘‘વર્લ્ડ અર્થ ડે’’ની થીમ ‘‘Planet Vs Plastic’’ રાખવામાં આવી છે, જે મુજબ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ ની અનુશ્રામાં દેવભૂમિ દ્વારકાના ચેરમેન સાહેબ એસ.વી.વ્યાસના માર્ગદર્શન હેઠળ જિલ્લા અદાલતના પ્રાંગણમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા હેડક્વાર્ટર ખાતે ફરજ બજાવતા ન્યાયાધીશ સાહેબઓ, કર્મચારીઓ, જિલ્લા સરકારી વકીલઓ / એ.પી.પી.ઓ, ડીએલએસએના ડિફેન્સ કાઉન્સિલર, મીડિયેટરઓ, પેનલ એડવોકેટો, હાજર રહ્યા હતા. આ ઉપરાંત વકીલ મંડળના હોદ્દેદારઓ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહી વૃક્ષારોપણના કાર્યક્રમમાં સહભાગી થયા હતા. હાજર રહેલા તમામ મહાનુભાવોએ પૃથ્વી ને ગ્લોબલ વોર્મિંગના સંકટમાંથી બચાવવા માટે સસ્ટેનેબલ જીવનશૈલી અપનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આવી જ રીતે દેવભૂમિ દ્વારકા ના ભાણવડ, કલ્યાણપુર, દ્વારકા અને ઓખા તાલુકા મથકે આવેલ અદાલતમાં પણ ટીએલએસસીના ચેરમેનના માર્ગદર્શન હેઠળ અદાલત પરિસરમાં વૃક્ષારોપણના કાર્યક્રમ નું આયોજન કરી ‘‘વર્લ્ડ અર્થ ડે’’ની સવિશેષ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલુકાના ન્યાયાધીશ સાહેબઓ, કર્મચારીઓ, પેનલ અને રીટેનર એડવોકેટઓ તથા વકીલ બારના સભ્યો શામેલ થઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.જિલ્લા અદાલત ખંભાળિયા તથા તાલુકા ખાતે ફરજ બજાવતા સફાઈ કામદાર ભાઈઓ તથા બહેનો દ્વારા આ કાર્યક્રમને સફળ બનાવવા વિશેષ જહેમત ઉપાડી હતી અને આ વૃક્ષોના જતનની જવાબદારી આ તકે તેઓના શીરે લીધી હતી. આમ આ કાર્યક્રમના કર્મચારીઓ તથા મલ્ટીપલ સ્ટેક હોલ્ડર્સના સંયુક્ત પ્રયાસ થી સફળ રહ્યો હતો જે ડીએલએસએના સચિવની અખબારયાદીમાં જણાવવામાં આવેલ છે.

## ચૂંટણી અધિકારી દ્વારા ત્રણ વખત ઉમેદવારોના ખર્ચ રજીસ્ટરની ચકાસણી કરાશે

**અબતક, જામનગર**

ચૂંટણી ખર્ચના હિસાબો સાચા અને ખરા લખવામાં આવે અને ખર્ચ નક્કી કરવામાં આવેલા મર્યાદામાં જ થાય તે કાયદાકીય જોગવાઈ અનુસાર અત્યંત જરૂરી છે. આ અનુસંધાને ભારતના ચૂંટણી પંચ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ અંગેની સૂચનાઓ મુજબ ચૂંટણી અધિકારીઓએ પ્રત્યેક ઉમેદવારના ખર્ચ રજીસ્ટરની ૩ વખત તપાસણી કરવાની રહે છે. જે ચકાસણી તારીખ ૨૫/૦૪/૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે, બીજી ચકાસણી તારીખ ૩૦/૦૪/૨૦૨૪ ના સવારે ૧૧:૩૦ કલાકે અને ત્રીજી ચકાસણી તારીખ ૦૫/૦૫/૨૦૨૪ ના સવારે ૧૧:૩૦ કલાકે કોન્ફરન્સ હોલ, ૭ મો માળ, જિલ્લા પંચાયત, જામનગર ખાતે યોજાશે.

જેમાં ૧૨-જામનગર લોકસભા મતદાર વિભાગમાં ઉમેદવારી નોંધાયેલા હોય, તો તેઓએ જાતે અથવા ચૂંટણી એજન્ટ મારફત ચૂંટણી ખર્ચના હિસાબોની ચકાસણી માટે ઉપસ્થિત રહેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. વિશેષમાં ઉક્ત બેઠકમાં ચૂંટણી અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલા ખર્ચના હિસાબોના નિયત નમૂનાના રજિસ્ટરના પાના નંબર-૧ ઉપર દર્શાવેલા ક્રમ નંબર ૧ થી ૮ ની તમામ વિગતો ભરીને તે અસલ રજીસ્ટર, અસલ વાઉચરો અથવા બિલ, ચૂંટણી ખર્ચ માટેના બેન્ક ખાતાની પાસબુક, નિયત નમુનાનું અસલ સોગંદનામું તથા અન્ય સંબંધિત દસ્તાવેજો કે કાગળો સાથે ઉપસ્થિત રહેવા માટે ચૂંટણી અધિકારીશ્રી, ૧૨-જામનગર સંસદીય મતદાર વિભાગ અને કલેકટર , દ્વારા જણાવવામાં આવ્યું છે.

## ગોકુલ નગરની નવોઢાનો રહસ્યમય સંજોગોમાં આપઘાત

### આઠ માસ પૂર્વે પ્રભુતામાં પગલા માંડનાર યુવતિએ ફાંસો ખાઈ જીવન ટુંકાવતા પરિવારમાં શોક

**અબતક, જામનગર**

જામનગરના ગોકુલ નગર વિસ્તારમાં રહેતી એક નવ પરણીતાએ પોતાના ઘેર રહસ્યમય સંજોગોમાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જિંદગીનો અંત લાવી દીધો છે. જે મામલે પોલીસ ઊંડાણપૂર્વકની તપાસ ચલાવે છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરના ગોકુલ નગર વિસ્તારમાં શેરી નંબર -૧૨ માં રહેતી દયાબેન સંજયભાઈ ચૌહાણ નામની ૨૦ વર્ષ ની દેવીપુજક યુવતીએ ગઈકાલે પોતાના ઘેર લોખંડના પાઈપ માં દુપટ્ટો બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

આ બનાવ અંગે મૃતક નાકસંબંધી રમેશભાઈ મનજીભાઈ ચૌહાણએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝન પોલીસ સબ ઈન્સ્પેકટર એમ.વી.દવે ઘટના સ્થળે દોડી ગયા હતા, અને વૃદ્ધ ના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક યુવતીના માત્ર આઠ માસ પહેલા જ લગ્ન થયા હતા, અને પોતાના ઘેર રહસ્યમય સંજોગોમાં આપઘાત કરી લીધો હોવાથી પોલીસ દ્વારા મૃતકના પરિવારજનોના નિવેદનો નોંધવાનું શરૂ કર્યું છે.

### સુપ્રસિદ્ધ બાલા હનુમાન મંદિરે ૬૦ વર્ષથી અવિરત અખંડ ધૂન

# છોટી કાશીએ અંજનીના જાયાની ભાવપૂર્વક ઉજવણી કરી

## બટુક ભોજન, મહાઆરતી-પ્રસાદ સહિતના ધાર્મિક કાર્યક્રમ યોજાયા





**અબતક, જામનગર**

‘છોટીકાશી’ કહેવાતા જામનગરમાં આજે હનુમાન જયંતિની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. હનુમાન મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તોની ભીડ જામી હતી.

ગીનેશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામેલા સુપ્રસિદ્ધ શ્રી બાલા હનુમાન મંદિર, શ્રી દાંડીયા હનુમાન મંદિર, શ્રીરામદુત હનુમાનજી મંદિર, શ્રી સૂર્યમુખી હનુમાન મંદિર, શ્રી લીંબડીયા હનુમાન મંદિર સહિતનાં વિવિધ પ્રસિદ્ધ-પ્રાચીન મંદિરોએ હનુમાનજીની આરાધના માટે વિશેષ આયોજનો થયા હતાં, તેમજ ભક્તોમાં કેળાનાં પ્રસાદ તેમજ બુંદી ગાંઠિયાનાં વિતરણ, અન્નકૂટ ઉત્સવ તથા બટુક ભોજન સહિતનાં આયોજનો પણ થયા હતાં.

શેરી-ગલીઓમાં પણ આવેલ હનુમાનજીની ડેરીઓમાં પણ સ્થાનિકો દ્વારા હનુમાન ચાલીસાનાં પાઠ, સુંદરકાંડ પાઠ વગેરે ધર્મકાર્યો તથા વાડીઓમાં બટુક ભોજનનાં કાર્યક્રમો યોજી ધર્મોત્સવ ઉજવાયો હતો.

પવનચક્કી પાસે કિસાન ચોક નજીક આવેલ શ્રી ફુલિયા હનુમાનજીનાં ૪૫૦ વર્ષથી વધુ પ્રાચીન મંદિરે હનુમાન જયંતિનાં દિને ભક્તોનું ઘોડાપૂર ઉમટે છે. અહીં હનુમાન જયંતિ પર પૂજારી પર હનુમાનજી કૃપા કરતા હોવાની માન્યતા છે જેનાં પ્રતાપે પૂજારી સિંદૂરપાન કરે છે અને ભક્તોને આશીર્વાદ પાઠવે છે. આજે પણ વહેલી સવારે પૂજારી પર હનુમાનજીનાં શકિતપાતનાં અવસરનાં સાક્ષી બનવા ફુલીયા હનુમાન મંદિરે હજારો ભક્તો ઉમટી પડ્યા હતાં. પૂજારી દ્વારા હનુમાનજીની આજ્ઞા લઈ સિંદૂરપાન કરવામાં આવ્યું હતું. આ તકે પૂજારી નાં દેહમાં પ્રચંડ ચૈતન્યનો પ્રવેશ થયો હોવાની શ્રદ્ધા સાથે ભક્તોએ આશીવાર્દ મેળવ્યા હતાં. ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, દંડક કેતનભાઈ નાખવા સહિતનાં અગ્રણીઓ તથા બહારગામથી આવેલા સેંકડો હનુમાન ભક્તો સહિત હજારો શ્રદ્ધાળુઓએ આ અવસરનાં સાક્ષી બન્યા હતા પૂજારીની ભાવ ભંગિમાઓમાં હનુમાનજીનાં પ્રતાપની ઝાંખી અનુભવી હનુમાન ભક્તિમાં શિષ ઝૂકાવ્યું હતું.

# હમ નહિ સુધરેંગે

# ફકત છેલ્લા ૧૫ માસમાં ૧૪૧૧૭ કેસો દ્વારા લોકોએ રૂ. ૭.૪૧ કરોડનો આર.ટી.ઓ.ને 'ચાંદલો' કર્યો

## નિયમોના ઉલ્લંઘનમાં ઓવરલોડીંગ અવ્વલ નંબરે ૨૫૮૪ કેસો મારફત રૂ. ૩.૪૫ કરોડનો દંડ વસુલાયો




**અબતક, રાજકોટ**

હરવા-ફરવા અને ખાવા-પીવાના શોખીન રાજકોટીયન્સ ફકત રંગીલા જ નહિ પણ 'નિયમતોડ' પણ બની ગયાં હોય તેવા આંકડા સામે આવ્યા છે. રાજકોટ શહેર-જિલ્લાના રાજકોટીયન્સ પાસેથી ૧૫ માસમાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ ફકત આરટીઓ દ્વારા જ રૂ. ૭.૪૭ કરોડનો દંડરૂપી 'ચાંદલો વસુલવામાં આવ્યો છે.

શહેર-જિલ્લામાં ટ્રાફિકના નિયમોની જાગૃતતા માટે પોલીસ-આરટીઓ તંત્ર દ્વારા સેમિનારથી માંડી સઘન ચેકીંગ ડ્રાઇવનું અવાર નવાર આયોજન કરવામાં આવે છે પરંતુ 'હમ નહિ સુધરેંગે' માફક ટ્રાફિક નિયમોનો સરેઆમ ઉલાળીયો કરવાથી બાજ નહિ આવતા રાજકોટીયન્સને કરોડો રૂપિયામાં દંડિત કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગત અનુસાર જાન્યુઆરી ૨૦૨૩ થી માંડી માર્ચ ૨૦૨૪ સુધીના ૧૫ માસના સમયગાળામાં આરટીઓ તંત્ર દ્વારા ૧૪,૧૧૭ કેસો કરવામાં આવ્યા છે અને આ કેસો મારફત રૂ. ૭,૪૭,૯૫,૯૪૧નો દંડ વસુલવામાં આવ્યો છે. નિયમોના ઉલ્લંઘનમાં ગુડ્સ કેરિયર વાહનો વિરુદ્ધ ૨૫૮૪ કેસો કરીને સૌથી વધુ રૂ. ૩,૪૫,૮૩,૮૬૭ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત ઓવર ડાયમેંશનના ૧૨૫૬ કેસો કરીને રૂ. ૭૪,૧૭,૪૭૩નો દંડ વસુલવામાં આવ્યો છે.

અન્ય કેસોની જો વાત કરવામાં આવે તો કલેન્ડેસ્ટાઇન ઓપરેશન બદલ ૮૬૯ કેસો કરવામાં આવ્યા છે જે બદલ રૂ. ૮૧,૪૪,૦૦૦નો દંડ વસુલાયો છે. ટેકસચોરી કરનાર ૨૭૧ વાહનોને રૂ. ૯,૫૨,૩૪૫૭ નો દંડ ફટકારવામાં આવ્યો છે. રેડિયમ રીફલેકટર બદલ આરટીઓ દ્વારા ૧૪૨૫ કેસો લરીને ૧૪,૩૪,૦૦૦નો દંડ વસુલવામાં આવ્યો છે. થર્ડ પાર્ટી વિમા વગર દોડતા ૧૪૬૧ વાહનો ઝડપી ૨૯,૨૦,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

બેફામ અને પૂરપાટ દોડતા ૧૨૭૯ વાહનોને ઓવરસ્પીડીંગ બદલ ૨૫,૦૯,૬૨૨ નો દંડ ફટકારવામાં આવ્યો છે. પીયુસી વિનાના ૧૭૭૬ વાહનના માલિકો પાસેથી રૂ. ૮૮,૦૦૦ નો દંડ વસુલવામાં આવ્યો છે. ફિટનેશ સર્ટિફિકેટ વગર દોડતા ૧૧૧૧ વાહનો પાસેથી ૫૫,૫૫,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. સીટબેલ્ટ, હેલ્મેટ, મોબાઇલ પર વાત કરવાના ૧૦૦૫ કેસો કરીને રૂ. ૫,૦૨,૫૦૦ નો દંડ જયારે અંડર એજ ડ્રાયવિંગ, ભયજનક રીતે વાહન ચલાવવા બદલ ૩૭૦ ચાલકોને રૂ. ૮,૬૯,૫૨૨ નો દંડ કરવામાં આવ્યો છે. તેમજ અન્ય ગુનાઓના ૭૧૦ કેસો કરીને આરટીઓ તંટે દ્વારા ૪,૪૮,૫૦૦ નો દંડ વસુલાયો છે.

| ગુનાનો પ્રકાર | કેસ | દંડની રકમ |
|---|---|---|
| ★ ઓવર લોડ | ૨૫૮૪ | ૩૪૫૮૩૮૬૭ |
| ★ ઓવર ડાયમેન્શન | ૧૨૫૬ | ૭૪૧૭૪૭૩ |
| ★ ક્લેન્ડેસ્ટાઇન ઓપરેશન | ૮૬૯ | ૮૧૪૪૦૦૦ |
| ★ ટેક્સચોરી | ૨૭૧ | ૯૫૨૩૪૫૭ |
| ★ રેડિયમ રીફ્લેક્ટર | ૧૪૨૫ | ૧૪૩૪૦૦૦ |
| ★ થર્ડ પાર્ટી વિમા વગરના વાહન | ૧૪૬૧ | ૨૯૨૦૦૦૦ |
| ★ ઓવર સ્પીડીંગ | ૧૨૭૯ | ૨૫૦૯૬૨૨ |
| ★ પીયુસી વિનાના વાહન | ૧૭૭૬ | ૮૮૦૦૦ |
| ★ ફિટનેશ વગરના વાહન | ૧૧૧૧ | ૫૫૫૫૦૦૦ |
| ★ સીટબેલ્ટ, હેલ્મેટ, મોબાઇલ પર વાત કરવી | ૧૦૦૫ | ૫,૦૨,૫૦૦ |
| ★ અન્ડર એજ ડ્રાઇવીંગ ભયજનક રીતે વાહન ચલાવવું | ૩૭૦ | ૮૬૯૫૨૨ |
| ★ અન્ય ગુનાઓ | ૭૧૦ | ૪૪૮૫૦૦ |
| | કુલ કેસ – ૧૪૧૧૭ | કુલ રકમ – ૭,૪૭,૯૫,૯૪૧ |




### પૂરપાટ દોડતા વાહનો અને એલઇડી લાઇટ્સ બદલ ૧૫૯ કેસો કરી રૂ. ૩ લાખથી વધુનો દંડ

પૂરપાટ દોડતા વાહનોને કારણે અકસ્માતનું જોખમ વધી જતું હોય ત્યારે આરટીઓ તંત્ર દ્વારા હવે સ્પીડગન મારફત કેસો કરાઈ રહ્યા છે. ગત એક જ અઠવાડીયામાં આરટીઓ તંત્ર દ્વારા સ્પીડગન મારફત કુલ ૧૫૦ જેટલાં કેસો કરીને રૂ. ૩ લાખ જેટલો દંડ ફટકારવામાં આવ્યો છે. આ ઉપરાંત વાહનમાં વધારા મણી એલઈડી લાઈટ્સ લગાવીને ફરતા વહનચાલકો વિરુદ્ધ પણ કેસ કરીને દંડની વસુલાત કરાઈ રહી છે.


# શનિવારથી ગુજરાતમાં વડાપ્રધાન મોદી, અમિત શાહ કરશે ઝંઝાવાતી પ્રચાર

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહ ૨૭ એપ્રિલે રાજકોટના જામકંડોરણા ખાતે, પોરબંદર લોકસભાના ઉમેદવારના પ્રચારમાં જાહેર સભાને કરશે સંબોધન



**અબતક, રાજકોટ**

દેશમાં સાત તબક્કામાં યોજાનાર લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાનું મતદાન પૂરું થતાં ભાજપના રાષ્ટ્રીય નેતાઓ ગુજરાતની ૨૬ પૈકી ૨૫ બેઠકો માટે ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર શરૂ કરશે. ગુજરાતના સ્થાપના દિનના દિવસે જ પોતાના કાર્પેટ બોમ્બિંગનો વડાપ્રધાન નરેન્દ્ર મોદી આરંભ કરે તેવી રીતે આયોજન કરાયું છે. વડાપ્રધાન ૧-૨ મે એમ બે દિવસમાં જ ૭ જાહેરાસભાઓ ગજવશે અને સંભવતઃ વડોદરામાં રોડ શો પણ કરી શકે છે. વડાપ્રધાનના પ્રવાસ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહ પણ ત્રણ દિવસ પોતાના હોમ સ્ટેટમાં ભાજપના પ્રચાર માટે આવવાના છે.ગુજરાતમાં ત્રીજા તબક્કામાં એટલે કે ૭ મેના રોજ મતદાન યોજાશે. ૫ મેના રોજ પ્રચાર પડઘમ શાંત થાય એ પહેલાં ભાજપ પોતાના રાષ્ટ્રીય નેતાઓના પ્રચાર પ્રવાસનો ગોઠવીને લાંબા સમયથી પ્રવર્તતા નિરસ પ્રચારમાં ગરમી આણશે. આમ તો હાલ રાજ્યમાં ગરમીનો પ્રકોપ છે અને મોટાભાગના ઉમેદવારો સવારથી બપોર અને સાંજથી રાત સુધી નાની નાની સભાઓ, બેઠકો, સામાજિક બેઠકો યોજી પ્રચાર કરી રહ્યા છે. ભાજપમાંથી મળેલી જાણકારી મુજબ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ તા.૨૭થી ૨૯ એપ્રિલ દરમિયાન દાહોદ, પંચમહાલની એક સંયુક્ત સભા યોજશે. અમિતભાઈ બારડોલીથી ૨૭મીએ પોતાનો પ્રચાર પ્રવાસ શરૂ કરશે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પણ અમિતભાઈની સભાઓ ગોઠવાઈ રહી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના સ્થાપના દિને જૂનાગઢથી પ્રચાર પ્રવાસનો આરંભ કરે એવી રીતે આયોજન થયું છે. વડાપ્રધાન ૧લીએ બનાસકાંઠા અને આણંદમાં સભા ગજવશે. ૨ તારીખે સુરેન્દ્રનગર, બનાસકાંઠા, ભરૂચમાં સભા ગજવી વડોદરામાં રોડ શો કરશે. વડાપ્રધાનનો પ્રવાસ દક્ષિણ ગુજરાતની બેઠકો સિવાય કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતને આવરી લેશે. જેમાં દરેક સભામાં આસપાસની ત્રણ-ચાર બેઠકોને આવરી લેવાશે.દેશમાં સૌ પ્રથમ સુરત



(અનુ. આઠમા પાને)

### આરટીઈનો બીજો રાઉન્ડ બે દિવસમાં જાહેર થાય તેવી શક્યતા

**અબતક, રાજકોટ**

રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત રાજ્યના ૩૯૯૭૯ વિદ્યાર્થીઓને ધો.૧માં પ્રવેશ ફાળવણી કરવામાં આવ્યા બાદ તેમને પ્રવેશ કન્ફર્મ કરાવવની મુદત પૂર્ણ થઈ છે. અંદાજે ૩૦ હજાર કરતા વધુ વાલીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા હોવાનું જાણવા મળે છે. જોકે, ચોક્કસ આંકડો મંગળવારે જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. આ સાથે જ આગામી એક- બે દિવસમાં આરટીઈના બીજા પ્રવેશ રાઉન્ડની પણ જાહેરાત કરવામાં આવી શકે છે. જે વાલીઓએ પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળ્યો હતો, પરંતુ પ્રવેશ કન્ફર્મ કરાવ્યો નથી તેમને બીજા રાઉન્ડમાં પ્રવેશ માટે હકદાર રહેશે નહીં. રાજ્યની ખાનગી પ્રાથમિક શાળાઓની ૨૫ ટકા પ્રમાણે ધો.૧માં પ્રવેશ ફાળવવા માટે ઓનલાઈન ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. જેમાં ચાલુ વર્ષે રાજ્યની ૯૮૨૮ પ્રાથમિક શાળાઓની ૪૫૧૭૦ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં સમગ્ર રાજ્યમાંથી ૨૩૫૩૮૭ ફોર્મ ભરાયા હતા. ફોર્મની ચકાસણીના અંતે ૧૭૨૬૭૫ ફોર્મ માન્ય રહ્યા હતા. જ્યારે ૧૫૩૧૯ ફોર્મ અધુરા દસ્તાવેજો જેવા જુદા જુદા કારણોસર અમાન્ય રહ્યા હતા. જ્યારે ૪૭૩૯૩ ફોર્મ અરજદારો દ્વારા કેન્સલ કરવામાં આવ્યા હતા. ફોર્મ ભરવા અને ચકાસણીની કાર્યવાહી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિ.મી.ની ત્રિજ્યાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને

(અનુ. આઠમા પાને)

# ૧૨.૨૦ લાખ લોકો કરશે પ્રથમવાર મતદાન

### ૧૮થી ૨૯ વર્ષની વય જૂથના કુલ ૧,૧૬,૦૬,૧૮૮ યુવા મતદારો નોંધાયા

**અબતક, અમદાવાદ**

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો માટેની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની ખાલી પડેલી ૫ બેઠકોની પેટાચૂંટણી ૭મી મેના રોજ યોજાશે. આ ચૂંટણી માટે રાજ્યમાં કુલ ૪,૯૭,૬૮,૬૭૭ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. જેમાં ૨,૫૬,૧૬,૫૪૦ પુરૂષ, ૨,૪૧,૫૦,૬૦૩ સ્ત્રી અને ત્રીજી જાતિના ૧,૫૩૪ મતદારોનો સમાવેશ થાય છે. આ આખરી મતદાર યાદીમાં સામેલ ૧૮થી ૧૯ વર્ષની વય ધરાવતા ૧૨,૨૦,૪૩૮ મતદારોને પ્રથમ વખત મતદાનની તક મળશે. જ્યારે ૧૮થી ૨૯ વર્ષની વય જૂથના કુલ ૧,૧૬,૦૬,૧૮૮ યુવા મતદારો મતદાન કરશે. ૮૫ વર્ષથી વધુ વય ધરાવતા વરિષ્ઠ મતદારોની કુલ સંખ્યા ૪,૧૯,૫૮૪ છે. રાજ્યમાં ૧૦,૦૩૬ મતદારો શતાયુ એટલે કે ૧૦૦ વર્ષ કે તેનાથી વધુ વયના છે. ૩,૭૫,૬૭૩ મતદારોને દિવ્યાંગ મતદાર તરીકે અલગ તારવાયા છે. રાજ્યમાં મતદાતાની સંખ્યા મુજબ સૌથી મોટી લોકસભા બેઠક નવસારી છે, જેમાં ૨૨,૨૩,૫૫૦ મતદારો છે, જ્યારે ભરૂચ લોકસભા બેઠકમાં સૌથી ઓછા ૧૭,૨૩,૩૫૩ મતદારો છે. રાજ્યમાં કુલ ૨૭,૫૫૫ સેવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. સાથે જ વિદેશમાં વસતા ભારતીય મતદારો પણ ગુજરાતમાં પોતાના રહેઠાણના વિસ્તાર સંબંધિત મતદાનમથક ખાતે મત આપી શકે છે. અંતિમ મતદાર યાદીમાં વિદેશમાં વસતા ૯૦૦ મતદારો નોંધાયા છે.રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી પી.ભારતીના કહેવા મુજબ, ચૂંટણીમાં મતદાન માટે ગત ૧૫મી માર્ચ સુધી અરજી કરનાર નાગરિકોને મતદાર ફોટો ઓળખકાર્ડનું વિતરણ પૂર્ણ કરવામાં આવ્યું છે. ત્યારબાદ અરજી કરનાર નાગરિકોને EPIC કાર્ડ ઝડપથી પહોંચાડી દેવાશે. જોકે, EPIC કાર્ડ ન મળ્યું હોય પણ મતદાર નોંધણીની અરજી સાથે મોબાઈલ નંબર આપેલો હોય તો e-EPIC ડાઉનલોડ કરી શકાય છે અને e-EPICની પ્રિન્ટને ઓળખના પુરાવા તરીકે માન્ય

(અનુ. આઠમા પાને)

**મતદારોની સંખ્યા**

| | |
|---|---|
| ૨,૫૬,૧૬,૫૪૦ | પુરૂષ |
| ૨,૪૧,૫૦,૬૦૩ | સ્ત્રી |
| ૧,૫૩૪ | ત્રીજી જાતિના |

### ૨૨,૭૦૧ મતદારો હોમ વોટિંગ કરશે

૧૧મી એપ્રિલે સુધીમાં અબતયક્ષચિંય ટજ્ઞચિંતિ ઈફચિંલજ્ઞમિં ૮૫ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા ૧૮,૪૯૦ વરિષ્ઠ મતદારો તેમજ ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા ૪,૨૧૧ દિવ્યાંગ મતદારો મળી કુલ ૨૨,૭૦૧ મતદારોએ હોમ વોટિંગ માટે અરજી કરી છે. આજથી હોમ વોટિંગની પ્રક્રિયા શરૂ કરાશે.



# બે દિવસમાં ગરમીનો પારો ફરી ૪૩ ડિગ્રીએ પહોંચવાની શક્યતા

## સતત તાપમાન ઘટાડા બાદ બે દિવસથી તાપમાનમાં સતત વધારોઃ રાજકોટનું તાપમાન વધી ૩૯.૭ ડિગ્રી પર પહોંચ્યું

**અબતક, રાજકોટ**

સતત તાપમાન ઘટાડા બાદ બે દિવસથી તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે જેના કારણે ગુજરાતમાં ફરી એક વખત કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ગઈ હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે.

ત્યારે રાજકોટનું તાપમાન વધી ૩૯.૭ ડિગ્રી પર પહોંચી ગયું હતું.

હવામાન વિભાગે જણાવ્યું છે કે, આગામી ત્રણ દિવસ યથાવત્ રહ્યા બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થશે. તેથી ગુજરાતમાં ફરી એક વખત ગરમીનો પારો ૪૩ ડિગ્રીની આસપાસ પહોંચી શકે છે.

છેલ્લા એક સપ્તાહ દરમિયાન વાતાવરણમાં ગરમીનું પ્રમાણ ઓછું રહ્યા બાદ આજથી મોટા ભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ પહોંચી ગયા હતા.

જેના કારણે બપોરના સમયે અંગ દઝાડતી ગરમીનો અહેસાસ થયો હતો. આજે ૪૦.૭ ડિગ્રી સાથે વલ્લભ વિદ્યાનગર રાજયનું સૌથી હોટ શહેર બન્યું હતું. બપોરે અંગ દઝાડતી ગરમીથી બચવા માટે લોકોએ ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કર્યું હતું.

જેના કારણે ભરચક વિસ્તારમાં ટ્રાફિક પાંખો જોવા મળ્યો હતો. મોડી સાંજે ફરી ઠંડો પવન ફૂંકાતા લોકો બગીચા, રિવરફ્રન્ટ અને વિવિધ બ્રિજ પર ટહેલવા નીકળી પડ્યા હતા. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, ગુજરાતમાં હાલ ઉત્તર પશ્ચિમની દિશામાં હવા ફૂંકાઈ રહી છે. આ સાથે કેટલાક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ પણ છવાયેલું છે તો બીજી બાજુ કાળઝાળ ગરમી પડી રહી છે.

અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં આગામી ૨૪ કલાકમાં ૪૦ ડિગ્રી તાપમાન રહેવાની શક્યતા છે.

એટલે શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં તાપમાન વધવાની શક્યતા છે. ગુજરાતમાં આગામી બે દિવસ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની આગાહી નથી, પરંતુ તે બાદ મહત્તમ તાપમાનમાં એકથી ચાર ડિગ્રી તાપમાન વધવાની શક્યતા છે.



રાજયમાં ૨૫મી એપ્રિલ બાદ તાપમાનનો પારો ૪૧ ડિગ્રીને પાર જતા ગરમી વધવાની શક્યતા છે. જયારે અમદાવાદ સહિત રાજયભરમાં આગામી ચાર દિવસ ગરમીમાં વધારો થવાની સંભાવના નહિવત્ છે. જો કે ત્યારબાદ તાપમાનમાં વધારો થતા ગરમીનો વધુ એક રાઉન્ડ શરૂ થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરાઈ છે.

| | |
|---|---|
| અમદાવાદ | ૩૯.૬ |
| ડીસા | ૩૮.૪ |
| ગાંધીનગર | ૩૯.૬ |
| વીવી નગર | ૪૦.૭ |
| વડોદરા | ૩૯.૨ |
| સુરત | ૩૮.૨ |
| ભુજ | ૩૯.૨ |
| અમરેલી | ૩૯.૬ |
| ભાવનગર | ૩૮.૨ |
| રાજકોટ | ૩૯.૭ |
| સુરેન્દ્રનગર | ૩૯.૭ |
| કેશોદ | ૩૭.૫ |
| મહુવા | ૩૮.૦ |